દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 131 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 June 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૪ જૂન ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આઈપીએલઃ બેંગલૂરુ પહેલી વાર ચૅમ્પિયન

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹88,920/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## અમદાવાદમાં આરસીબીના નામની આતશબાજી ગૂંજી ઊઠીઃ કોહલી ૧૮મા વર્ષે ટ્રોફી અપાવવામાં સફળ, ઈશ્વરનો આભાર માન્યો

અમદાવાદઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ અહીં પંજાબ કિંગ્સ (પીબીકેએસ)ને મંગળવારે રાત્રે આઇપીએલ-૨૦૨૫ની ફાઇનલમાં છ રનથી હરાવીને ૧૮ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર ક્રિકેટ જગતની આ સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટનું ટાઇટલ જીતી લીધું હતું. પંજાબને પણ પ્રથમ વખત ટાઇટલ જીતવાની સુવર્ણ તક હતી જે એણે ગુમાવી હતી. બેંગલૂરુએ પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૯૦ રન બનાવ્યા હતા જેના જવાબમાં પંજાબની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૪ રન કરી શકી હતી. રજત પાટીદાર પહેલી વાર આરસીબીનો સુકાની બન્યો અને આ ટીમને ટ્રોફી અપાવી.

પંજાબને ૨૦મી ઓવરમાં ૨૯ રનની જરૂર હતી, પરંતુ અનુભવી ઑસ્ટ્રેલિયન બોલર જૉશ હૅઝલવૂડે પહેલા બે ડૉટ બૉલ સાથે શશાંક સિંહને લાચાર બનાવી દીધો હતો અને ત્રીજા બૉલથી શશાંકે ફટકાબાજી કરીને ત્રણ સિક્સર, એક ફોરની મદદથી બાવીસ રન કર્યા હતા, પરંતુ ત્યારે પંજાબ માટે મોડું થઈ ગયું હતું. શશાંકના છ સિક્સર અને ત્રણ ફોર સાથેના અણનમ ૬૧ રન ટીમમાં હાઇએસ્ટ હતા જે છેવટે પાણીમાં ગયા હતા. જૉશ ઇંગ્લિસના ૩૯ રન સેકન્ડ-હાઇએસ્ટ હતા. સૌથી મોટું ૨૦ કરોડ રૂપિયાનું ઇનામ જીતનાર બેંગલૂરુની ટીમના કૃણાલ અને ભુવનેશ્વરે બે-બે વિકેટ તેમ જ યશ દયાલ, શેફર્ડ અને હૅઝલવૂડે એક-એક વિકેટ લીધી હતી. પ્રિયાંશ આર્ય ૨૪ રન અને પ્રભસિમરન ૨૬ રન બનાવી શક્યો હતો.

પંડ્યા-પરિવારમાં ટ્રોફી આવી ખરી. મુંબઈનો હાર્દિક પંડ્યા ચૂકી ગયો તો તેના મોટા ભાઈ કૃણાલ પંડ્યાએ બેંગલૂરુના પ્રથમ ચૅમ્પિયનપદમાં નામ લખાવ્યું.

બેંગલૂરુની ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૬ની સાલ બાદ આ ચોથી ફાઇનલ હતી જેમાં એણે ટ્રોફી જીતી છે. ટીમનો સુપરસ્ટાર ખેલાડી વિરાટ કોહલી ૧૮મા વર્ષે આરસીબીને ટ્રોફી અપાવવામાં સફળ થયો. તેણે મૅચ પછી ઈશ્વરનો તેમ જ સમગ્ર આરસીબી ટીમનો, આરસીબી પરિવારનો આભાર માન્યો હતો. આરસીબીએ બૅટિંગ મળ્યા બાદ જે ૧૯૦ રન કર્યા હતા એમાં કોહલીના ૪૩ રન હાઇએસ્ટ હતા. તે ટ્રોફી જીત્યા બાદ ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કાને ખૂબ ભેટચો હતો. આરસીબીના ભૂતપૂર્વ ખેલાડીઓ ક્રિસ ગેઇલ અને એબી ડિવિલિયર્સે પણ આ અવસરે ટીમના સાથીઓ જોડે ઉજવણી કરી હતી. આરસીબીના ખેલાડીઓની પત્નીઓ અને ગર્લફ્રેન્ડ્સ મેદાન પર આવીને સેલિબ્રેશન કર્યું હતું. ■



# ચાંદી ₹ ૨૬૯૯ ઊછળીને ₹ એક લાખને પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જનાં કૉમેક્સ વિભાગ પર ગઈકાલે ટ્રેડ વૉરની ચિંતા વચ્ચે હાજરમાં સોનાના ભાવ ૨.૭ ટકા ઉછળીને ચાર સપ્તાહની ટોચે પહોંચ્યા હતા, પરંતુ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલો ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા નબળો પડીને ૮૫.૬૧ના મથાળે બંધ રહેતાં સોનાની આયાત પડતરો વધી આવતા હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૬થી ૧૮૭ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૬૯૯ના ઉછાળા સાથે રૂ. એક લાખની સપાટી કુદાવી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આંતરરાષ્ટ્રીય બજારમાં ગઈકાલે ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૪ ડૉલરની સપાટી કુદાવી ગયા હોવાથી આજે સ્થાનિકમાં પણ સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૬૯૯ના ઝડપી ઉછાળા સાથે રૂ. ૧,૦૦,૪૬૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈ અને ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૬ વધીને રૂ. ૯૬,૪૭૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૭ વધીને રૂ. ૯૬,૮૬૭ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી મર્યાદિત રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ શુષ્ક

(જુઓ પાનું ૨) ▶▶

# દેશમાં કોવિડના દરદીઓની સંખ્યા ૪૦૨૬ થઈ

## મહારાષ્ટ્ર બીજા, ગુજરાત ત્રીજા ક્રમે

નવી દિલ્હીઃ ભારતમાં કોવિડ-૧૯ના સક્રિય કેસનો આંકડો ૪,૦૦૦ને પાર કરી ગયો છે. દેશમાં કોવિડના દરદીઓની સંખ્યાને મામલે કેરળ ટોચના સ્થાને તો મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હી ત્યાર પછીના ક્રમે હોવાનું આરોગ્ય ખાતા દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

દેશમાં હાલ કોવિડના સક્રિય કેસની સંખ્યા ૪,૦૨૬ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડને કારણે વધુ પાંચ જણનાં મૃત્યુ થયાં હોવાનું બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

જાન્યુઆરી મહિનાથી અત્યાર સુધીમાં દેશમાં કોરોનાને કારણે ૩૭ જણનાં મોત થયાં હોવાનું

(જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈથી ગ્વાલિયર પરત ફરેલી વ્યક્તિ કોરોના પૉઝિટિવ જણાઈ આવી

ગ્વાલિયર (મધ્ય પ્રદેશ)ઃ મુંબઈથી ગ્વાલિયર પરત ફરેલી ૫૩ વર્ષની એક વ્યક્તિ કોરોના પૉઝિટિવ જણાઈ આવી હતી અને તેને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવી હતી. જોકે તેની તબિયત સારી હોવાનું અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું.

આરોગ્ય અધિકારીઓને સોમવારે સાંજે કોવિડ-૧૯ના કેસ અંગે માહિતી મળી હતી, એમ ચીફ મેડિકલ ઍન્ડ હૅલ્થ ઑફિસર (સીએમએચઓ) ડૉ. સચિન શ્રીવાસ્તવે કહ્યું હતું.

૫૩ વર્ષની વ્યક્તિ બે દિવસ અગાઉ

(જુઓ પાનું ૨) ▶▶

## અમદાવાદમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૦ કેસ નોંધાયા એસપી હિમકરસિંહ પણ પોઝિટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. અમદાવાદના વિવિધ વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૦ કેસ નોંધાયા હતા. શહેરમાં કુલ કેસનો આંકડો ૩૩૦ પર પહોંચ્યો છે. હાલ ૨૪૧ એક્ટિવ કેસ છે અને ૮૮ જેટલા લોકો ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે. અમદાવાદના મધ્ય ઝોનમાં ૪, પશ્ચિમ ઝોનમાં ૭૦, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૭૭, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૪૭, ઉત્તર ઝોનમાં છ, પૂર્વ ઝોનમાં ૧૭, દક્ષિણ ઝોનમાં ૨૦ એક્ટિવ કેસ છે.

આ ઉપરાંત રાજકોટમાં પણ આઠ નવા કેસ નોંધાયા હતા. રાજકોટ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ કોરોના

(જુઓ પાનું ૨) ▶▶

# ઈશાન ભારતમાં પૂરથી લાખો લોકોને અસર

### જાનમાલને ભારે નુકસાન



**પૂરઃ** ભારે વરસાદ બાદ આસામના મોરિગામ જિલ્લાના માયાન્ગ ગામમાં મંગળવારે પૂરનાં પાણી ફરી વળ્યાં બાદ તેમાંથી માર્ગ કાઢી રહેલા શાળાના વિદ્યાર્થીઓ. (એજન્સી)

ગુવાહાટીઃ ઈશાન ભારતના રાજ્યો-આસામ, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ અને મણિપુરમાં પૂરની પરિસ્થિતિ વણસી છે. જાનમાલને ભારે નુકસાન થયું છે. અનેક સ્થળે ભેખડો ધસી પડી છે અને હજારો ઈમારતોને ભારે નુકસાન થયું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈશાન ભારતના રાજયોના મુખ્ય પ્રધાનને ફોન કરીને કેન્દ્ર તરફથી સહાય કરવાની ખાતરી આપી હતી.

આસામમાં મંગળવારે ભયાનક પૂર આવ્યાં હતાં. હવામાન ખાતાએ અનેક વિસ્તારોમાં વધુ વરસાદની આગાહી કરી છે ત્યારે ૨૦થી વધારે જિલ્લાના ૫.૩૫ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. મોદીએ મગળવારે આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમા સાથે ફોન પર વાતચીત કરીને કેન્દ્ર સરકારના સંપૂર્ણ મદદની ખાતરી આપી હતી. મુખ્ય પ્રધાન હિમંતા પૂરથી સૌથી વધારે અસરગ્રસ્ત કાચર જિલ્લાની મુલાકાતે છે. હવામાન ખાતાએ ધુબરીના ચાર જિલ્લા માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. વરસાદ

(જુઓ પાનું ૨) ▶▶

# ભારત દ્વારા રશિયાથી ક્રૂડ ઑઈલની મોટા પાયે આયાત

નવી દિલ્હીઃ ભારતની રશિયા પાસેથી ક્રૂડ ઑઇલની આયાત મે મહિનામાં વધીને ૧૦ મહિનાની ઉચ્ચસ્તર સપાટી ૧૯.૬ લાખ બેરલ પ્રતિ દિવસ પર પહોંચી ગઈ હતી. તેનું મુખ્ય કારણ વૈશ્વિક બેન્ચમાર્ક ભાવોની તુલનામાં રશિયન તેલ પર નોંધપાત્ર ડિસ્કાઉન્ટ હતું. આ માહિતી કેપ્લરના શિપિંગ પ્રવૃત્તિના ડેટામાંથી પ્રાપ્ત થઈ છે.

ભારત વિશ્વમાં ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઑઇલ આયાતકાર અને ગ્રાહક દેશ છે. તે વિદેશથી લગભગ ૫૧ લાખ બેરલ ક્રૂડ ઓઇલ ખરીદે છે, જેને રિફાઇનરીઓમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઇંધણમાં રૂપાંતરિત કરવામાં આવે છે.

ભારતના તેલ સપ્લાયર્સમાં રશિયાનો હિસ્સો ૩૮ ટકાથી વધુ છે. ભારત ઇરાકથી દરરોજ ૧૨ લાખ બેરલ ક્રૂડ ઓઇલ મેળવે છે. ઇરાક દેશનો બીજો સૌથી મોટો સપ્લાયર છે. સાઉદી અરેબિયા દરરોજ ૬,૧૫,૦૦૦ બેરલ આયાત કરે છે, જ્યારે સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) દરરોજ ૪,૯૦,૦૦૦ બેરલ સપ્લાય કરે છે. અમેરિકાએ દરરોજ ૨,૮૦,૦૦૦ બેરલ ક્રૂડ

(જુઓ પાનું ૨) ▶▶



# ભારતે માત્ર આઠ કલાકમાં પાકને ઘૂંટણિયે પાડ્યુંઃ જનરલ ચૌહાણ

પુણેઃ ભારતે માત્ર આઠ કલાકમાં પાકને ઘૂંટણિયે પાડી વાટાઘાટ કરવા માટે મજબૂર કરી દીધું હતું એમ જણાવતાં ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ ચૌહાણે કહ્યું હતું કે યુદ્ધમાં નુકસાન નહિ, પણ પરિણામ મહત્ત્વનું હોય છે.

વ્યાવસાયિક અભિગમ અપનાવતી સેના પર કામચલાઉ પીછેહઠની કોઈ અસર પડતી નથી કેમ કે તેમના માટે યુદ્ધનું અંતિમ પરિણામ જ મહત્ત્વનું હોય છે, એમ તેમણે કહ્યું હતું.

ભારત પર હજારો પ્રહાર કરીને તેને લોહી નીતરતું કરી દેવાની પાકિસ્તાનની નેમ હતી, પરંતુ ઑપરેશન સિંદૂર હાથ ધરીને ભારતે સરહદપારના આતંકવાદ વિરુદ્ધ સંપૂર્ણપણે નવો જ અભિગમ અપનાવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

પુણેસ્થિત સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સિટીમાં યોજાયેલા એક કાર્યક્રમને સંબોધન કરતાં જનરલ ચૌહાણે ઑપરેશન સિંદૂરના આરંભિક તબક્કામાં ભારતે અમુક કૉમ્બેટ જૅટ વિમાન ગુમાવ્યા હોવાની કરેલી કબૂલાતની કરાઈ રહેલી ટીકાને નકારી કાઢી હતી.

તેમણે કહ્યું હતું કે ભારતે અમુક કૉમ્બેટ જૅટ વિમાન ગુમાવ્યા હોવા અંગે જ્યારે મને સવાલ કરવામાં આવ્યો હતો ત્યારે મેં

(જુઓ પાનું ૨) ▶▶

# તુર્કીના દરિયાકાંઠે ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ

અંકારા : અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારે તુર્કીના દરિયાકાંઠાના શહેરમાં ૫.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. બારીઓ કે બાલ્કનીમાંથી કૂદીને ઘરમાંથી બહાર નીકળવાના કારણે ડઝનેક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે જ્યારે એક કિશોરીનું હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પછી મૃત્યુ થયું હતું.

જોકે, કોઈ મોટું નુકસાન થયું નથી.

ડિઝાસ્ટર એન્ડ ઇમરજન્સી મેનેજમેન્ટ પ્રેસિડેન્સીએ જણાવ્યું હતું કે ભૂકંપ સવારે ૨:૧૭ વાગ્યે આવ્યો હતો અને તેનું

(જુઓ પાનું ૨) ▶▶

# યમુના નદીમાં ચાર છોકરી ડૂબી ગઈ

આગરાઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારે અહીં નાગલા નાથુ ગામ નજીક યમુના નદીમાં નહાતી વખતે ચાર કિશોરી ડૂબી ગઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, છ છોકરી સવારે ૧૦ વાગ્યાની આસપાસ નહાવા માટે નદીમાં ઉતરી હતી અને થોડીવારમાં જ ડૂબવા લાગી હતી. સ્થાનિક લોકોએ તેમાંથી બે છોકરીને બચાવી લીધી હતી, જ્યારે ચાર ડૂબી ગઈ હતી. સ્થાનિક લોકોએ તેમના મૃતદેહને પાછળથી બહાર કાઢ્યા હતા.

મૃતકોની ઓળખ દિવ્યા (૧૪), સંધ્યા (૧૨), શિવાની (૧૭) અને નૈના (૧૪)

(જુઓ પાનું ૨) ▶▶

# ઇઝરાયલી હુમલામાં ૨૭નાં મોત

રફાહ (ગાઝાપટ્ટી)ઃ પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓ અને સાક્ષીઓ કહે છે કે ઇઝરાયલી દળોએ મંગળવારે સહાય વિતરણ સ્થળ તરફ જતા લોકો પર ગોળીબાર કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૨૭ જણ માર્યા ગયા હતાં, જે ત્રણ દિવસમાં આવી ત્રીજી ઘટના છે.

ઇઝરાયલી દળોએ કહ્યું કે તેણે "થોડા વ્યક્તિગત શંકાસ્પદોની નજીક" ગોળીબાર કર્યો હતો જેઓ નિર્ધારિત માર્ગ છોડીને તેના દળો પાસે પહોંચ્યા હતાં અને ચેતવણીના ગોળીબારને અવગણ્યો હતો.

ઇઝરાયલી સૈન્યએ કહ્યું કે તે મંગળવારે જાનહાનિના અહેવાલોની

(જુઓ પાનું ૨) ▶▶



**યુદ્ધઃ** ઈઝરાયલે ગાઝાપટ્ટી પર કરેલા હવાઈ અને જમીની હુમલાએ પેલેસ્ટાઈનવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પાડી હતી. સોમવારે ગાઝા શહેરના એક વિસ્તારમાં નાશ પામેલી ઈમારતનાં કાટમાળથી ઘેરાયેલા પેલેસ્ટાઈનવાસીઓ. (એજન્સી)

# રાજસ્થાનમાંથી પાકનો જાસૂસ પકડાયો

જયપુર : રાજસ્થાન સરકારના એક કર્મચારીની પાકિસ્તાન માટે જાસૂસી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. અગાઉ જાસૂસી કરતો હોવાની શંકાના આધારે તેની અટક કરાઈ હતી.

પોલીસે માહિતી આપી હતી કે જૈસલમેર એમ્પ્લોયમેન્ટ ઑફિસમાં આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર તરીકે કામ કરી રહેલા શકુર ખાને સંવેદનશીલ, વ્યૂહાત્મક માહિતી પાકિસ્તાનને મોકલી હતી. આ સરકારી કર્મચારી લાંબા સમયથી શંકાસ્પદ પ્રવૃત્તિ કરવા માટે નજર હેઠળ હતો.

એજન્સીને નિરિક્ષણ દરમિયાન માલૂમ પડ્યું હતું કે તે પાકિસ્તાન હાઈ કમિશન અને ખાસ કરીને અહસાન-ઉર-રહિમ ઉર્ફે દાનિશ અને સોહેલ કુમાર સાથે કડી ધરાવતો હતો અને તેમના સતત સંપર્કમાં હતો, એવી માહિતી ઈસસ્પેકટર જનરલ વિષ્ણુકાંત ગુપ્તાએ

(જુઓ પાનું ૨) ▶▶

# ઓડિશામાંથી બ્રાઉન શુગર પકડાયું

ભુવનેશ્વર અને બાલાસોર (ઓડિશા) : ઓડિશાના બાલાસોર અને ખુર્દા જિલ્લામાં પોલીસ અને આબકારી જકાત ખાતાના દરોડામાં ચાર જણની ધરપકડ કરવામાં આવી હતી અને ૪૦ લાખ રૂપિયાની કિંમતનું બ્રાઉન શુગર પકડાયું હતું. બાતમીના આધારે પોલીસ અને આબકારી જકાત ખાતએ સોમવારે રાત્રે દરોડા પાડ્યા હતા અને ભોગરાઈ જગન્નાથપુર ચાકએરિયામાં ૧૪૫ ગ્રામ બ્રાઉન શુગર જપ્ત કર્યું હતું. પોલીસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે બે જણની ધરપકડ કરવામાં આવી હતી અને વધુ તપાસ ચાલુ છે. પકડાયેલા ડ્રગ્સની કિંમત ૧૫ લાખ રૂપિયા છે . કેફી દ્રવ્યો ઉપરાંત સાડાપાંચ હજાર રૂપિયાની રોકડ રકમ પણ જપ્ત કરવામાં આવી હતી. ■

# હરિદ્વારમાં જમીન કૌભાંડ

## ડીએમ સહિત ૧૦ અધિકારી સસ્પેન્ડ

દેહરાદૂનઃ ઉત્તરાખંડ સરકારે મંગળવારે કરોડો રૂપિયાના હરિદ્વાર જમીન કૌભાંડમાં કડક કાર્યવાહી કરતા બે આઇએએસ અને એક પીસીએસ સહિત સાત વધુ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. અધિકારીઓએ અહીં જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીના નિર્દેશ પર આ કેસમાં અત્યાર સુધીમાં ૧૦ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે બે કર્મચારીઓના સેવા વિસ્તરણને સમાપ્ત કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું હતું કે હરિદ્વારમાં કથિત જમીન કૌભાંડની તપાસ પૂર્ણ થયા બાદ હરિદ્વાર મ્યુનિસિપલ કોર્પોરેશનના તત્કાલીન પ્રશાસક અને વર્તમાન જિલ્લા મેજિસ્ટ્રેટ કર્મેન્દ્ર સિંહ, મ્યુનિસિપલ કોર્પોરેશનના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર વરુણ ચૌધરી અને તત્કાલીન સબ-ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અજયવીર સિંહ સહિત સાત અધિકારીઓને

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘ઑપરેશન સિંદૂર’ મુદ્દે રાજકારણ બંધ થવું જોઈએ

**જમ્મુ** અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતે હાથ ધરેલા ‘ઑપરેશન સિંદૂર’ વખતે આખો દેશ એક થઈ ગયો હતો. દેશના સામાન્ય નાગરિકોએ તો ‘ઑપરેશન સિંદૂર’ને વધાવીને નરેન્દ્ર મોદી સરકારના પગલાને વખાણેલું જ પણ રાજકીય પક્ષોએ પણ મોદી સરકારને ટેકો આપેલો. એ વખતે બધા રાજકીય પક્ષોએ દેશની સુરક્ષાના મામલે કોઈ રાજકારણ ના રમવું એવું નક્કી કરેલું, પણ આ નિર્ધાર એક મહિનામાં તો હવા થઈ ગયો છે.

ભાજપે ‘ઑપરેશન સિંદૂર’ના નામે રાજકીય લાભ ખાટવા માટે ઘેર ઘેર સિંદૂર મોકલવા સહિતના કાર્યક્રમો નક્કી કરી નાંખ્યા છે તો વિપક્ષોએ ‘ઑપરેશન સિંદૂર’ મુદ્દે સવાલો ઉઠાવીને સંસદનું વિશેષ સત્ર બોલાવીને ચર્ચાની માગણી કરી નાંખી તેમાં આ મુદ્દે જોરદાર રાજકીય કુસ્તીબાજી શરૂ થઈ ગઈ છે. ‘ઑપરેશન સિંદૂર’ મામલે સંસદનું ખાસ સત્ર બોલાવવા માટે મંગળવારે નવી દિલ્હીમાં કૉંગ્રેસ સહિતના ઈન્ડિયા (I.N.D.I.A) બ્લોકના પક્ષોની બેઠક મળી તેમાં ૧૬ વિપક્ષોએ ભાગ લીધો હતો. આ બેઠક પછી તમામ પક્ષોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પત્ર લખીને સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માગ કરી છે.

વિપક્ષોનું કહેવું છે કે, ‘ઑપરેશન સિંદૂર’ મુદ્દે ભારતના લોકોને અંધારામાં રાખવામાં આવી રહ્યા છે અને સરકાર ઘણા સવાલોના જવાબો નથી આપી રહી. આ અંગે ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવું જરૂરી છે. કેન્દ્ર સરકારે ઑપરેશન સિંદૂર અને આતંકવાદ વિરુદ્ધ ભારતના વલણને વિશ્વ સમક્ષ મૂકવા માટે સર્વપક્ષી સાત ડેલિગેશનને જુદા જુદા દેશોમાં મોકલ્યા છે. આ બધાં ડેલિગેશન આઠ જૂન સુધીમાં ભારત પાછાં ફરશે તેથી તેમના પરત ફર્યા પછી આવતા અઠવાડિયે એક વિશેષ સત્રમાં આ મુદ્દા પર ચર્ચાની વિપક્ષોની માગ છે.

વિપક્ષોએ સ્પષ્ટ રીતે ક્યા મુદ્દે સરકાર લોકોને અંધારામાં રાખી રહી છે તેનો ફોડ નથી પાડ્યો, પણ વિપક્ષી નેતાઓનાં નિવેદનો પરથી લાગે છે કે, બે મુદ્દા મહત્ત્વના છે. પહેલો મુદ્દો ભારતે સ્વીકારેલા યુદ્ધવિરામનો છે. વિપક્ષોએ જે મુદ્દા ઉઠાવ્યા છે તેમાં એક મુદ્દો ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાની મધ્યસ્થીથી ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થયાં હોવાનો દાવો છે. ‘ઑપરેશન સિંદૂર’ના કારણે પાકિસ્તાનને ભારે નુકસાન થઈ રહ્યું હતું ત્યારે જ અચાનક ભારત અને પાકિસ્તાન ૧૦ મેના રોજ સાંજે ૫ વાગ્યાથી યુદ્ધવિરામ પર સંમત થયા તેનાથી લોકોને પણ આશ્ચર્ય થયેલું.

આશ્ચર્યનાં બે કારણ હતાં. પહેલું કારણ એ હતું કે, ‘ઑપરેશન સિંદૂર’ પછી ભારતીય લશ્કરના આક્રમક અભિગમના કારણે પાકિસ્તાન માર ખાઈ રહ્યું હતું ત્યારે જ ભારતે આક્રમણ તીવ્ર બનાવીને પીઓકે કબજે કરવાનો ઉદ્દેશ પાર પાડવાના બદલે યુદ્ધવિરામ સ્વીકારી લીધો હતો. બીજું કારણ એ હતું કે, ભારત અને પાકિસ્તાન સત્તાવાર રીતે યુદ્ધવિરામની જાહેરાત કરે એ પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ જાહેરાત કરીને અમેરિકાના દબાણના કારણે યુદ્ધવિરામ થયો હોવાનો દાવો કરેલો.

વિપક્ષો આ મુદ્દે ચર્ચા ઈચ્છે છે કેમ કે ટ્રમ્પ હજુ પણ એવી જ વાતો કરે છે. આરજેડીના મનોજ ઝાએ કહ્યું જ છે કે પહેલગામ હુમલા પછી ‘ઑપરેશન સિંદૂર’ થયું તેમને લોકોએ વધાવ્યું હતું, પણ એ પછી કેટલીક ચિંતાજનક વાતો બહાર આવી છે. ટ્રમ્પનું નામ લીધા વિના ઝાએ કહ્યું છે કે, એક દેશના પ્રમુખ રોજ ‘સરપંચાયત’ કરી રહ્યા છે. તેમણે પોતે યુદ્ધવિરામ કરાવ્યું છે એવાં ૧૫ દિવસમાં ૧૩ નિવેદનો આપ્યા છે. તેનાથી સરકારને દુઃખ થયું હોય કે ન થયું હોય, કોઈ રાજકીય પક્ષને દુઃખ થયું હોય કે ન થયું હોય પણ દેશની લાગણીને ઠેસ પહોંચી છે. આ પીડા સોશિયલ મીડિયા, ટીવી ડિબેટમાં વ્યક્ત ના કરી શકાય તેથી સંસદનું વિશેષ સત્ર બોલાવવું જોઈએ.

આ માગણીમાં દમ નથી કેમ કે ભારત સરકાર પહેલાં જ સ્પષ્ટતા કરી ચૂકી છે કે, કોઈની મધ્યસ્થીથી યુદ્ધવિરામ સ્વીકારાયો નથી, પણ પાકિસ્તાને સામેથી આતંકવાદ બંધ કરવાની ખાતરી આપી તેથી ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો છે. સરકારે એ પણ કહ્યું જ છે કે, પાકિસ્તાન ફરી આતંકવાદી હુમલો કરાવશે તો ભારત ફરી પાકિસ્તાન પર હુમલો કરશે. નરેન્દ્ર મોદીએ પોતે રાષ્ટ્રજોગ સંબોધનમાં આ વાત કરી પછી કોઈ ચર્ચા કરવાની રહેતી નથી. ટ્રમ્પ તો ભેજાંગેપ છે તેથી એ તો રોજ નવી નવી વાતો કર્યા કરે છે. તેના કારણે આપણે થોડાં સંસદનાં સત્ર બોલાવ્યાં કરવાનાં હોય ?

બીજો મુદ્દો પાકિસ્તાન સામેના આક્રમણમાં ભારતીય જેટને થયેલાં નુકસાનનો છે. પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં ભારતીય ફાઈટર જેટ તોડી પાડવામાં આવ્યા હોવાના પાકિસ્તાનના દાવા અંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) અનિલ ચૌહાણે ૩૧ મેના રોજ સિંગાપોરમાં આડકતરી રીતે ભારતીય જેટ તોડી પડાયાં હોવાનો સ્વીકાર કર્યો. જનરલ ચૌહાણે કહેલું કે, વાસ્તવિક મુદ્દો એ નથી કે કેટલા વિમાનોને તોડી પાડવામાં આવ્યાં, પણ આ વિમાનો શા માટે તોડી પાડવામાં આવ્યા એ મુદ્દો મહત્ત્વનો છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર CDS અનિલ ચૌહાણના ઇન્ટરવ્યુ ક્લિપ શેર કરીને કૉંગ્રેસે લખેલું કે, આપણા ફાઇટર જેટનું નુકસાન થયું હોવાનું જનરલ ચૌહાણે સ્વીકાર્યું છે તો પછી મોદી સરકાર આ હકીકત કેમ છુપાવી રહી છે? આવા ઘણા સવાલોના જવાબ આપવા માટે એક વિશેષ સત્ર બોલાવવું જોઈએ. આ માગણી વાહિયાત છે કેમ કે યુદ્ધમાં નુકસાન તો થાય જ. દુનિયામાં કોઈ યુદ્ધ માર ખાધા વિના લડાતું નથી. યુદ્ધમાં બંને પક્ષને નુકસાન થતું હોય છે ને તેની સંસદમાં ચર્ચા ના કરવાની હોય.

‘ઑપરેશન સિંદૂર’ મુદ્દે ચાલી રહેલા રાજકારણે એક વાત સાબિત કરી દીધી છે કે, ભારતના રાજકારણીઓ માટે રાજકીય ફાયદાથી વધારે મહત્ત્વનું કંઈ નથી અને આપણા રાજકારણીઓથી વધારે દંભી બીજું કોઈ નથી. આ બધા રાજકારણીઓએ ‘ઑપરેશન સિંદૂર’ પછી દેશની એકતાના મોટા મોટા દાવા કરેલા પણ આ એકતા એક મહિનો પણ ટકી નથી. ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો કરીને આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓને મારી નાખ્યા તેનો બદલો લેવા માટે ભારતે સાત મેના રોજ ‘ઑપરેશન સિંદૂર’ હાથ ધરેલું.

ભારતીય લશ્કરના જવાનોએ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (POK) અને પાકિસ્તાનમાં ઘૂસીને નવ આતંકવાદી અડ્ડા પર હવાઈ હુમલા કર્યા હતા. ઈન્ડિયન આર્મીએ ૧૦૦ આતંકવાદીઓને ઠાર માર્યા ત્યારે સૌએ તેને વધાવેલું, પણ ‘ઑપરેશન સિંદૂર’ના મહિનો પણ થયો નથી ત્યાં તો રાજકારણીઓ તેમની જાત પર આવીને કૂતરાં-બિલાડાંની જેમ લડી રહ્યા છે. લડાઈનો ઉદ્દેશ પણ રાજકીય લાભ ખાટવા સિવાય બીજો કોઈ જ નથી એ જોઈને આઘાત લાગે છે. ભગવાન જ હવે તો આ દેશને આવા નેતાઓથી બચાવે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, બુધવાર, તા. ૪-૬-૨૦૨૫, શ્રી હરિ જયંતી,

- ભારતીય દ્નિાંક ૧૪, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન,માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૪મો દીન,માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૫ સુધી (તા. ૫) પછી હસ્ત
- ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૭-૩૪ સુધી પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (૫, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૬-૫૫, સાંજે ક. ૧૮-૫૦
- ઓટઃ બપોરે ક. ૧૨-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૨ (તા. ૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – નવમી. શ્રી હરિ જયંતી.
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શ્રી હરિજયંતી ઉત્સવ, સૂર્ય-બુધ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, સ્થિર પ્રકારનાં કાર્યો, મુંડન કરાવવું નહિ, નવા વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, નોકરી, દસ્તાવેજ મિત્રતા, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા,કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું. નવી તિજોરીની સ્થાપના, વિનાયક પૂજા, સૂર્ય-શિવ મહાલક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ નાણાંનો વેડફાટ થાય, ચંદ્ર-શનિ પ્રતિયુતિ નિષ્ફળતાનો ભય, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ. શુક્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## પહેલા પાનાનું ચાલુ

### ઈશાન ભારતમાં

અને ભૂસ્ખલનને લીધે ૧૧ જણના મોત થયાં છે અને બે જણ ગાયબ છે. ૧૨,૬૧૦ હેકટર જેટલા ખેતપ્રદેશમાં પાણી ભરાઈ ગયા છે. ૯૪ પશુ મરણ પામ્યાં છે.

દરમિયાન અરુણાચલ પ્રદેશમાં પૂર અને ભેખડ પડવાને લીધે ૧૧ જણનાં મોત થયાં છે. દિવાલ પડવાથી એક શ્રમિકનું મોત થયું હતું. ૨૩ જિલ્લાનાં ૧૫૬ ગામના ૯૩૮ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. સુભનસિરી જિલ્લામાં ૧૧૪ કાચાં ઘર, ૪૫ પાકાં ઘર અને નવ ઝૂપડા તૂટી ગયા હતા. ૫૧ રોડ, ૧૭ પાવર લાઈન અને જળ પુરવઠાની ૨૩ લાઈનને નુકસાન થયું છે. ઝુપરા અને રિવર કાફે જેવાં પર્યટન સ્થળો જળબંબાકાર થઈ ગયા છે.

દરમિયાન મિઝોરમમાં છેલ્લા ૧૦ દિવસથી પડતા વરસાદને લીધે ભેખડો ધસી પડી છે, ઘરો તૂટી ગયા છે અને બીજી દુર્ઘટના થઈ છે. ચંપાઈ જિલ્લામાં ત્રણ અને ઐઝવાલ અને સર્ચચિપ દરેકમાં એક એમ પાંચ જણનાં મોત થયાં છે. રાજ્યમાં પાંચસો બાવન સ્થળે ભેખડ પડી હતી. ૧૫૨ ઘરોને નુકસાન થયું હતું અથવા તો તૂટી પડ્યાં હતાં. ૧૯૮ કુટુંબોને ઘર છોડીને બીજે આશરો લેવાની ફરજ પડી હતી. રાજ્યની બધી સ્કૂલો વરસાદને લીધે બંધ છે. આવશ્યક જણસ લઈને આવેલી સો જેટલી ટ્રક સર્ચચિપમાં અટવાઈ ગઈ છે. આગામી પાંચ દિવસમાં ઝાપટાંથી લઈને હળવા વરસાદની આગાહી કરાઈ છે.

દરમિયાન ઈમ્ફાલના સંદેશાનુસાર ઓચિંતા આવેલાં પૂરને લીધે ૫૬,૦૦૦ લોકો પ્રભાવિત થયા છે. ૧૯,૪૭૭ ઘરોને નુકસાન થયું છે. ૨,૯૧૩ લોકોને બીજે ખસેડવામાં આવ્યા છે. ઈમ્ફાલ ઈસ્ટ જિલ્લામાં ૫૭ રાહત શિબિર ખોલવામાં આવી છે. છેલ્લા પાંચ દિવસમાં ૯૩ ભેખડ ધસી પડી હતી. રાજધાની ઈમ્ફાલના અનેક વિસ્તારો જળબંબાકાર છે.

રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન અને પુનર્વસન વિભાગે મંગળવારે જણાવ્યું હતું કે, મિઝોરમમાં ગત ૧૦ દિવસમાં વરસાદને કારણે પાંચ મૃત્યુ, પાંચસો બાવન ભૂસ્ખલન, ૧૫૨ ઘરોને નુકસાન થયું હોવાનો અહેવાલ છે.

આઈએમડીના અહેવાલમાં જણાવાયું છે કે આઈઝોલ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૫૩.૭ મિમી વરસાદ પડ્યો છે, ત્યારબાદ ખાવઝાવલ જિલ્લામાં ૨૪૮.૩૩ મિમી અને સિયાહા જિલ્લામાં ૨૪૧.૫ મિમી વરસાદ પડ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે આગામી પાંચ દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

વિભાગ દ્વારા જાહેર કરાયેલા ડેટામાં જણાવાયું છે કે ભૂસ્ખલન અને અચાનક પૂરને કારણે ઘરો અને દીવાલો ધરાશાયી થવાને કારણે ચંફાઇ જિલ્લામાં ત્રણ અને ઐઝોલ અને સેરછીપ જિલ્લામાં એક-એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

રાજ્યમાં આ જ સમયગાળા દરમિયાન અનેક સ્થળોએ પાંચસો બાવન ભૂસ્ખલન નોંધાયાં હતાં, જ્યારે ૧૫૨ ઘરો વરસાદને કારણે તૂટી પડ્યા છે અથવા એમને નુકસાન થયું છે, એમ તેમાં જણાવાયું છે.ભૂસ્ખલન અથવા તિરાડોને કારણે એકસો આઠ પરિવારે પોતાનાં ઘર છોડી દીધા છે અને ૯૨ અન્ય લોકોએ પૂરને કારણે પોતાના ઘરો ખાલી કર્યા છે, એમ તેમાં જણાવાયું છે. (એજન્સી)

### મહારાષ્ટ્ર બીજા,

નોંધાયું છે. બાવીસમી મેએ દેશમાં કોરોનાના ૨૫૭ દરદી હતા.

૩૧મી મે સુધીમાં આ આંક વધીને ૩,૩૯૫ પર પહોંચ્યો હતો. હાલના તબક્કે દેશમાં કોરોનાના દરદીઓની કુલ સંખ્યાનો આંક ૪,૦૨૬ પર પહોંચ્યો છે.

કેરળમાં હાલ કોરોનાના ૧,૪૪૬ સક્રિય કેસ છે જે દેશમાં સર્વાધિક છે. મહારાષ્ટ્ર (૪૯૬), ગુજરાત (૩૯૭) અને દિલ્હી કોરોનાના ૩૯૩ કેસ સાથે ત્યાર પછીના ક્રમે છે.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે કેરળ, તમિળનાડુ અને પ. બંગાળ પ્રત્યેકમાં એક અને મહારાષ્ટ્રમાં બે સહિત કુલ પાંચ જણનાં મૃત્યુ થયું હોવાનું નોંધાયું છે.

દેશમાં કોરોનાને કારણે આકાર લઈ રહેલી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. મોટા ભાગના દરદીઓ ઘરમાં જ દેખરેખ હેઠળ હોવાને કારણે ચિંતાનું કોઈ જ કારણ ન હોવાનું તેમણે કહ્યું હતું.

ડિરેક્ટર જનરલ ઑફ ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડૉ. રાજીવ બહલે સોમવારે કહ્યું હતું કે દેશના વિવિધ વિસ્તારમાં નમૂનાઓના કરવામાં આવેલા પરીક્ષણમાં જણાઈ આવ્યું હતું કે વર્તમાનમાં કોરોનાના કેસમાં વધારાનું કારણ બનેલા કોરોનાના વેરિયન્ટ ગંભીર રીતે જોખમી નથી અને તે માત્ર ઓમિક્રોનના સબ વેરિયન્ટ છે.

હાલને તબક્કે ગંભીર ચિંતાનું કોઈ કારણ ન હોવાનું તેમણે કહ્યું હતું.

ઓમિક્રોનના ચાર સબ વેરિયન્ટમાં એલએફ-૭, એક્સએફજી, જેએન-વન અને એનબી વન-એઈટ-વનનો સમાવેશ થાય છે. કોરોનાના મોટાભાગના કેસમાં પહેલા ત્રણ સબ વેરિટન્ટ જોવા મળ્યા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### રાજસ્થાનમાંથી

આપી હતી.

ગુપ્તાએ એક નિવેદનમાં કહ્યું હતું કે ખાનને થોડા દિવસ અગાઉ પૂછપરછ માટે કસ્ટડીમાં લઈ જવાયો હતો, તેની સેન્ટ્રલ ઈન્ટરોગેશન ફેસિલિટીમાં અનેક ઈન્ટેલિજન્સ એજન્સીઓએ સઘન પૂછપરછ કરી હતી. ખાને દાનિશની સહાયથી અનેક વેળા પાકિસ્તાની વિઝા મેળવીને તે દેશની મુલાકાત લીધી હતી. આ મુલાકત દરમિયાન ખાન પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈના એજન્ટના સંપર્કમાં આવ્યો હતો. તે ભારત આવ્યા બાદ સંવેદનશીલ માહિતી ભેગી કરીને વોટ્સએપ જેવા પ્લેટફોર્મથી પાકિસ્તાની હેન્ડલરને મોકલતો હતો. (એજન્સી)

### યમુના નદીમાં

તરીકે થઈ છે.

બચાવેલી બે છોકરીઓ - સોનમ અને મુસ્કાન - ને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ઘટનાના સાક્ષી રહેલા સ્થાનિક રહેવાસી દીપેશએ જણાવ્યું હતું કે તે મિત્રો સાથે નદીમાં ગયો હતો ત્યારે તેણે છોકરીઓને ડૂબતી જોઈ હતી.‘‘તેઓ અમારાથી થોડી આગળ નહાતી હતી. અચાનક, તે બધી ડૂબવા લાગી હતી. હું તેમને બચાવવા માટે નદીમાં કૂદી પડ્યો હતો, પરંતુ પાણી ખૂબ ઊંડું હતું.’’ તેમણે કહ્યું.

તેમણે બૂમો પાડીને ગ્રામજનોને ચેતવ્યા હતા, જેઓ ઘટનાસ્થળે દોડી ગયા હતાં.

### તુર્કીના દરિયાકાંઠે

કેન્દ્રબિંદુ માર્મારિસના હોલિડે રિસોર્ટની નજીક ભૂમધ્ય સમુદ્રમાં હતું. તે ગ્રીક ટાપુ રોડ્સ સહિત પડોશી પ્રદેશોમાં અનુભવાયો હતો, જેનાથી ઘણા લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા.તુર્કીના ગૃહ પ્રધાન અલી યેરલિકાયાએ એક્સ પર જણાવ્યું હતું કે ૧૪ વર્ષની છોકરીને હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને ત્યાં તેનું મૃત્યુ થયું હતું.

ગભરાટમાં બારીઓ કે બાલ્કનીઓમાંથી કૂદકો માર્યા બાદ લગભગ ૭૦ અન્ય લોકોને ઇજાઓ થઈ હોવાથી સારવાર આપવામાં આવી હતી, એમ તેમણે ઉમેર્યું. ઇમારતોને નુકસાન થયાના કોઈ અહેવાલ નથી.

### અમદાવાદમાં

પોઝિટિવ થતાં હોમ આઈસોલેટ થયા છે. જિલ્લા પોલીસવડાની તબિયત સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું હતું. હિમકર સિંહે તેમની તબિયત અંગે જણાવ્યું હતું કે શરદી-ઉધરસ અને તાવની અસર થતાં મેં કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો, જેથી હાલ હું હોમ આઇસોલેટ થયો છું, જોકે મારી તબિયત હાલમાં સ્ટેબલ છે અને મને ખાસ કોઈ તકલીફ નથી, પરંતુ ડોક્ટરની સલાહ મુજબ હોમ આઇસોલેટ છું અને રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ ફરીથી કામગીરી શરૂ કરીશ.

રાજકોટમાં અત્યાર સુધીમાં કુલ દર્દીનો આંકડો ૫૨ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ૧૨ દર્દી સ્વસ્થ થયા છે. હાલ શહેરમાં ૪૦ દર્દીઓ હોમ આઇસોલેટેડ છે. સુરતમાં પણ ત્રણ કેસ નોંધાયા હતા. થાઈલેન્ડથી પરત આવેલી મહિલા પોઝિટિવ આવી હતી.

### મુંબઈથી

જ મુંબઈથી ગ્વાલિયર પાછી આવી હતી. નાદુરસ્ત તબિયતની તેણે ફરિયાદ કર્યા બાદ ખાનગી લૅબમાં તેના નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. એ વ્યક્તિને કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું રિપોર્ટમાં જણાઈ આવ્યું હતું. ત્યાર બાદ એ વ્યક્તિનાં પરિવારજનોના નમૂના પણ પરીક્ષણ માટે લેવામાં આવ્યાં હતાં.

નવેસરથી દરદીના નમૂના લઈ પરીક્ષણ માટે સરકારી લૅબમાં મોકલી આપવામાં આવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે જરૂર જણાશે તો સારવારાર્થે તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવશે.

કોરોનાને કારણે નિર્માણ પામનારી કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સાવચેતીનાં તમામ પગલાં લેવામાં આવ્યાં હોવાનું સીએમએચઓએ કહ્યું હતું.

જિલ્લા સ્તરે આઈસોલેસન અને મેડિકલ વૉર્ડ પણ ઊભા કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ઈઝરાયલી હુમલામાં

તપાસ કરી રહ્યું છે. તેણે અગાઉ કહ્યું હતું કે તેણે રવિવાર અને સોમવારે વહેલી સવારે તેના દળોની નજીક જનારા શંકાસ્પદો પર ચેતવણીના ગોળીબાર કર્યા હતા, જ્યારે આરોગ્ય અધિકારીઓ અને સાક્ષીઓએ કહ્યું હતું કે ૩૪ લોકો માર્યા ગયા હતા.

સૈન્ય નાગરિકો પર ગોળીબાર કરવાનો કે તેમને સહાય સ્થળો સુધી પહોંચતા અટકાવવાનો ઇનકાર કરે છે.

આ સ્થળોનું સંચાલન કરતી ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન કહે છે કે તેમની અંદર કે આસપાસ કોઈ હિંસા થઈ નથી. મંગળવારે, તેણે સ્વીકાર્યું હતું કે ઇઝરાયલી સૈન્ય તપાસ કરી રહ્યું છે કે શું નાગરિકો નિયુક્ત સલામત કોરિડોરથી આગળ વધીને બંધ લશ્કરી ક્ષેત્રમાં ગયા પછી ઘાયલ થયા હતા.

### ભારતે માત્ર આઠ કલાકમાં

જણાવ્યું હતું કે યુદ્ધમાં નુકસાન નહિ, પણ પરિણામ મહત્ત્વનું હોય છે અને પરિણામ તમારી સામે છે.

પહલગામ આતંકવાદી હુમલાના ગણતરીના અઠવાડિયાઓ અગાઉ જ પાકિસ્તાનની સેનાના વડા જનરલ આસિમ મુનિરે ભારત અને હિન્દુઓ વિરુદ્ધ ઝેર ઓક્યું હતું. ભારત પર હજારો પ્રહાર કરીને તેને લોહી નીતરતું કરી દેવાની તેમની નેમ હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે પહલગામમાં જે થયું તે ભોગ બનેલા લોકો પર નિર્દયતાપૂર્વક આચરવામાં આવેલી ક્રૂરતા હતી. ઑપરેશન સિંદૂરનો આશય પાકપ્રેરિત આતંકવાદને રોકવાનો અને આતંકવાદને નામે ભારતને બાનમાં લઈ નહીં શકાય એવો સ્પષ્ટ સંદેશો પાકિસ્તાનને પહોંચાડવાનો હતો.

યુદ્ધના રાજકીય અને હિંસક પાસાંઓ પર પણ તેમણે પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે ભારત આતંકવાદ અને ન્યુક્લિયર બ્લૅકમેઈલિંગના ઓછાયા હેઠળ નહીં જીવે. (એજન્સી)

### ચાંદી

રહી હોવાના અહેવાલ હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત સામે ૫૦ ટકા ટૅરિફ લાદવાની યોજના ધરાવી રહ્યાનાં નિર્દેશો સાથે વિશ્વ બજારમાં ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ ૨.૭ ટકાનો ઉછાળા સાથે ગત આઠમી મે પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલરમાં મજબૂત વલણ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૫૫.૭૯ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૩૩૮૦.૪૦ ડૉલર આસપાસ તથા હાજરમાં ચાંદીના ભાવ ૧.૭ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૪.૨૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ વધી આવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. જોકે, અમેરિકા અને ચીન વચ્ચેનાં વેપાર કરારની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા સોનામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું ગોલ્ડસિલ્વર સેન્ટ્રલનાં મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું.

દરમિયાન અમેરિકાએ ચીન પર ટૅરિફ અને વેપાર પ્રતિબંધો પાછા ખેંચવાનાં કરારનું ઉલ્લંઘન કર્યાનાં આક્ષેપો લગાવ્યા બાદ ગઈકાલે વાઈટ હાઉસે જણાવ્યું હતું કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનનાં પ્રમુખ જિનપિંગ આ સપ્તાહે વાતચીત કરે તેવી શક્યતા છે.

આમ હવે રોકાણકારોની નજર વૈશ્વિક વેપારની સ્થિતિ તેમ જ સપ્તાહના અંતે જાહેર થનારા અમારા અમેરિકાના ઉત્પાદનના તથા જોબ ડેટા પર સ્થિર થઈ છે. હાલના તક્કે અમુક અંશે રોકાણકારોએ લેણ હળવા કર્યા છે તેમ છતાં નજીકનાં ભવિષ્યમાં વેપારને લગતા તણાવ હળવા થાય તેવી શક્યતા ન હોવાનું વિશ્લેષકો જણાવી રહ્યા છે.

### હરિદ્વારમાં

તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાને સમગ્ર કેસની વિગતવાર તપાસ વિજિલન્સ વિભાગને સોંપવાના નિર્દેશ પણ આપ્યા છે જેથી ગુનેગારોના સમગ્ર કરતૂતનો પર્દાફાશ થઈ શકે અને પારદર્શિતા જાળવી શકાય. ઉપરાંત, ઉપરોક્ત જમીન કૌભાંડ સંબંધિત વેચાણ દસ્તાવેજ રદ કરીને જમીન માલિકોને આપવામાં આવેલા નાણાંની વસૂલાત સુનિશ્ચિત કરવા માટે પણ કડક સૂચનાઓ આપવામાં આવી છે.

ધામીએ તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર ચૌધરીના કાર્યકાળ દરમિયાન હરિદ્વાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં થયેલા તમામ કામોનું ખાસ ઓડિટ કરવાનો પણ આદેશ આપ્યો હતો, જેથી નાણાકીય ગેરરીતિઓની યોગ્ય રીતે તપાસ થઈ શકે.

હરિદ્વાર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સરાય ગામમાં કચરાના ઢગલા પાસે આવેલી ૨.૩૦ હેક્ટર અયોગ્ય અને સસ્તી ખેતીની જમીનનો ઉપયોગ બદલીને તેને બજાર ભાવ કરતાં સાડા ત્રણ ગણાથી વધુ ભાવે ૫૪ કરોડ રૂપિયામાં ખરીદવાનો મામલો પ્રકાશમાં આવ્યા બાદ રાજ્યભરમાં ખળભળાટ મચી ગયો હતો.

તપાસમાં જાણવા મળ્યું કે આ જમીનની કોઈ વાસ્તવિક જરૂરિયાત નહોતી કે પારદર્શક બોલી પ્રક્રિયા અપનાવવામાં આવી ન હતી. આ ઉપરાંત, જમીન ખરીદીમાં સરકારના સ્પષ્ટ નિયમોને અવગણીને આ સોદો શંકાસ્પદ રીતે કરવામાં આવ્યો હતો. હરિદ્વાર મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં પ્રથમ દૃષ્ટિએ ગંભીર ગેરરીતિઓ જોવા મળી હતી. આ પછી આ બાબતની નોંધ લેતા મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ તેની તપાસ રાજ્યના શેરડી અને ખાંડ સચિવ રણવીર સિંહ ચૌહાણને સોંપી, જેમણે ૨૯ મેના રોજ પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.

તપાસ અહેવાલ મળતાની સાથે જ મુખ્ય પ્રધાને કર્મચારી વિભાગને દોષિત અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ત્યારબાદ તમામ સાત આરોપી અધિકારીઓને સસ્પેન્ડ કરવાના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા.

મંગળવારે સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં કર્મેન્દ્ર સિંહ, વરુણ ચૌધરી અને તત્કાલીન સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અજયવીર સિંહ ઉપરાંત વરિષ્ઠ નાણાં અધિકારી નિકિતા બિષ્ટ, વરિષ્ઠ અંગત સહાયક વિક્કી, હરિદ્વાર તાલુકાના રજિસ્ટ્રાર કાનુનગો રાજેશ કુમાર, હરિદ્વાર તાલુકાના મુખ્ય વહીવટી અધિકારી કમલદાસનો સમાવેશ થાય છે.

આ પહેલા આ કેસમાં હરિદ્વાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઇન્ચાર્જ એક્ઝિક્યુટિવ એન્જિનિયર આનંદ કુમાર મિશ્રવાણ, કર અને મહેસૂલ અધિક્ષક લક્ષ્મીકાંત ભટ્ટ, જૂનિયર એન્જિનિયર દિનેશ ચંદ કાંડપાલને પહેલાથી જ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જ્યારે ઇન્ચાર્જ સહાયક મ્યુનિસિપલ કમિશનર રવિન્દ્ર કુમાર દયાલ અને પ્રોપર્ટી ક્લાર્કના સેવા વિસ્તરણને સમાપ્ત કરવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે પહેલા દિવસથી જ તેમની સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે ઉત્તરાખંડમાં ‘પદ’ નહીં, ‘ફરજ’ અને ‘જવાબદારી’ મહત્ત્વપૂર્ણ છે.

### ભારત દ્વારા રશિયાથી

ઓઇલ સપ્લાય કર્યું હતું.

કેપ્લરમાં રિફાઇનિંગ અને મૉડેલિંગના વડા સંશોધન વિશ્લેષક સુમિત રિતોલિયાએ જણાવ્યું હતું કે, એકંદરે, મે ૨૦૨૫ માટે ભારતનો ક્રૂડ ઓઇલ આયાત રોડમેપ તેની કિંમત-સંવેદનશીલ, વૈવિધ્યસભર સોર્સિંગ વ્યૂહરચના પર ભાર મૂકે છે. બાહ્ય દબાણ છતાં રશિયન તેલની વધુ જોવા મળી હતી જે ભારતની ઊર્જા નીતિમાં આર્થિક વ્યવહારિકતાના દૃષ્ટિકોણને મજબૂત બનાવે છે.

ભારત પરંપરાગત રીતે પશ્ચિમ એશિયામાંથી ઓઇલ પ્રાપ્ત કરતો રહ્યો છે. જો કે, ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર રશિયન હુમલા પછી તેણે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ આયાત કરવાનું શરૂ કર્યું. આ મુખ્યત્વે એટલા માટે છે કારણ કે પશ્ચિમી પ્રતિબંધો અને કેટલાક યુરોપિયન દેશોએ ખરીદી કરવાનું ટાળ્યું હોવાથી રશિયન તેલ અન્ય આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક કરતાં નોંધપાત્ર ડિસ્કાઉન્ટ પર ઉપલબ્ધ હતું.

આના પરિણામે ભારતની રશિયન તેલ આયાતમાં નોંધપાત્ર વધારો થયો. ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ભારતની ક્રૂડ ઓઇલ આયાતમાં રશિયાનો હિસ્સો એક ટકાથી વધીને ટૂંકા ગાળામાં ૪૦-૪૪ ટકા થયો હતો. રિતોલિયાએ જણાવ્યું હતું કે રશિયામાંથી ક્રૂડ ઓઇલ કિંમતના આધારે બ્રેન્ટ અને દુબઈ અથવા પશ્ચિમ એશિયા ‘ગ્રેડ’ જેવા બેન્ચમાર્ક કરતાં નોંધપાત્ર ડિસ્કાઉન્ટ પર ઓફર કરવામાં આવે છે.

તેમણે કહ્યું હતું કે ભારતમાં રશિયન બેરલનો મજબૂત પ્રવાહ આર્થિક, કાર્યકારી અને ભૂ-રાજકીય પરિબળોના સંયોજન દ્વારા પ્રેરિત છે. રશિયાથી યુરાલ ક્રૂડના ભાવમાં એક મોટો ફાયદો રહેલો છે, જે હંમેશાં ભારે ડિસ્કાઉન્ટ પર હોતો નથી, પરંતુ પશ્ચિમ આફ્રિકન અને પશ્ચિમ એશિયાના ‘ગ્રેડ’ કરતા નોંધપાત્ર રીતે સસ્તો રહે છે.






Deepak Somaiya



Deepak Somaiya


# પહેલા ધોરણથી વિદ્યાર્થીઓને અપાશે લશ્કરી તાલીમ

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિદ્યાર્થીઓને પહેલા ધોરણથી દેશભક્તિ, શિસ્તની ભાવના જગાડવા અને નિયમિત શારીરિક કસરતની આદતને પ્રોત્સાહન આપવા માટે મૂળભૂત લશ્કરી તાલીમ આપવામાં આવશે એમ રાજ્યના શાળા શિક્ષણ પ્રધાન દાદા ભુસેએ જણાવ્યું છે. વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે નિવૃત્ત સૈનિકોને સામેલ કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે 'પહેલા ધોરણના વિદ્યાર્થીઓને મૂળભૂત લશ્કરી તાલીમ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આનાથી દેશપ્રેમ જાગૃત કરવામાં મદદ મળશે. નિયમિત રીતે શારીરિક વ્યાયામ કરવા જેવી આદતો વિકસશે અને વિદ્યાર્થીઓ શિસ્ત પ્રિય બનશે. સરવાળે આ બધી બાબતોનો લાભ વિદ્યાર્થીઓને જ મળશે.' મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ પ્રસ્તાવનું સમર્થન કર્યું હોવાની તેમણે નોંધ્યું હતું.

આ પ્રસ્તાવનો અમલ કરવા માટે સ્પોર્ટ્સ ટીચર્સ, નેશનલ કેડેટ કોર્પ્સ (એનસીસી), સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સ ઉપરાંત અઢી લાખ ભૂતપૂર્વ સૈનિકોની મદદ લેવામાં આવશે, એમ શિવસેનાના પ્રધાને ઉમેર્યું હતું. (પીટીઆઈ) ■

# ઘોડબંદર રસ્તા પર પાલિકાની વિશેષ સફાઈ ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ-અમદાવાદ હાઈવે સાથે કનેક્ટેડ થાણેના ઘોડબંદર રોડ પર થાણે પાલિકા દ્વારા વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ઘોડબંદર રોડ, સર્વિસ રોડ, ડિવાઈડર તથા ચોક પર સફાઈનું કામ કરવામાં આવી રહ્યું છે. થાણે પાલિકા કમિશનર સૌરભ રાવના નિર્દેશ મુજબ થાણેના માજિવાડા-માનપાડા અંતર્ગત આવતા ઘોડબંદર રોડપર બંને તરફ ડીપ ક્લીન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. કાપૂરબાવડીથી પાલતીપાડા, પાતલીપાડાથી હાયપર સિટી, હાયપર સિટીથી નાગલા બંદર અને નાગલા બંદરથી ગાયમુખ એમ આ રસ્તાઓને ચાર વિભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે અને દરેક વિભાગ માટે કૉર્ડિનેટર ઓફિસર નીમવામાં આવ્યા છે. દરેક વોર્ડમાં કૉર્ડિનેટરની સાથે આસિસ્ટન્ટ કમિશનર, હેલ્થ ઓફિસર, એક્ઝિક્યુટિવ એન્જિનિયર, સબ એન્જિનિયર, સબ-સેનિટેશન ઈન્સપેક્ટર, સિનિયર એન્જિનિયર સહિત સ્વચ્છતા કર્મચારીઓને નીમવામાં આવ્યા છે. ■



**સાવચેતી:...** જોરદાર વરસાદમાં એક્વા લાઈન મેટ્રો-થ્રીના સ્ટેશનમાં પાણી ભરાઈ ગયાની ઘટના બાદ વધુ એક બીકેસી મેટ્રો સ્ટેશનને પ્લાસ્ટિકથી ઢાંકી દેવામાં આવ્યું છે.

# ચોમાસા માટે કોંકણ રેલવે સજ્જ

નવી મુંબઈ: ચોમાસાની શરૂઆત પહેલા કોંકણ રેલવે પ્રશાસને ભારે વરસાદને કારણે ઊભી થઈ શકતી સમસ્યાઓનો સામનો કરવા માટે પોતાની સિસ્ટમ તૈયાર રાખી છે. મંગળવારે, ત્રીજી જૂને નવી મુંબઈના બેલાપુર ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંતોષકુમાર ઝાએ ચોમાસા માટેની સજ્જતા વિશે માહિતી આપી હતી.

દર વર્ષે કોંકણ રેલવે લાઇન વરસાદને કારણે ભેખડ ધસી પડવી, પાટા પર પાણી ભરાવા, પુલ પર તાણ વધવું અને પવનની ગતિમાં અચાનક વધારો થવો વગેરે સમસ્યાનો સામનો કરે છે. આ વર્ષે આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસને સમગ્ર ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને એક વ્યાપક સુરક્ષા યોજના તૈયાર કરી છે.

આ વર્ષે ચોમાસાનો કાર્યક્રમ ૧૫ જૂનથી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી લાગુ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન હવામાન વિભાગ સાથે દૈનિક સંકલન કરવામાં આવશે અને જો એક દિવસમાં ૧૦૦ મીમીથી વધુ વરસાદ પડશે તો ટ્રેન સેવા હંગામી ધોરણે બંધ કરી દેવામાં આવશે અને હવામાનમાં સુધારો થયા પછી જ ફરી શરૂ કરવામાં આવશે. આ કાર્યવાહી યાત્રીઓની સુરક્ષાના હિતમાં હોવાની સ્પષ્ટતા કોકણ રેલવે પ્રશાસને કરી છે. મુસાફરોની સુરક્ષાને પ્રાધાન્ય આપી બેલાપુર, રત્નાગિરી અને મડગાંવમાં ૨૪-કલાકના કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. ચિપલૂણ, રત્નાગિરી, વેરણા, મડગાવ, કારવાર અને ઉડુપીમાં પણ મેડિકલ ટીમોને સજ્જ રાખવામાં આવી છે. રેલવે ટ્રેકના અતિ સંવેદનશીલ વિસ્તારોમાં દિવસ-રાત ૩૬૫ પ્રશિક્ષિત જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે. રેલની પાયાની સુવિધા ખોરંભાઈ જાય તો માણગાવ, ચિપલુણ, રત્નાગિરી, કણકવલી, કરમાળી, કારવાર અને ઉડુપીમાં ટાવર વેગન તૈયાર રાખવામાં આવ્યા છે.

પ્રવાસીઓને ટ્રેનની જાણકારી સત્તાવાર વેબસાઇટ http://www.konkanrailway.com અને હેલ્પલાઇન નંબર ૧૩૯ પરથી તાબડતોબ મળશે. આથી ચોમાસામાં સંભવિત વિલંબ કે ફેરફારની જાણ સમયસર થશે. ■

# ઇન્ડી શ્વાનો પર ફિલ્મ અને પુસ્તક લોન્ચ

મુંબઈ: ભારતીય શ્વાનોની દુર્દશા પર ત્રીજી જૂને રોટરી ક્લબ ઓફ બોમ્બેએ બે મિનિટની ફિલ્મ લોન્ચ કરી હતી.

આ ફિલ્મનું નિર્માણ એપિગ્રામના સ્થાપક અને સીઈઓ નબીલ અબ્બાસ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં અભિનેત્રી પૂજા ભટ્ટ છે જેમણે ફિલ્મમાં પોતાનો અવાજ પણ આપ્યો છે. સ્ક્રિપ્ટ અનુશ્રી કંડલકરની છે.

આ પ્રોજેક્ટની કલ્પના કરનાર રમેશ નારાયણ કહ્યું હતું કે, 'દરેક વ્યક્તિએ પ્રેમના શ્રમ તરીકે પોતાનો સમય અને પ્રતિભાનું યોગદાન આપ્યું હતું.'

તે જ દિવસે મિસી'સ મ્યુઝિંગ્સ નામની એક પુષ્કળ ચિત્રિત કોફી ટેબલ બુક પણ રિલીઝ કરવામાં આવી હતી. આ ક્રિએટિવ ડિરેક્ટર ધનંજય ખોતપાલ દ્વારા ડિઝાઇન કરવામાં આવી હતી.

રમેશે કહ્યું હતું કે, 'આ ઇન્ડી શ્વાનોને પ્રેમાળ, સંભાળ રાખનાર, ખડતલ બ્રાન્ડ તરીકે સ્થાપિત કરવાનો એક નાનો પ્રયાસ છે અને બધા વાચકો અને દર્શકોને વિનંતી છે કે તેઓ 'શોપ ન કરો. ઇન્ડી અપનાવો'નો સંદેશ શેર કરે.

આ પુસ્તક મિસી'સ મ્યુઝિંગ્સ બેનર હેઠળ રમેશ દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટ્સનું સંકલન છે. રમેશ કહે છે કે, પ્રેક્ષકોને 'લખી શકનારા શ્વાન' સાથે સંકળાવાની મજા આવી રહી હતી. ■

# ગામદેવીમાં મંદિરમાંથી મુગટ, દાનપેટી ચોરનારા બે આરોપી નાકાબંધીમાં પકડાયા

મુંબઈ: દક્ષિણ મુંબઈના ગામદેવી વિસ્તારમાં મંદિરમાંથી મુગટ અને દાનપેટી ચોરનારા બે આરોપીને વડાલા પોલીસે નાકાબંધીમાં પકડી પાડ્યા હતા.

આરોપીઓની ઓળખ રફીઉલ્લા એહસાનુલ્લા ખાન (૨૬) અને રાજુ લક્ષ્મણ કાંબળે (૨૧) તરીકે થઇ હતી. એન્ટોપ હિલ વિસ્તારમાં રહેનારા બંને આરોપીને બાદમાં વધુ તપાસ માટે ગામદેવી પોલીસને હવાલે કરાયા હતા.

વડાલા પોલીસ ઇસ્ટર્ન ફ્રી-વે નીચે ગોદરેજ જંકશન ખાતે નાકાબંધી કરીને વાહનોની ચકાસણી કરી રહ્યો હતો ત્યારે મોડી રાતે તેમણે શંકાને આધારે ટેક્સીને રોકી હતી. ટેક્સીમાં હાજર બે શખસની તલાશી લેવાતાં તેમની પાસેથી લાલ રંગનું રતન લગાવેલું મુગટ તેમ જ દાનપેટી મળી આવી હતી. આ અંગે પૂછપરછ કરાતાં તેમણે મુગટ અને દાનપેટી ગામદેવી વિસ્તારમાં ભૂલાભાઇ દેસાઇ રોડ પર આવેલા મંદિરમાંથી ચોર્યા હોવાની કબૂલાત કરી હતી. ■

# ધારાવી પ્રોજેક્ટ માટે ડેરી વિકાસ વિભાગની કુર્લામાં આવેલી ૮.૫ હેક્ટર જમીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં મહારાષ્ટ્ર રાજ્ય અનુસૂચિત જનજાતિ કમિશનની સ્થાપના, ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માટે જમીનની ટ્રાન્સફર, રાજ્ય કર્મચારી વીમા નિગમની હોસ્પિટલો માટે જમીન અને ટોલ કન્સેશન માટે વળતરનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર સરકારે અનુસૂચિત જનજાતિ માટે એક સ્વતંત્ર કમિશનની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે. આ કમિશનનું નામ 'મહારાષ્ટ્ર રાજ્ય અનુસૂચિત જનજાતિ આયોગ' હશે. આ કમિશન માટે જરૂરી પદો નિર્માણ કરવામાં આવશે. ઉપરાંત, ઓફિસ સ્પેસ અને અન્ય ખર્ચાઓને મંજૂરી આપવામાં આવી છે. 'મહારાષ્ટ્ર રાજ્ય અનુસૂચિત જાતિ આયોગ પણ સ્વતંત્ર રીતે કાર્ય કરશે,' એમ સરકારે સ્પષ્ટ કર્યું છે. ધારાવીના રિડેવલપમેન્ટનો માર્ગ હવે સરળ બન્યો છે. ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માટે ડેરી વિકાસ વિભાગની કુર્લામાં આવેલી ૮.૫ હેક્ટર જમીન આપવામાં આવશે. આ જમીનના ટ્રાન્સફર માટેના કરારમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. રાજ્ય કર્મચારી વીમા નિગમ (ઈએસઆઈસી) તેના કર્મચારીઓ માટે છત્રપતિ સંભાજીનગરમાં ૨૦૦ બેડની હોસ્પિટલ સ્થાપવા જઈ રહી છે. આ માટે મૌજે કરોડીમાં છ હેક્ટર બિનખેતીલાયક જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત પુણે, અહિલ્યાનગર, સાંગલી, અમરાવતી, બલ્લારપુર-ચંદ્રપુર, સિન્નર-નાશિક, બારામતી, સાતારા અને પનવેલમાં હોસ્પિટલ સ્થાપવા માટે જમીન ફાળવવાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. ટોલમાં છૂટછાટને કારણે થયેલા નુકસાન માટે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી)ને વળતર આપવામાં આવશે. ■




# બાંદ્રા-જયપુર એક્સપ્રેસમાં દંપતીને ચાકુની ધાક દાખવી સાત લાખની મતા લૂંટી

મુંબઈઃ બાંદ્રા-જયપુર એક્સપ્રેસમાં પ્રવાસ કરી રહેલા દંપતીને લૂંટારું ટોળકીએ ચાકુની ધાક દાખવી ઘરેણાં-રોકડ સહિત સાત લાખ રૂપિયાની મતા લૂંટી હતી. જોગેશ્વરી અને મલાડ સ્ટેશન દરમિયાન શનિવારે બપોરે આ ઘટના બની હતી. બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરાયો હોઇ આરોપીની શોધ ચલાવવામાં આવી રહી છે.

જોગેશ્વરી વિસ્તારમાં રહેતો બિલ્ડર અયુબ ખાન એપ્રિલમાં તેની પત્ની હીના (૩૦), પુત્રી સાયરા (૭) અને પુત્ર અબ્બાન (૧૧) સાથે રાજસ્થાનના ફતેપુર ખાતે પોતાના વતન ગયો હતો. શુક્રવારે રાતે આ પરિવાર બાંદ્રા-જયપુર એક્સપ્રેસમાં મુંબઈ પાછો ફરી રહ્યો હતો. તેઓ ટ્રેનના એસી કોચમાં પ્રવાસ કરી રહ્યાં હતાં.

શનિવારે બપોરે ટ્રેન બોરીવલી સ્ટેશને થોભી હતી. ત્યાંથી ઊપડ્યા બાદ ટ્રેનની ગતિ ધીમી થઇ ગઇ હતી. ટ્રેન મલાડ સ્ટેશન ક્રોસ કર્યા બાદ અજાણ્યા શખસે હીના ખાનને કહ્યું હતું કે અંધેરી સ્ટેશન આવવાનું હોવાથી તમારો સામાન બહાર કાઢી રાખો. ખાન પરિવાર પાસે બોક્સ અને ચાર બેગ હતી, જે તેમણે દરવાજા પાસે લાવીને રાખી હતી. સામાન દરવાજા પાસે લાવવામાં અજાણ્યા શખસે તેમને મદદ પણ કરી હતી.

એ સમયે અન્ય ત્રણ શખસ ત્યાં આવીને ઊભા રહ્યા હતા. અયુબ ખાનને તેમના પર શંકા જતાં તે પૂછપરછ કરવા લાગ્યો હતો. એવામાં એક શખસ ચાકુ કાઢીને ખાનને ધમકાવવા લાગ્યો હતો. જોકે ખાન અને તેની પત્નીએ ડર્યા વિના તેમનો સામનો કર્યો હતો. દંપતીને પ્રતિકાર કરતા જોઇને એક શખસ ટ્રેનમાંથી બહાર કૂદી પડ્યો હતો. ખાન અને તેની પત્નીએ બાકીના ત્રણને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેઓ એક બેગ આંચકીને ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા. બેગમાં દાગીના-રોકડ સહિત સાત લાખ રૂપિયાની મતા હતી. આરોપીઓનો પ્રતિકાર કરતી વખતે તેમની બેગ ખાન દંપતીના હાથે લાગી હતી, જે બાદમાં તેમણે રેલવે પોલીસને હવાલે કરી હતી.

# બીકેસીના ત્રણ પ્લોટના લીઝથી એમએમઆરડીએને ₹ ૩,૮૪૦.૪૯ કરોડની આવક

## દેવેન્દ્ર ફડણવીસે આંતરરાષ્ટ્રીય રોકાણકારોને ફાળવણી દસ્તાવેજો સોંપ્યા, આર્થિક કેન્દ્ર તરીકે મહારાષ્ટ્રની મજબૂત પ્રગતિ, ૧૫,૦૦૦ હાઇ-ટેક નોકરીઓનું સર્જન શક્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં ત્રણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ કમર્શિયલ પ્લોટના ફાળવણીના દસ્તાવેજો આંતરરાષ્ટ્રીય રોકાણકારોને સોંપ્યા હતા. એમએમઆરડીએને આ પ્લોટને લીઝ પર આપવાથી રૂ. ૩,૮૪૦.૪૯ કરોડ મળ્યા છે. આનાથી ૧૫,૦૦૦ હાઇ-ટેક નોકરીઓનું સર્જન શક્ય બનશે એવી આશા છે.

દેવેન્દ્ર ફડણવીસે જાપાની કંપની સુમિટોમો રિયલ્ટી એન્ડ ડેવલપમેન્ટ લિમિટેડને બે પ્લોટ અને બ્રુકફિલ્ડ સ્ટ્રેટેજિક રિયલ એસ્ટેટને એક પ્લોટના ફાળવણી દસ્તાવેજો સોંપ્યા હતા.

ગોઇસુ રિયલ્ટી પ્રાઇવેટ લિમિટેડ (જાપાનની ભારતીય પેટાકંપની સુમિટોમો રિયલ્ટી એન્ડ ડેવલપમેન્ટ લિમિટેડ)એ મુંબઈ બીકેસીમાં પ્લોટ ઈ-૧૩ અને ઈ-૧૯ બંને માટે સૌથી વધુ બોલી લગાવી હતી. તેવી જ રીતે, પ્લોટ ઈ-૮૦ની બોલી શ્લોસ બેંગ્લોર લિમિટેડ (બ્રુકફિલ્ડ સ્ટ્રેટેજિક રિયલ એસ્ટેટ પાર્ટનર્સ ૩ની ભારતીય પેટાકંપની), આર્લિંગા ઇકો સ્પેસ બિઝનેસ પાર્ક અને સ્કલોસ ચાણક્ય પ્રાઇવેટ લિમિટેડ દ્વારા લગાવવામાં આવી હતી.

પ્લોટ ઈ-૧૩નો વિસ્તાર ૭,૦૭૧.૯૦ ચોરસ મીટર છે અને તેની અનામત કિંમત રૂ. ૯૭૪.૫૧ હતી. હરાજીમાં આ પ્લોટ માટે બોલી રૂ. ૧,૩૬૦.૪૮ હતી. પ્લોટ ઈ-૧૯નો વિસ્તાર ૬,૦૯૬.૬૭ ચોરસ મીટર છે અને તેની અનામત કિંમત રૂ. ૮૪૦.૧૨ હતી અને હરાજીમાં પ્લોટને રૂ. ૧,૧૭૭.૮૬ મળ્યા હતા. તેવી જ રીતે, પ્લોટ ઈ-૮૦નો વિસ્તાર ૮,૪૧૧.૮૮ છે અને તેની અનામત કિંમત રૂ. ૧,૧૫૯.૧૬ હતી અને હરાજીમાં આ પ્લોટ માટે બોલી રૂ. ૧,૩૦૨.૧૬ હતી.

આ ત્રણ પ્લોટના ભાડાપટ્ટાથી એમએમઆરડીએને કુલ રૂ. ૩,૮૪૦.૪૯ કરોડની આવક થઈ છે અને તેનાથી લગભગ ૧૫,૦૦૦ હાઇ-ટેક નોકરીઓ સર્જાવાની અપેક્ષા છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (ડબલ્યુઈએફ)ની પંચાવનમી વાર્ષિક બેઠક દરમિયાન, એમએમઆરડીએએ સુમિટોમો અને બ્રુકફિલ્ડ સાથે અનુક્રમે પાંચ બિલિયન અમેરિકન ડોલર અને ૧૨ બિલિયન અમેરિકન ડોલરના રોકાણ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ૨૦૩૦ સુધીમાં ૩૦૦ અબજ ડોલરની અર્થવ્યવસ્થા અને ૩૦ લાખ નોકરીઓનું સર્જન કરવા માટે તૈયાર છે. ફડણવીસે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બીકેસી તેના અત્યાધુનિક માળખાગત સુવિધા, ભૂગર્ભ મેટ્રો, એલિવેટેડ મેટ્રો અને બુલેટ ટ્રેન નેટવર્કને કારણે ટૂંક સમયમાં નંબર વન કોમર્શિયલ હબ બનશે.

# ધનંજય મુંડે સામેના આક્ષેપો

## કાર્યકર અંજલિ દમણિયાને એસીબીનાં સમન્સ

મુંબઈઃ મહારાષ્ટ્ર ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી)એ એનસીપી નેતા અને ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાન ધનંજય મુંડે સામેની ફરિયાદના સંદર્ભે સામાજિક કાર્યકર અંજલી દમણિયાને પૂછપરછ માટે બોલાવ્યા છે, એમ અધિકારીઓએ મંગળવારે માહિતી આપી હતી. સોમવારે દમણિયાને મહારાષ્ટ્ર એસીબી તરફથી એક પત્ર મળ્યો હતો જેમાં તેમને બે દિવસની અંદર ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીના અધિકારીઓ સમક્ષ હાજર રહેવાનું કહેવામાં આવ્યું છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અગાઉની મહાયુતિ ગઠબંધન સરકાર દરમિયાન મુંડે કૃષિ વિભાગના પ્રધાન હતા ત્યારે તેમણે ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા હતા.

# બહુમતી મુંબઈગરાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ યુઝર ફીને નકારી કાઢી

મુંબઈઃ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લૉમાં યુઝર ફી શામેલ કરવાના પગલાંને ફક્ત ૪૯ ટકા મુંબઈગરાનું સમર્થન મળ્યું છે. એટલે કે બહુમતી મુંબઈગરાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોમાં યુઝર ફી લાગુ કરવાના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. દંડની અસરકારકતાને બાવન ટકા લોકોએ યોગ્ય ગણાવતા કહ્યું હતું કે આનાથી લોકોની સિવિક બિહેવીયરમાં સુધારો થશે. જયારે ૬૬ ટકા લોકોએ એવી ભલામણ કરી હતી કે જયાં સુધી મુળભૂત માળખાકીય સુવિધા જેમ કે શૌચાલયો અને કચરાપેટીઓ આવે ઉપલબ્ધ કરાવવામાં આવે નહીં ત્યાં સુધી દંડ કરવો નહીં. દૈનિક કચરાના વર્ગીકરણને ૪૩ ટકા લોકોએ બિનવ્યહારું ગણાવ્યું હતું કેમ કે શહેરની સાંકડી ગલીઓ, કચરાપેટીનો અભાવ અને કચરાને એકઠા કરવાની બિનઅસરકાર સેવાને કારણે બિનવ્યહારું ગણાવ્યું હતું. જયારે ફક્ત ૪૯ ટકા લોકોએ આ વ્યવહારું લાગ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

## મહાયુતિમાં

થઈ શકે, એવો સવાલ પાર્ટીના પ્રધાનોએ એકનાથ શિંદેને કર્યો હતો.

શિવસેનાના પ્રધાનોએ એકનાથ શિંદે સમક્ષ અજિત પવાર સામેની ફરિયાદો વાંચી સંભળાવી હતી. આ બાબતે હું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સાથે આ અંગે વાત કરીશ એમ જણાવતાં શિંદેએ પ્રધાનોને વચન આપ્યું હતું કે, આ મામલે ટૂંક સમયમાં ઉકેલ શોધવામાં આવશે. આ બધાને કારણે હવે રાજકીય વર્તુળનું ધ્યાન હવે શિંદે આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે શોધશે તેના પર છે.

જ્યારે રાજ્યમાં મહા વિકાસ આઘાડીની સરકાર હતી અને ઉદ્ધવ ઠાકરે મુખ્ય પ્રધાન હતા, ત્યારે શિવસેનામાં ભાગલા પડ્યા હતા અને એમવીએની સરકાર પડી ભાંગી હતી. એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાના ૪૦ વિધાનસભ્યોએ સત્તા છોડી ત્યારે પણ તેમણે એવી જ ફરિયાદ કરી હતી કે નાણા પ્રધાન અજિત પવાર ભંડોળ આપતા નથી. શિંદે અને તેમના સમર્થક વિધાનસભ્યોએ ભાજપની મદદથી સત્તા બનાવી હતી, પરંતુ માત્ર એક વર્ષમાં અજિત પવારે પણ બળવો કર્યો અને સત્તામાં સહભાગી થયા હતા તેમ જ નાણા પ્રધાન બન્યા હતા. હવે ફરી એકવાર શિવસેનાના પ્રધાનોએ અજિત પવાર વિશે ફરિયાદ કરવાનું શરૂ કર્યું છે. આ વખતે સમસ્યાનું નિરાકરણ કેવી રીતે થાય છે તે જોવાનું રસપ્રદ બની રહેશે.

## કરોડો રૂપિયા

આવેલા પમ્પિંગ સ્ટેશન, વરસાદી પાણીનો નિકાલ કરનારી પાઈપલાઈન સહિત વરસાદી પાણીનો સંગ્રહ કરનારી વોટર ટેન્કનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમ્યાન તેમણે નીચાણવાળા વિસ્તારમાં ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ કરનારી યંત્રણા વધુ સક્ષમ હોવા પર ભાર આપતા આડકતરી રીતે કબૂલાત કરી હતી કે કરોડો રૂપિયા ખર્ચયા બાદ પણ ભારે વરસાદ દરમ્યાન પાણી ભરાતા રોકવામાં પાલિકાને સફળતા મળી નથી.

વધુમાં તેમણે ચોમાસાના હજી ચાર મહિના બાકી હોવાથી આગામી દિવસોમાં ભારે વરસાદ દરમ્યાન ૨૬મેનું પુનરાર્વત થાય નહીં તે માટે હિંદમાતા, ગાંધી માર્કેટમાં પપિંગ સ્ટેશનની ક્ષમતા વધુ સક્ષમ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમ જ હિંદમાતા અને ગાંધી માર્કેટના પમ્પિંગ સ્ટેશનના ઠેકાણે ફ્લો મીટર બેસાડવાનો તેમ જ તમામ પંપની ક્ષમતા એકમસાન કરવાનો અને કટોકટીના સમય દરમ્યાન વધુ મનુષ્યબળ તહેનાત કરવાનો નિર્દેશ આપ્યો હતો. ભારે વરસાદ દરમ્યાન પપિંગ સ્ટેશન બંધ પડી જાય તો પર્યાયી વ્યવસ્થારૂપે ડિઝલ જનરેટર રાખવાની સૂચના પણ તેમણે આપી હતી. તેમ જ ચુનાભટ્ટી સ્ટેશન પરિસરમાં પાણી ભરાય નહીં અને હાર્બર લાઈનમાં ઉપનગરીય રેલવે સેવા ખોરવાય નહીં તે માટે યોગ્ય પગલા લેવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો.

કમિશનરે આ દરમ્યાન સાયનમાં આવેલી જૈન સોસાયટી, દાદરમાં પરેલ રાજા માર્ગ પર ચાલી રહેલા સિમેન્ટ-કોંક્રીટના રસ્તાના કામનું નિરીક્ષણ પણ કર્યું હતું અને રસ્તા પર રહેલા કાટમાળ સહિત તમામ બેરીકેટ્સ હટાવાની સૂચના પણ આપી હતી.

## ત્રણ મહિનાથી

દિંડોશી પોલીસ સ્ટેશનોમાં ગુનો નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે.

બિહારના ખગરિયા જિલ્લાના વતની મુન્નાએ છેલ્લા ત્રણ મહિનાથી પોલીસની ઊંઘ ઉડાડી મૂકી હતી. તે મોટા ભાગે રેલવે સ્ટેશન નજીકની ઈમારતોમાં જ ચોરી કરતો હતો. રેલવે ટ્રેક નજીકના અવાવરુ સ્થળે તે ગાઉન પહેરતો અને મોં પર માસ્ક લગાવતો. પછી પાઈપની મદદથી ઉપર ચઢીને બારીમાંથી ફ્લૅટમાં પ્રવેશતો. ચોરી પછી ફરી ટ્રેક નજીકના વિસ્તારમાં જઈને ગાઉન કાઢી નાખતો હતો. મલાડના ફ્લૅટમાંથી સાડાચાર લાખની મતા ચોર્યા બાદ તે સીસીટીવી કૅમેરામાં ઝડપાઈ ગયો હતો.

આરોપીની ઓળખ મેળવતાં અગાઉ ક્યારેય તે કોઈ ગુનામાં પકડાયો ન હોવાનું જાણવા મળ્યું હતું. જોકે મલાડના માલવણી વિસ્તારમાં આંટા મારતો તે નજરે પડ્યો હતો. બે દિવસ પોલીસે છટકું ગોઠવી તેને પકડી પાડ્યો હતો. તેની પાસેથી હીરાજડિત સોનાના દાગીના અને એક કિલો ચાંદી મળી આવી હતી. તેના બૅન્ક ખાતામાં ૧૩ લાખ રૂપિયા જમા હતા, જે પોલીસે ફ્રીઝ કર્યા હતા.

દાગીના વેચવા જાય તો પકડાઈ જવાની બીકે આરોપીએ સોનું પિગાળવાનું મશીન ઘરમાં જ વસાવી લીધું હતું. ચોરેલા દાગીના પિગાળીને તે સોનું વેચી નાખતો. એ નાણાંમાંથી તેણે માલવણીમાં ઘર ખરીદ્યું હતું. એ સિવાય વતનમાં જમીન ખરીદવા ૧૦ લાખ રૂપિયા આપ્યા હોવાની કબૂલાત આરોપીએ કરી હતી.

## સમૃદ્ધિ હાઈવે

હાજરી વિના તેનું ઉદ્ઘાટન કરવાનો નિર્ણય લીધો છે. એમએસઆરડીસીના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, સમૃદ્ધિ મહામાર્ગના છેલ્લા તબક્કાનું ઉદ્ઘાટન પાંચ જૂને કરવામાં આવશે. છેલ્લા તબક્કાના ઉદ્ઘાટન સાથે, વાહનો ઓછા સમયમાં મુંબઈથી નાગપુર પહોંચશે.

આખો હાઇવે ખુલવાથી મુંબઈથી નાગપુરની મુસાફરી માત્ર ૭ થી ૮ કલાકમાં પૂર્ણ થશે. તેમ જ, મુંબઈથી નાસિક અને શિરડી જતા ભક્તોની યાત્રા પણ સરળ બનશે. હાલમાં, ભક્તોને મુંબઈથી શિરડી પહોંચવામાં ૭ થી ૮ કલાક લાગે છે, જ્યારે હવે આ યાત્રા લગભગ ૫ કલાકમાં પૂર્ણ થઈ શકે છે. મુંબઈથી સમૃદ્ધિ મહામાર્ગ પર સરળતાથી પહોંચવા માટે, ભિવંડી અને થાણેના રાષ્ટ્રીય ધોરીમાર્ગને પહોળો કરવામાં આવી રહ્યો છે. ડ્રીલ હાથ ધરવી જોઈએ. રાજ્ય સરકારને કાર્યવાહીનો રિપોર્ટ તુરંત સુપરત કરવો જોઈએ.

૩. હાથની સ્વચ્છતા, શ્વસન સ્વચ્છતા, યોગ્ય ઉધરસ શિષ્ટાચાર (ખાંસી/છીંક ખાતી વખતે મોં અને નાક ઢાંકવા) અને જાહેર સ્થળોએ થૂંકવાનું ટાળવું જોઈએ.

૪. વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોએ ભીડવાળી અથવા બંધિયાર જગ્યાએ જવાનું ટાળવું જોઈએ અથવા આવી જગ્યાઓ પર માસ્ક પહેરવો જોઈએ.

૫. શ્વસનતંત્રની બિમારીના લક્ષણો ધરાવતા લોકોએ તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ. જો શ્વાસ લેવામાં તકલીફ કે છાતીમાં દુખાવો જેવા લક્ષણો દેખાય, તો તેમણે તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

## સસ્તામાં સોનું

બે આરોપી સાથે થઈ હતી. વિદેશમાંથી આયાત કરાયેલું શુદ્ધ સોનું સસ્તી કિંમતે વેચવામાં આવતું હોવાનું આરોપીએ ફરિયાદીને કહ્યું હતું. ફરિયાદીએ બે લાખ રૂપિયામાં સોનું ખરીદવાની તૈયારી દાખવી હતી.

આરોપીએ ૨૭ મેની સાંજે ફરિયાદીને સાંતાક્રુઝ પૂર્વમાં કલિના ખાતેના સીએસટી રોડ પર કારના શો-રૂમ નજીક બોલાવ્યો હતો. ફરિયાદી પાસેથી બે લાખ રૂપિયા લઈને ઑફિસમાંથી સોનું અપાવવાની ખાતરી આરોપીએ આપી હતી. ફરિયાદી આરોપીની ઑફિસ તરફ જઈ રહ્યો હતો ત્યારે એક કાર તેમની નજીક આવી હતી. પોલીસની રેઇડ હોવાનું કહીને આરોપીને તેના સાથી કારમાં લઈ ગયા હતા. ફરિયાદીને સોનું ન મળ્યું અને રોકડ પણ ગઈ એટલે પોતે છેતરાયો હોવાનું લાગ્યું હતું. આ પ્રકરણે ફરિયાદને આધારે બીકેસી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી ફરી આ જ રીતે બીજા વેપારીને છેતરી નાણાં પડાવવા આવવાના હોવાની માહિતી મળી હતી. આરોપીને પકડવા પોલીસે છટકું ગોઠવ્યું હતું. જોકે છટકાનો અણસાર આવતાં આરોપી કારમાં ફરાર થયા હતા. પોલીસે પણ આરોપીની કારનો પીછો કર્યો હતો. કહેવાય છે કે ટ્રાફિકમાં આરોપીની કાર ફસાઈ ગઈ હતી. કાર રસ્તામાં જ છોડી ચારેય આરોપી અલગ અલગ દિશામાં ભાગ્યા હતા. તેમ છતાં પોલીસે પીછો કરી ત્રણ જણને પકડી પાડ્યા હતા. પકડાયેલા આરોપી વિરુદ્ધ ગુજરાત, મુંબઈ અને થાણેમાં ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## બૅન્ગકોકથી

કે સોમવારની રાતે બે અલગ અલગ કેસમાં ત્રણેય મહિલાની ધરપકડ કરાઈ હતી. પહેલા કેસમાં દિલ્હીની પ્રિયંકા કુમાર (૪૪) અને મધ્ય પ્રદેશના ભોપાલમાં રહેતી ઇશિકા કાતકરી (૧૯)ને પકડી પાડવામાં આવી હતી. બૅન્ગકોકથી આવેલી બન્ને મહિલા પાસેથી અંદાજે ૬.૭ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. બૅન્ગકોકની ફ્રી ટ્રિપની લાલચમાં ગાંજો ભારત લાવવા બન્ને જણ તૈયાર થઈ ગઈ હોવાની કબૂલાત તેમણે કરી હતી.

બીજા કેસમાં બૅન્ગકોકથી આવેલી અસ્માબાનુ રઝાબને કસ્ટમ્સના અધિકારીઓએ તાબામાં લીધી હતી. ગુજરાતના સુરત શહેરમાં રહેતી અસ્માબાનુ પાસેથી ૧.૮ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો.

આરોપી અસ્માબાનુ અગાઉ બ્યુટી પાર્લરમાં કામ કરતી હતી, પણ સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાને કારણે હાલમાં તે ક્યાંય કામ કરતી નથી. તેના પતિ રિક્ષા ચલાવે છે અને તેમાંથી થતી આવક પર પરિવારનું ગુજરાન ચાલે છે.

મહિલાની પૂછપરછમાં અધિકારીઓને જાણવા મળ્યું હતું કે ડ્રગ્સ તસ્કર બુરાનની સૂચનાથી તે ૨૮ મેના રોજ ફ્લાઈટમાં બૅન્ગકોક ગઈ હતી. ગાંજાનાં બે પૅકેટ સુરત લાવીને એક વ્યક્તિને આપવાનાં રહેશે, એવી સૂચના આપી બુરાને અસ્માબાનુને એ વ્યક્તિનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો. ફોન કર્યા પછી સુરત આવીને એ વ્યક્તિ ગાંજાનાં પૅકેટ લઈ જશે, એવું પણ તેણે કહ્યું હતું. આ કામ માટે અસ્માબાનુને ૧૫ હજાર રૂપિયા અને મુસાફરીનો પૂરો ખર્ચ ચૂકવવાની ખાતરી અપાઈ હતી. પહેલી વાર જ તેણે આવું કામ કર્યું હોવાનો દાવો અસ્માબાનુએ કર્યો હતો.

## આરોગ્ય વિભાગ

જણાવ્યું હતું કે, ‘‘હાલમાં ઓમિક્રોન વેરિઅન્ટમાં JN.1, XFG અને LF 7.9નો સમાવેશ થાય છે. આ વેરિઅન્ટ્સ તાવ, ઉધરસ અને ગળામાં દુખાવો જેવા હળવા લક્ષણોનું કારણ બને છે. રાજ્યમાં કોવિડ-૧૯ દર્દીઓમાં હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે અને વિભાગ દ્વારા પરીક્ષણ અને સારવારની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

### નવા એસઓપીમાં શું છે?

૧.પરીક્ષણ, આવશ્યક દવાઓ, પીપીઇ, આઇસોલેશન બેડ, મેડિકલ ઓક્સિજન, આઇસીયુ અને વેન્ટિલેટર બેડની ઉપલબ્ધતા પર ભાર મૂકવો જોઈએ.

૨. પીએસએ પ્લાન્ટ્સની કાર્યક્ષમતા અને ઓક્સિજન સજ્જતા સુનિશ્ચિત કરવા માટે મોક ડ્રીલ હાથ ધરવી જોઈએ. રાજ્ય સરકારને કાર્યવાહીનો રિપોર્ટ તુરંત સુપરત કરવો જોઈએ.

૩. હાથની સ્વચ્છતા, શ્વસન સ્વચ્છતા, યોગ્ય ઉધરસ શિષ્ટાચાર (ખાંસી/છીંક ખાતી વખતે મોં અને નાક ઢાંકવા) અને જાહેર સ્થળોએ થૂંકવાનું ટાળવું જોઈએ.

૪. વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોએ ભીડવાળી અથવા બંધિયાર જગ્યાએ જવાનું ટાળવું જોઈએ અથવા આવી જગ્યાઓ પર માસ્ક પહેરવો જોઈએ.

૫. શ્વસનતંત્રની બિમારીના લક્ષણો ધરાવતા લોકોએ તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ. જો શ્વાસ લેવામાં તકલીફ કે છાતીમાં દુખાવો જેવા લક્ષણો દેખાય, તો તેમણે તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

# હિન્દુ મરણ

**રામી માળી**

આજોલ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. પ્રવિણભાઈ છગનલાલ રામીના ધર્મપત્ની નિતાબેન (ઉં. વ. ૭૦) તે સ્વ.કલ્પેશ, કેતકી તથા વિમલના માતુશ્રી. પ્રાચી તથા ભાવેશકુમારના સાસુ. શૌર્યના દાદી. હેતવી, મનવીના નાની તા. ૩૦/૫/૨૫ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૫/૬/૨૫ના ગુરુવારે ૫ થી ૭. સ્થળ હાલાઈ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવર, કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

સ્વ. ગોદાવરીબેન ગોવિંદજી ગણાત્રાના મોટા પુત્રવધૂ કચ્છ ગામ આમારાના સ્વ. પુષ્પાબેન પુરુષોતમ ગણાત્રા (ઉં. વ. ૮૭) તે તા. ૧-૬-૨૫ના સેલવાસ ખાતે રામશરણ પામેલ છે. તે સ્વ. રાધાબેન કેશવજી પુરુષોતમ કચ્છ ગુંદાલાના સુપુત્રી. શૈલેષ પુરુષોતમ તથા જયોત્સના રોહિત ઠક્કરના માતુશ્રી. રાજેશ્રી શૈલેષના સાસુમા. હર્ષ શૈલેષના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દસગામ પંચાલ**

ગામઃ પરિયા હાલ વિરાર, સ્વ. ભગવાનદાસ નાગરજી પંચાલના પુત્ર ઉત્તમલાલ પંચાલ (ઉં. વ. ૮૨) તા. ૧-૬-૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે મીનાબેનના પતિ. ભાવેશ, ભાવનાના પિતાશ્રી. કૌશિકના સસરાજી. તેજસના નાનાજી. સાદડી તા. ૫-૬-૨૫ના ગુરુવારના ૩થી ૫. ઠે. સી-૧૦૧, અગ્રવાલ મેડોસ, મેરીગોલ્ડ, ગોકુળ ટાઉનશિપ, મૂળજીભાઇ મહેતા સ્કૂલની પાછળ, બોલિંજ રોડ, વિરાર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા નીમા વૈષ્ણવ વણિક**

મૂળગામ મહુવા નિવાસી હાલ મુંબઇ ભાસ્કરચંદ્ર કનૈયાલાલ ગાંધી (ઉં. વ. ૮૮) શનિવાર તા. ૩૧-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મૃદુલાબેનના પતિ. નિલેશ, સંદીપ તથા અ. સૌ. શિલ્પાના પિતાશ્રી. અ. સૌ. ભાવના, અ. સૌ. નિલ્પા, પ્રશાંતના સસરા. રોહન, પૂર્વિલ, ખુશીના દાદા. શિવાનીના નાના. સ્વ. ગિરીશભાઇ, સતીષભાઇ, સ્વ. અશોકભાઇ, પંકજભાઇના મોટા ભાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૫-૬-૨૫ના ૫થી ૭. ઠે. સરદાર વલ્લભભાઇ પટેલ હોલ, (જવાહર નગર હોલ) એસ.વી. રોડ, શિવસેના ઓફિસની સામે, ગોરેગાંવ (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

મુંબઇ નિવાસી ગં. સ્વ. જશવંતીબેન કાપડીયા (ઉં. વ. ૯૦) તા. ૩-૬-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયસિંહ લાલજી કાપડીયાના પત્ની. સ્વ, લક્ષ્મીદાસ મથુરદાસ ભકતાના પુત્રી. શૈલેષ અને લીના વૈદ્યના માતા. ભૌમિક-પરિનાઝ અને કુનાલ-તન્વીના દાદી. રીયા અને અય્યાનના પરદાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**બ્રહ્મભટ્ટ**

ગામ સરાડીયા હાલ ઘાટકોપર બીના (સ્મીતા) વિભાકર લખલાણી તા. ૩૦-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયાબેન તથા સ્વ. લાભશંકર લખલાણીના પુત્રવધૂ. તથા સ્વ. ત્રિવેણીબેન અને સ્વ. પુષ્કરભાઇ કનોજીયાના સુપુત્રી. તે રોહનના માતુશ્રી. એકતાના સાસુજી. તે હર્ષદા, જાગૃતિ અને હિતેનના ભાભી. તે સ્વ. પંકજ અને પિયુષ કનોજીયાના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

જોલાપુર નિવાસી હાલ મલાડ સમીર અમૃતલાલ પારેખના પત્ની ફાલ્ગુનીબેન (ઉં.વ. ૪૬) તા. ૨-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે અરુણાબેન અમૃતલાલ ભગવાનદાસ પારેખના પુત્રવધુ. ભૂમી, ક્ષિતીના મમ્મી. મીરા દિનેશકુમાર શેઠ, હર્ષા પંકજકુમાર ધ્રુવના ભાભી. પીયર પક્ષ ગામ સમોવાડા હાલ ભાયંદર ઉર્મિલાબેન અરવિંદકુમાર શાહના દીકરી. પ્રાર્થનાસભા તા. ૫-૬-૨૫, ગુરુવારે ૫થી ૭. ઠે. કપોળવાડી રામચંદ્રલેન, કાચપાડા, મલાડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. જમનાદાસ ખેરાજ જોબનપુત્રા (હવારીયા) ગામ લખપતવાળાના નાના સુપુત્ર કિરીટભાઇ (ઉં. વ. ૮૨) કોપર ડોંબિવલી તા. ૨-૬-૨૫ના રામશરણ પામ્યા છે. તે સ્વ. કલાવતીબેનના પતિ.સ્વ. મનીષા, મેહુલના પિતા. સૌ. નીલમના સસરા. સ્વ. ચાંપશીભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. કસ્તુરબેન તથા સ્વ. સરસ્વતીબેનના નાનાભાઇ. સ્વ. વલ્લભદાસ ભાગચંદ દૈઆ માંડવીવાળાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૫ બુધવારે ૫.૩૦થી ૭. ઠે. લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવા નિવાસી હાલ ધુલીયા, નરેન્દ્રભાઈ મનસુખલાલ નંદલાલ મોદીના પુત્ર અલ્પેશભાઈ (ઉં. વ. ૪૨) ૨/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે રૂપલ ભદ્રેશ દોશીના ભાઈ. વંશના પપ્પા. શૈલેષભાઇના ભત્રીજા. મોસાળપક્ષે દોલતરાય કલ્યાણજી પારેખના દોહિત્ર. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

હારેસલામ (ઈ.આફ્રિકા) નિવાસી, ગં.સ્વ. ભાવનાબેન હરગોવિંદદાસ જોબનપુત્રા (ઉં. વ.૬૮) તે કેવલ, મિહિર, નીરજના માતુશ્રી. શિલ્પા, બીજલ, ધરણીના સાસુમા. હીર, વાની, નિત્યા, નીવાના દાદીમા. કાંદિવલી નિવાસી, સ્વ. વનમાળીદાસ શામજી ઝવેરી (વિઠલાણી), સ્વ. ગોદાવરીબેન, સ્વ. વિમળાબેનના દીકરી. સ્વ. શકુંતલાબેન દવાવાલા, ગં.સ્વ. શારદાબેન ઠક્કર, ગં. સ્વ. વાસંતીબેન પોપટ, રંજનબેન સોનપાલ, કિરીટભાઈ ઝવેરી, વિજયભાઈ ઝવેરીના બેન શનિવાર, તા.૩૧/૦૫/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

મૂળ ગ્રરી વેરાવળના હાલ વિલે પાર્લે, દ્વારકાદાસ જિમુલિયા (ઉં. વ. ૮૩) તે સ્વ.મણીબેન તથા સ્વ. ગોરધનદાસ જિમુલિયાના સુપુત્ર. સ્વ. નિરુપમાબેનના પતિ. દેવાંગભાઈ તથા સ્વ. રેશ્માબેનના પિતાશ્રી. જિજ્ઞાબેનના સસરાજી. સ્વ. લીલાધર હંસરાજ ગોકાણીના જમાઈ. સ્વ. ડૉ. રામજીભાઈ, સ્વ. મોહનલાલ, સ્વ. મનસુખલાલ, અમૃતલાલ, સ્વ. લાભુબેન ગિરધરલાલ, સ્વ. રમાબેન હરિદાસ, ઉષાબેન ચંદુલાલના ભાઈ. ધ્રૂવ તથા જયના દાદા. સોમવાર તા. ૨.૬.૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૫.૬.૨૫ના ૫ થી ૭. ઠે. શ્રી જલારામ હોલ, જોગર્સ પાર્ક સામે, જુહુ, વિલે પાર્લે વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લેઉવા પટેલ**

ગામ રાણચિક્કી, હાલ મિરારોડ, સ્વ. ઓતિબહેન પાનસુરિયા (ઉં. વ. ૧૦૨) સોમવાર, ૨-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શંભુભાઈના પત્ની. સ્વ. ભાણાભાઈ અને પમુબહેનના પુત્રવધૂ. સ્વ. રામજીભાઈ અને રળિયાતબહેન દુધાતની પુત્રી. લાલજીભાઈ, તેજાભાઈની માતુશ્રી. વિજયાબહેન, નંદુબહેનના સાસુ. ઉર્મિલા, મહેશ, હરેશ, કમલેશ, ઉષા, નરેશના દાદીમા. પ્રાર્થનસભા ગુરુવાર, ૫-૬-૨૫ના ૫ થી ૭. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ, અશોકવન, હનુમાન ટેકરી, શીવ વલ્લભ રોડ, દહિસર ઈસ્ટ.

# પારસી મરણ

ગુલ કેરસી દારૂવાલા તે મરહુમ કેરસીના ધનીયાની. તે મરહુમો દોલી કેકી ભોજાના દીકરી. તે નાઝનીનના માતાજી. તે મેહરનોશના સાસુજી. તે રોશન તથા મરહુમ સામીના બહેન. તે કયાન ને મરઝીનાના મમઇજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. ૬૮૮ વાડીયા બિલ્ડિંગ, રૂમ નં. ૩, દીનશા માસ્તર રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાની ક્રિયા : તા. ૪-૬-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે, દાદર રુસ્તમ ફરામ અગિયારીમાં છે.

# જૈન મરણ

ખીંમત નિવાસી રાજમલ ડોસજીભાઇ શાહ (ઉં. વ. ૭૭) તા. ૩૧-૫-૨૫ના અવસાન પામ્યા છે. લીલાબેન ડોસજીભાઇના સુપુત્ર. તારાબહેનના પતિ. રાકેશ, રાહુલ, બેલા, દર્શનાના પિતાજી. કિન્નરીના સસરા. મેરૂ પાર્શ્વના દાદાજી. ઠે. નિરજ બિલ્ડિંગ, ૯મે માળે, ફ્લેટ નં. ૩૪, ૭૦-૭૨, વાલકેશ્વર રોડ, મુંબઇ-૬.

હસમુખભાઇ (ઉં. વ. ૯૦) મોરબી વતની હાલ દાદર રેવાબેન વાડીલાલ શાહના પુત્ર. જનકબેન તથા કુમુદચંદ્રના ભાઇ. અનિલાબેનના પતિ. પ્રિતી અને પ્રજ્ઞેશના પિતા. જમાઇ હેમેન્દ્ર ટોલીયા, જયવીર અને હર્ષના નાના તા. ૨-૬-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

ભાભાના પાડાના હાલ વિરાર, અજયભાઈ રતિલાલ શાહ (ઉં. વ. ૭૮) તા. ૩જી જૂન ૨૫ના અવસાન પામ્યા છે. તે જીમિત અને હિના (પિંકી)ના પિતાશ્રી. નીરવભાઈના સસરા. સ્વ. વિજયભાઈ, પરેશભાઈ, સ્વ. વીરબાલાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. જૈન**

ધ્રાંગધ્રા (હળવદ) હાલ કાંદિવલી સ્વ. મણીલાલ લવજીભાઇ શાહના પુત્ર રોહીતભાઇના ધર્મપત્ની કુંદનબેન (ઉં. વ. ૭૦) તા. ૨-૬-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે એકતા તેજસકુમાર શાહના માતુશ્રી. ભારતીબેન-રમેશભાઇ, પ્રતીભાબેન-અરવિંદભાઇ, ભારતીબેન-વસંતલાલ, બીનાબેન-કીર્તિભાઇ, પ. પૂ. સા. રાજપૂર્ણાશ્રીજી મ. સા. ના ભાભી. સ્વ. રતીલાલ પોપટલાલ શાહ (બોરીવલી) અને પ. પૂ. સા. શ્રી કલ્પીતાશ્રીજી મ. સા. ની દીકરી. સ્વ. ચંદ્રકાન્તભાઇ, કીરીટભાઇ, રાજુભાઇ, રસિલાબેન શાંતિલાલ, નીરૂબેન અનીલભાઇના બેન. પ્રાર્થનાસભા તા. ૫-૬-૨૫ ગુરુવારના ૩.૩૦થી ૫.૩૦. ઠે. શાંતાબા સભાગૃહ અશોક નગર, ઓપો દામોદર વાડી, કાંદિવલી (ઇ).

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ જૈન**

મૂળ મુન્દ્રા (કચ્છ) હાલ ઘાટકોપર અ. સૌ. દક્ષાબેન (ઉં. વ. ૭૮) તે રસિકલાલ મણિલાલ દોશીના ધર્મપત્ની. સ્વ. કસ્તુરબેન જયેષ્ઠારામ ઠક્કરના સુપુત્રી તા. ૨-૬-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે રૂપલ જીજ્ઞેશભાઇ દોશી, સોના ફેનિલભાઇ ઢીલા અને પીંકી ભાવેશભાઇ પટેલના માતુશ્રી. ઉપાસના-વૈભવ, મહેક, ભવ્ય અને દિયાનના નાની. ચક્ષુદાન તેમ જ ત્વચાદાન કરેલ છે. પ્રાર્થનાસભા તા. ૫-૬-૨૫ના ૫થી ૭. ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વે).

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી, હાલ વાલકેશ્વર મુંબઈ, રેખા દલાલ તા.૩૦/૦૫/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ નરેશભાઈ શાંતિલાલ દલાલ તા ૨૨/૪/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. ધર્મપત્ની અમિષી, સ્વાતિના માતુશ્રી. રક્ષેશભાઈના સાસુજી તથા પલકના નાનીશ્રી. લૌકિક વહેવાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

લીંબડીવાળા હાલ મુંબઈ, સુશીલાબેન જયંતીલાલ તુરખિયાના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૭૦) ૧/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રવિણાબેનના પતિ. ચંદ્રકાંત, મહેન્દ્ર તથા સરોજબેન અરુણકુમાર કામદારના ભાઈ, જીગર, ચિંતન, નિકિતાના કાકા. ઝોબાળા નિવાસી સ્વ.અમૃતલાલ ઝોબાલિયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રોલ નિવાસી હાલ બોરીવલી, અ. સૌ. દિવ્યા દોશી (ઉં. વ. ૬૮) તા. ૧/૦૬/૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે નિતીન લાભશંકર દોશીના પત્ની. મયુરીના માતુશ્રી. જશવંતરાય, રજનીકાંત, મહેન્દ્રભાઈ, દિલીપભાઈ, રેખાબેન લલીતકુમાર ટોલીયા, હર્ષાબેન જીતેન્દ્ર મહેતા, જ્યોતિબેન રાજુભાઈ મહેતાના ભાભી. સ્વ. ભાનુબેન મનુભાઇ શાહના પુત્રી. દેવેશભાઈ તથા પરેશભાઈના બેન. ઠે બી -૦૫, જય ભવાની બિલ્ડીંગ, ગોવિંદ નગર, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભોરારા હાલે મદુરાઈ ગુરુપ્યારી મુલજી દેઢિયા (ઉં. વ. ૭૮) તા ૩૦-૫-૨૦૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. સ્વ. લાડબાઈ મુલજી દેઢિયાના સુપુત્રી. સ્વ. લધીબાઈ પાસુના પૌત્રી. ભુજપૂરના ગણપત પાસુના દોહિત્રી. ગુંદાલાના સ્વ સાકરબાઈ, સ્વ. જેઠાલાલ ભાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. સંપર્ક શરણ કુમાર સંગોઈ, બી-૯૦૧, રશ્મી હાઇટસ, એમ.જી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

મોટી ખાખરના કુસુમબેન છાડવા (ઉં. વ. ૮૦) તા. ૨-૬-૨૫ના અવસાન પામેલ છે. નાથીબાઇ ભીમશી મેઘજીના પુત્રવધૂ. સ્વ. નેમજીના ધર્મપત્ની. ભુજપુરના રતનબેન ભવાનજી ઉમરશી ભેદાના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સચીન શાહ, ફ્લેટ નં. ૧૩, ૩જે માળે, પાંડુરંગ કૃપા સોસાયટી, પાંડુરંગ વાડી, માનપાડા રોડ, ડોંબીવલી (ઇસ્ટ).

ભોજાયના જીવરાજ દામજી નાગડા (ઉં. વ. ૯૨) તા. ૨-૬-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. વાલબાઇ દામજી પાલણ (સ્થાનકવાળા)ના પુત્ર. કેસરના પતિ. સં.પ.પૂ.પૂ. રાજશેખરસાગર મ.સા., નવીન, ઉદયના પિતાશ્રી. શેરડીના પુરબાઈ શામજી, દેવજી, મુરજી, ડુમરાના લક્ષ્મીબેન હંસરાજ, મંજલ રે.ના હેમલતા પદમશી, મણીલાલના ભાઇ. દેઢીઆના માલબાઈ પ્રેમજી માણેકના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : નવીન નાગડા, ૪૭, સરસ્વતી સદન, ખેરવાડી, વાંદરા (પૂ).

શેરડી (સુજાલપુર) હાલે મુંબઈના રવિલાલ ખીમજી ઉમરશી ગાલા (ઉં. વ. ૮૯) તા.૨-૬-૨૫ના અવસાન પામેલ છે. પુણ્યશ્લોકી પુષ્પાબેનના પતિ. મઠાંબેન ખીમજીના સુપુત્ર. કાંતિલાલ, સુનીતાના પિતા. ગોધરાના અમૃતબેન, મોથાળાના હિરબાઈના ભાઈ. ખારુઆના માલબાઈ ધનજી આસુભાઈના જમાઈ. પ્રાર્થના : શ્રી ક.વિ.ઓ. દે.જૈન મહાજન સં. જીરાવલ્લા દેરાસર હોલ, દેરાસર લેન, ઘાટકોપર. સમય ૩ થી ૪.૩૦.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# આરબીઆઈ હૅટ-ટ્રિકના મૂડમાં

**ટ્રમ્પની ટૅરિફ વૉરને કારણે વૈશ્ર્વિક સ્તરે પ્રસરેલી અનિશ્ચિતતા, સ્થાનિક સ્તરે ઈન્ફ્લેશનનું અનુકૂળ સ્તર અને અર્થતંત્રને વેગ આપવાની આવશ્યકતા જોતાં જૂન પૉલિસીમાં આરબીઆઇ રિપોઝિશન રેટમાં સતત ત્રીજી વખત પચ્ચીસ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી પ્રબળ શક્યતા**




કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

નીતિ આયોગે તાજેતરમાં એવી જાહેરાત કરી હતી કે ભારત જાપાનને પાછળ ખસેડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. જોકે, પાછળથી એવી સ્પષ્ટતા કરી હતી કે, હજુ વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું નથી, પરંતુ વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં બની જશે! હવે વળી વડાપ્રધાનની ઇકોનોમી એડવાઇઝરી કાઉન્સિલના સભ્યએ એવું કથન કર્યું છે કે, ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે! જોકે, એ જ સાથે એવી ચર્ચા પણ છેડાઇ છે કે અર્થતંત્ર ડોલરના ધોરણે ગમે એટલું દમદાર બને, પરંતુ સામાન્ય નાગરિકોની આમદનીમાં તો કાણો પૈસો ય વધ્યો હોય એવું લાગતું નથી!

ખેર આ ટિપ્પણીમાં થોડું વજૂદ છે અને એની પાછળનાં કારણો અને એમાંથી ઉદ્‌ભવનારા પ્રશ્નનો જવાબ જુદી ચર્ચાનો વિષય છે. અલબત્ત એકવાત એ પણ ખરી છે કે આપણા પગારમાં એકે પૈસો ભલે ના વધ્યો હોય પરંતુ જ્યારે આપણે આવા સમાચાર વાંચીએ ત્યાર ગર્વ અવશ્ય થાય છે. જીડીપીના તાજા આંકડા પણ મજબૂત આવ્યા છે.

હવે મુદ્દો એ છે કે ભારત ઝડપી ત્વરા સાથે પાંચ ટ્રિલિયન ડૉલરની ઇકોનોમી બનવા તરફ આગળ વધવા માગે છે. આ વેગ મેળવવા માટે રિઝર્વ બેન્ક વ્યાજદરમાં ઘટાડો કરીને થોડું ઇંધણ ઉમેરવાનું કામ કરશે, તર્ક તો એવું કહે જ છે, પરંતુ સાથે આર્થિક સંયોગો પણ અનુકૂળ જણાઇ રહ્યાં છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) અન્ય સાનુકૂળ પરિબળોને ધ્યાનમાં રાખીને આર્થિક વિકાસને ટેકો આપવા માટે ફેબ્રુઆરી અને એપ્રિલ બાદ જૂનમાં રિપોઝિશન રેટ (રિપો રેટ)માં સતત ત્રીજી વખત પચ્ચીસ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાના મૂડમાં હોય અને એની તૈયારી કરી રહી હોય એવા સંકેત મળી રહ્યાં છે.

હાલમાં રિપો રેટ ૬.૦૦ ટકા છે. આરબીઆઇની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) આગામી સમીક્ષામાં છઠ્ઠી જૂને રિપો રેટમાં ફરી એક વખત પચ્ચીસ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી શક્યતા અનેક અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે. આરબીઆઇની એમપીસી બેઠક આજે ચોથી જૂનથી શરૂ થશે અને તે છઠી જૂને પરિણામ જાહેર કરશે.

ગ્રાહક ભાવાંક (સીપીઆઇ) સતત ત્રીજા મહિને, આરબીઆઇના મધ્યમ ગાળાના ચાર ટકાના લક્ષ્યાંકથી નીચે રહ્યો હોવાથી બેન્કિંગ ક્ષેત્રની નિયામકને બેન્ચમાર્ક દરોમાં વધુ ઘટાડો કરવા માટે અવકાશ મળ્યો છે. અગાઉ જણાવ્યું તેમ કેન્દ્રિય બેન્ક હવે વૃદ્ધિ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

એપ્રિલ પોલિસી દરમિયાન કેન્દ્રીય બેંકે, નીતિ દરના ઘટાડા સાથે, આર્થિક દૃષ્ટિકોણનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવાની આવશ્યકતાનો ઉલ્લેખ કરીને તેનું વલણ ‘તટસ્થ’ થી બદલીને ‘સહનશીલ’ (ન્યુટ્રલથી બદલીને ટોલરન્ટ) જાહેર કર્યું હતું. આ અનુકૂળ વલણનો અર્થ એ છે કે કેન્દ્રીય બેંક આર્થિક વિકાસને વેગ આપવા માટે નાણાં પુરવઠાને વધુ વિસ્તૃત કરવા માટે તૈયાર છે.

અનુકૂળ નીતિ સમયગાળા દરમિયાન, કેન્દ્રીય બેંક વ્યાજદરોમાં ઘટાડો કરવા તૈયાર હોય છે અને દરમાં વધારો મોટેભાગે ટાળવામાં આવે છે. જ્યારે વૃદ્ધિને નીતિ સહાયની જરૂર હોય અને ફુગાવો તાત્કાલિક ચિંતાનો વિષય ન હોય ત્યારે કેન્દ્રીય બેંક સામાન્ય રીતે અનુકૂળ નીતિ અપનાવે છે. અર્થશાસ્ત્રીઓ અનુસાર ભારતીય રિઝર્વ બેંક દ્વારા રૂ. ૨.૬૯ લાખ કરોડના બમ્પર ડિવિડન્ડથી પણ નાણાકીય પરિસ્થિતિ હળવી થવાની અપેક્ષા છે, જે કેન્દ્રને વર્ષ માટે ૪.૪ ટકાના ખાધ લક્ષ્યાંક સંદર્ભે મદદ કરશે. એ જ સાથે આરબીઆઇ તરફથી પ્રવાહિતા વધારવા માટે વધુ નાણાં પ્રવાહ સિસ્ટમમાં ઠાલવવામાં આવે એવી શક્યતા પણ ચર્ચાઇ રહી છે.

ઇન્ફ્લેશન લેવલ અંગે વાત કરતા ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર મલ્હોત્રાએ તાજેતરમાં કહ્યું હતું કે ટ્રમ્પ ટેરિફ ભારતીય અર્થતંત્ર પર બે વિરોધી અસરો કરી શકે છે. એક તરફ ઇમ્પોર્ટેડ ઇન્ફ્લેશનને પરિણામે ભાવ સ્તરમાં વધારો થશે અને બીજી બાજુ, ધીમી વૈશ્વિક માગ ભાવમાં ઘટાડો કરશે.

જોકે, બીજી અસર વધુ મજબૂત રહેવાની હોવાથી, ટેરિફના કારણે ભારતીય અર્થતંત્ર માટે એકંદરે ફુગાવો ઓછો થવાની શક્યતા હોવાનું આરબીઆઇ ગવર્નરે જણાવ્યું હતું. બહુ ઓછા નિષ્ણાતો માને છે કે જૂન પોલિસીમાં કેન્દ્રીય બેંક તેના ફુગાવાના અંદાજમાં સુધારો કરશે, કારણ કે ખાદ્ય ફુગાવો અને એકંદર મુખ્ય ફુગાવો આરબીઆઇના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી નીચે રહેશે.

જોકે, ચોમાસા અને અન્ય સંભવિત પ્રતિકૂળ હવામાન ઘટનાઓની અનિશ્ચિતતા જોતા, કેટલાક અર્થશાસ્ત્રીઓએ સીપીઆઇ ફુગાવાનો અંદાજ ૨૦થી ૩૦ બેસિસ પોઇન્ટ સુધી ઘટાડવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરી છે. એક ટોચના અર્થશાસ્ત્રીએ કહ્યું હતું કે, આરબીઆઇ પાસે અંદાજ ઘટાડવાનો અવકાશ છે કારણ કે મૉડેલ-આધારિત અંદાજ ૩.૫ ટકા પર ટ્રેક કરી રહ્યો છે, ભલે ખાદ્ય પુરવઠાના સંભવિત આંચકા માટે બફર રાખ્યો હોય. ગયા વર્ષથી મુખ્ય ફુગાવો નીચો રહ્યો છે, જે નકારાત્મક આઉટપુટ ગેપની હાજરી દર્શાવે છે.

એપ્રિલ નાણાકીય નીતિ દરમિયાન, આરબીઆઇએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે સીપીઆઇ ફુગાવાનો અંદાજ ઘટાડીને ચાર ટકા કર્યો હતો, જેમાં પ્રથમ ક્વાર્ટર માટે ૩.૬ ટકા, બીજા ક્વાર્ટર માટે ૩.૯ ટકા, ત્રીજા ક્વાર્ટર માટે ૩.૮ ટકા અને ચોથા ક્વાર્ટર માટે ૪.૪ ટકા હતો. ભારતનો રિટેલ ફુગાવો માર્ચમાં ૩.૩૪ ટકાથી ઘટીને એપ્રિલમાં ૩.૧૬ ટકા થયો હતો. સરકારે જણાવ્યું છે કે જુલાઈ ૨૦૧૯ પછી ફુગાવાનો આ સૌથી નીચો વાર્ષિક દર છે.

આમ છતાં, કેટલાક નિષ્ણાતો માને છે કે આરબીઆઇના વૃદ્ધિ અંદાજમાં ઘટાડો થશે. ખાસ કરીને જો પ્રથમ ક્વાર્ટરમાં જીડીપી અપેક્ષાઓ કરતાં ઓછો હોય તો ઘટાડાનું જોખમ રહેશે. એપ્રિલ નીતિ સમીક્ષા દરમિયાન, આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ભારતના વિકાસદરના અંદાજને સુધારીને ૬.૫ ટકા કર્યો હતો, જે ફેબ્રુઆરીની બેઠકમાં ૬.૭ ટકા હતો.

ગવર્નર મલ્હોત્રાએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટર માટે જીડીપી વૃદ્ધિ ૬.૫ ટકા (૬.૭ ટકાથી નીચે), બીજા ક્વાર્ટર માટે ૬.૭ ટકા (૭ ટકાથી નીચે), ત્રીજા ક્વાર્ટર માટે ૬.૬ ટકા (૬.૫ ટકાથી ઉપર) અને ચોથા ક્વાર્ટર માટે ૬.૩ ટકા (૬.૫ ટકાથી નીચે) રહેવાનો અંદાજ પણ મૂક્યો હતો.

ટૂંકમાં કથાનો સાર એ જ છે કે આ વખતે સતત ત્રીજી વખત વ્યાજદરમાં ઘટાડો ચોક્કસ જોવા મળશે. ■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ઈલોન મસ્કનો થયો મોહભંગ...

**અમેરિકાના પ્રમુખના પરમ મિત્ર ગણાતા વિશ્વના સૌથી ટોચના ડૉલરિયા શ્રીમંત ઈલોન મસ્કે ટ્રમ્પના વહીવટીતંત્રમાંથી ધાર્યા કરતાં વહેલું રાજીનામું આપી દીધું...**



ઈલોન મસ્ક – ડૉનલ્ડ ટ્રમ્પ

**વર્ષો** વીતી ગયા એ વાતને છતાં ‘બિગ બી’ હજી પણ રાજકારણમાં પ્રવેશવા બદલ પસ્તાઈ રહ્યા છે.. અમિતાભ બચ્ચને ૧૯૮૪માં નિકટના મિત્ર રાજીવ ગાંધીના કહેવાથી રાજકારણમાં ઝંપલાવ્યું હતું. ૧૯૮૪માં એમણે લોકસભા ચૂંટણીમાં અલાહાબાદ બેઠક પર હેમવંતીનંદન બહુગુણાને હરાવ્યા હતા. જોકે રાજકારણનો કડવા ઘૂંટએ પીને પચાવી ન શક્યા અને એમણે સંસદસભ્ય પદેથી રાજીનામું આપી દીધું.

બોફોર્સ તોપ કૌભાંડમાં અમિતજીનું નામ ઉછળ્યું હતું. પોતાના નાના ભાઈ અજિતાભના ભરોસે ધંધો કરવા જતાં અમિતાભ દેવાળિયા બની ગયા હતા.. અમિતાભ કબૂલાત કરે છે કે મેં રાજકારણમાં જોડાવાનો નિર્ણય ભાવુકતાથી લીધો હતો. મારામાં રાજકારણી બનવાનું કૌશલ નહોતું. અમિતાભ ત્યાર બાદ સંઘર્ષ કરીને દેવામાંથી માંડ માંડ બહાર આવ્યા અને ‘બોલિવૂડના બાદશાહ’નું બિરુદ પાછું મેળવ્યું.

આવું જ કંઈક વિશ્વના ટોચ અબજોપતિ ઈલોન મસ્ક સાથે થયું છે. એમના માટે ફક્ત રાજકારણમાં પ્રવેશવું એક માત્ર અકસ્માત અને દુઃસ્વપ્ન સિદ્ધ થયું છે. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ‘ટેસ્લા’ના માલિક મસ્કની દોસ્તી ‘શોલે’ના જય અને વીરુ જેવી ગણાતી હતી, પરંતુ મસ્કે પોલિટિક્સના પારખા કર્યા બાદ ટ્રમ્પના વહીવટીતંત્રમાંથી રાજીનામું આપ્યું છે. અમિતાભને જે ત્રણ વર્ષમાં સમજાયું એ મસ્કને ત્રણ મહિનામાં સમજાઈ ગયું.

ઈલોન મસ્કે પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પને જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મસ્કે ગયા વર્ષે ટ્રમ્પ અને એમના સાથીદારોને જીતાડવા ૩૦ કરોડ ડૉલરનું ડોનેશન પણ આપ્યું હતું. મસ્ક હવે સ્વીકારે છે કે હવે હું રાજકારણમાં ઓછો ખર્ચ કરીશ. મને લાગે છે કે મેં રાજકારણમાં ધાર્યા કરતાં વધુ ખર્ચ કર્યો છે...

મસ્કે મિત્ર ટ્રમ્પને જીતાડી તો દીધા, પરંતુ આના બદલામાં વિશ્વનાએ સૌથી ધનિક માણસને શું મળ્યું? રાજકારણમાં જોડાવવા માટે મસ્કને મોટી નાણાકીય ખોટ સહન કરવી પડી. ટ્રમ્પને આપેલા ૩૦ કરોડ ડૉલર તો સરભર ન થયા, પરંતુ એની ઈ-વ્હીકલ કંપની ‘ટેસ્લા’ અને બીજી કંપનીમાં નુકસાન થવા માંડ્યું. એમાંય એની જે સુપર હોટ ગણાતી પ્રોડકટ ‘ટેસ્લા’ કારનું વેચાણ ઘટવા માંડ્યું.

ટ્રમ્પે મસ્કને ‘ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ એફિશિયન્સી’ (ડોજ)ના વડા બનાવ્યા હતા. મસ્કે ત્યારે દાવો કર્યો હતો કે હું અમેરિકા દ્વારા થતો બિનજરૂરી અને બેફામ ખર્ચ પર લગામ નાખીશ. ટ્રમ્પે જાન્યુઆરીમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યા ત્યાર બાદ અબજોપતિ મસ્ક એમના ખાસ વિશ્વાસુ અને સલાહકાર બનીને ટ્રમ્પ વતી સરકારી કચેરીઓમાં કોસ્ટ કટિંગના જે નિર્ણયો લીધા એનાથી જોબ ગુમાવનારા અનેક કર્મચારીઓ અને લાગતા-વળગતા લોકો નારાજ થયા. અમેરિકનોએ ‘ટેસ્લા’ કારનો બહિષ્કાર કરવાનું અને કારના ધંધાને નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું. મસ્કની કંપની ટેસ્લા, સ્પેસએક્સ અને એક્સ નુકસાન કરવા માંડી. મસ્ક પર દબાણ આવ્યું કે એ રાજકારણ છોડીને પોતાની કંપનીઓ પર ધ્યાન આપે. ૨૦૨૫ના પહેલા ત્રિમાસિકમાં ‘ટેસ્લા’નું વેચાણ ૧૩ ટકા ઘટી ગયું છે. મસ્કની નેટ વર્થમાં ૨૦૨૫ના પહેલા ત્રિમાસિકમાં ૧૧૬ અબજનો ઘટાડો થયો., એની નેટ વર્થ ૩૧૬ અબજ ડૉલરની થઈ. ‘ટેસ્લા’ના શૅરનો ભાવ ડિસેમ્બર ૨૦૨૪માં ચરમસીમાએ હતો એ ૪૫ ટકા ઘટી ગયો. કારનું વેચાણ પણ યુરોપમાં ૫૦ ટકા અને અમેરિકામાં ૧૬ ટકા ઘટી ગયું.

આ બદલતો સિનારિયો જોયા પછી મસ્કે પોતે સ્વીકાર્યું કે ટ્રમ્પ સાથેની એની મિત્રતા અને નિકટતાને લીધે ‘ટેસ્લા’ના શૅરના ભાવ ગગડી ગયા.. મસ્કે પોતે કબૂલાત કરી હતી કે ફેડરલની અમલદારશાહી મેં ધારી હતી એનાથી પણ બદતર નીકળી.

મસ્કને ખાસ સરકારી કર્મચારી તરીકે ૧૩૦ દિવસનો મેન્ડેટ આપવામાં આવ્યો હતો. આ મેન્ડેટ ૩૦ મેએ ખતમ થવાનો હતો.. મસ્ક તો પહેલેથી જ ઈશારો કરી રહ્યા હતા કે એ ટ્રમ્પનું વહીવટતંત્ર છોડીને પોતાના ધંધા પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. આમ છતાં મસ્ક કહે છે કે હું ટ્રમ્પના મિત્ર અને સલાહકાર તરીકે હજી ચાલુ રહીશ. સામે ટ્રમ્પે મસ્કની પીઠ થાબડીને એના વખાણ કરતા કહ્યું કે મસ્ક એક ચતુર માણસ છે ... એને દેશ માટે ઘણો પ્રેમ છે અને મસ્કે કઈ રીતે બિનજરૂરી સરકારી ખર્ચ અટકાવ્યા એના દાખલા પણ ટ્રમ્પે આપ્યા હતા. ■

---

ફોક્સ પ્લસ
ભરત પંડ્યા
feedback@bombaysamachar.com



‘ઑપરેશન સિંદૂર’

# દેશના દુશ્મન કઈ રીતે ધ્રૂજી ગયા...?



**વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સાહસિક નેતૃત્વ સાથે જડબેસલાક યુદ્ધ આયોજન ને કુશાગ્ર કૂટનીતિથી સતત ધ્રૂજી રહ્યું છે પાકિસ્તાન!**

*સિંદૂર શોભનં રકતં સૌભાગ્યં સુખવર્ધમનમ્ ।*
*શુભદં કામદં ચૈવ સિંદૂરં પ્રતિગુહ્યાતામ્।।*

લાલ રંગનું સિંદૂર શોભા, સૌભાગ્ય અને સુખ વધારનારું છે. શુભ અને તમામ ઈચ્છાઓ પૂરી કરનારું છે.. હે દેવ, તમે તેનો સ્વીકાર કરો....

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોની ઘાતકી હત્યાઓ દ્વારા મહિલાઓના સિંદૂર ભૂંસનાર પાકિસ્તાનના આતંકવાદીઓ સામે ભારતીય સૈન્યની વીરતા, મહિલા સ્વાભિમાન અને ધર્મો રક્ષતિ રક્ષિતઃને ચારિતાર્થ કરતું શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક નેતૃત્વમાં ઑપરેશન સિંદૂરનું આયોજન માત્ર આપણા દેશની ૧૪૦ કરોડની જનતાએ જ નહીં, વિશ્વના તમામ દેશોએ ‘સિંદૂર’નો અર્થ, ભાવ અને શક્તિ વિશેષ નોંધ લીધી છે. આ ઓપરેશને વિશ્વને આતંકવાદ સામે અને નારી સુરક્ષા માટેની અકલ્પનીય અને અદ્‌ભુત દિશાદર્શન તેમ જ શક્તિની પ્રેરણા આપી છે.

જેમ દેશનાં દરેક નાગરિકો માટે ‘તિરંગો’ એ ભારતની આન-બાન-શાન છે તેમ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓ માટે ‘સિંદૂર’ આન-બાન-શાન છે. આ આન બાન શાન કેવી બળુકી છે એની પ્રતીતિ નરેન્દ્રભાઈ મોદીએ સૈન્યશક્તિના ઓપરેશન સિંદૂર દ્વારા કરાવી દીધી છે. વિશ્વભરના અખબારો ટીવી ચેનલ્સ અને સોશિયલ મીડિયામાં એની સૌથી વિશેષ નોંધ લેવાઈ છે.

ગુજરાતમાં ચાર જગ્યાએ તિરંગાયાત્રામાં મારે પ્રત્યક્ષ જવાનું થયું. સતત દેશ-વિદેશની ચેનલો, સમાચારપત્રો જોયાં-જાણ્યાં પછી એટલું ચોક્કસ કહી શકાય કે..રામાયણમાં માતા સીતાજીને માથામાં સિંદૂર પૂરતા જોઈને હનુમાનજીએ સીતામાતાને પૂછ્યું હતું કે ‘મા, તમે કેમ સિંદૂર લગાવો છો ?

સીતાજીએ જવાબમાં કહ્યું : ‘હું મારા સ્વામી શ્રીરામના લાંબા આયુષ્ય અને મંગલકામના માટે આ સિંદૂર લગાવું છું...’

સીતાજીની આ વાત સાંભળીને હનુમાનજી એ પણ આખા શરીર ઉપર સિંદૂર ચોપડી દીધું. જે રીતે પ્રભુભક્તિ માટે સિંદૂરીયા હનુમાનજી પ્રચલિત થયાં. તે રીતે દેશભક્તિ અને નારીસુરક્ષા ગૌરવ માટે સિંદૂરીયા વડા પ્રધાન યુદ્ધના ઈતિહાસમાં સદા યાદગાર રહેશે.

આતંકવાદના જવાબમાં નરેન્દ્રભાઈ મોદીએ ઉચ્ચારેલાં આ ત્રણ વાક્યમાં રાષ્ટ્રની યુદ્ધનીતિ સ્પષ્ટ કરી દીધી હતી. એ ત્રણ વાક્ય છેઃ

૧) આતંકવાદીઓને એવી સજા મળશે, જેની એ કલ્પના પણ નહીં કરી શકે...

૨) લોહી અને પાણી એક સાથે વહી ન શકે...

૩) ટેરર- ટ્રેડ અને ટોક એક સાથે નહીં થાય...

- અને આ વાત આપણા સૈન્યએ માત્ર ૨૨ મિનિટમાં પાકિસ્તાનના ૯ સ્થાન ઉપર ત્રાટકીને ૧૦૦ જેટલા આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો સાથે ૧૨જેટલા એરબેઝને નુકસાન પહોંચાડ્યું.

અહીં ભારતીય સેનાએ પાકિસ્તાનની પ્રજા કે સૈન્યને ટાર્ગેટ કરી નથી. અત્યારે ભારતના તમામ રાજકીય પક્ષોના ૫૯ જેટલાં નેતાઓ સાથે ૮૫ રાજપૂતો સાથે સાત પ્રતિનિધિ મંડળો ૩૨ જેટલાં દેશોમાં પ્રવાસ કરીને આતંકવાદી પાકિસ્તાનની કરતૂતોને વિશ્વ સમક્ષ ખુલ્લા પાડી રહ્યાં છે અને ભારતની આતંકવાદ સામેની ‘ઝીરો ટોલરન્સ’ નીતિ સાથે ભારતનું ગૌરવ વધારી રહ્યાં છે. આતંકવાદ સામેની લડાઈમાં વિશ્વને એક કરવા માટેના સમર્થનમાં આજે ભારત નેતૃત્વ કરી રહ્યું છે.

ભારતના કોઇપણ આતંકવાદી દુશ્મનને પાકિસ્તાનમાં શોધી શોધીને મારવામાં આવે છે અને તેના અડ્ડાઓને પણ નાશ કરવામાં આવે છે અને વડા પ્રધાને પણ એ નિર્ધાર જાહેરમાં વ્યક્ત કરી દીધો છે કે ‘ગોળીની સામે અમે તોપ ગોળાથી જવાબ આપીશુ!’

એક તરફ આપણું રાષ્ટ્ર ના-પાક આતંકવાદના એરુને કચડી નાખવા તત્પર છે ત્યારે બીજી બાજુ, પાકિસ્તાનમાં ભયંકર રાજકીય અસ્થિરતા છે. બલુચિસ્તાનમાં બળવો છે. તેના લશ્કર સામે જનતાનો ભયંકર આક્રોશ છે અને તેનું અર્થતંત્ર ખલાસ થઈ રહ્યું છે. જીવન જરૂરીયાતની વસ્તુઓનો અભાવ છે. પાકિસ્તાનમાં ભયંકર મોંઘવારી અને બેરોજગારીમાં જનતાની હાલત કફોડી છે.

અત્યારે ચીનના પ્રેસિડેન્ટ શી ઝિનપિંગની ‘વિસ્તારવાદી’,

રશિયાના પ્રમુખ પુતિનની ‘યુદ્ધવાદી’, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ‘ટેરીફવાદી’ અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ‘વિકાસવાદી’ની સજ્જડ છાપ ઊપસી છે.

જાપાનને પાછળ રાખીને ભારત વિશ્વની ચોથા નંબરની અર્થવ્યવસ્થા બની છે. વર્ષ ૨૦૧૪માં ભારતનું અર્થતંત્ર બે ટ્રિલિયન ડૉલર હતો. હવે, એપ્રિલ-૨૫માં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF)ના વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક રિપોર્ટ મુજબ અર્થતંત્રને ચાર ટ્રિલિયન પર પહોંચાડીને આત્મનિર્ભર ભારતે વિશ્વને વિરાટ શક્તિનું દર્શન કરાવી દીધું છે.

મીડિયા વૉર અને માઈન્ડ વૉરના જમાનામાં લોકોને યુદ્ધનો માહોલ ગમતો હોય છે, પરંતુ યુદ્ધ પછીની બેહાલી ગમતી નથી. અત્યારે વર્લ્ડવૉર જેવી પરિસ્થિતિ છે. ઈઝરાયલ અને ગાઝા પટ્ટીમાં તેમ જ રશિયા અને યુક્રેન વચ્ચેના દૃશ્યો સતત ટીવી પર આવતાં જોઈને નિર્દોષ લોકોના જાનમાલની ખુવારી, ખંડેર થતાં બિલ્ડિંગો, ભાંગેલા-તૂટેલા ઘરો, રોટી માટેની રોક્કળ સાથે ફાંફા મારતા ટોળાઓ, મહિલા અને બાળકોના હૃદયદ્રાવક દૃશ્યોથી ભારતની માનવતાને પીડા થતી હોય છે. એટલે જ આ બધા વચ્ચે આપણા વડા પ્રધાને રશિયા સહિત દેશોને ‘આ સમય ‘યુદ્ધ’નો નહીં, પરંતુ ‘બુદ્ધ’નો છે’ તેમ કહીને વિશ્વ શાંતિ અને લોકકલ્યાણનો સંદેશ આપ્યો છે.

વિશ્વના કેટલાંક દેશો ભારતના નેતૃત્વ, વિકાસ અને પ્રગતિની ઈર્ષ્યા કરી રહયાં છે. કેટલાંક દેશોને પોતાના શસ્ત્રો વેચવામાં રસ છે. એટલે યુદ્ધ થાય એમાં રસ છે, પરંતુ શ્રી મોદીજી કોઈનાં દબાણમાં કે યુદ્ધની ટ્રેપમાં આવે એવા નથી. પાકિસ્તાનની જનતા કે લશ્કરને નુકસાન પહોંચાડ્યાં વગર ભારતે માત્ર આતંકવાદીઓ, તેના અડ્ડાઓને અને એરબેઝનો ખાત્મો કરીને યુદ્ધની શુદ્ધતા દ્વારા પોતાની મજબૂત સૈન્યશક્તિના દર્શન કરાવી દીધાં છે. અને સાથે સાથે વડા પ્રધાને નયા ભારતની ચાણક્યનીતિ અને યુદ્ધ નીતિ દ્વારા સ્પષ્ટ જણાવી દીધું છે કે પાકિસ્તાન કોઈપણ આતંકી કૃત્ય કરશે તો તે યુદ્ધ જ ગણાશે. અને ભારત યુદ્ધની જેમ જ તેનો જડબાતોડ જવાબ આપશે. એટલે કે ‘ઑપરેશન સિંદૂર’ હજુ પૂરું થયું નથી. એ ચાલુ જ રહેશે.

બીજા શબ્દોમાં વડા પ્રધાન નરેદ્ર મોદીએ ભારતની નીતિ એ યુદ્ધ - શુદ્ધ - બુદ્ધની નીતિ રહી છે. તે સમસ્ત વિશ્વને બતાવી દીધું છે.■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# કાર ચલાવતી મહિલા સુંદર કેમ લાગે છે ?



દેશના શહેરોમાં મહિલા કાર ચલાવે એ લગભગ સિત્તેરના દાયકાથી સામાન્ય બાબત છે. અમિતાભ અને રાજેશ ખન્નાના યુગમાં હીરોઈન કાર ચલાવતીને ગાયન ગાતા જોઈ છે. ધીમે ધીમે સમૃદ્ધિ ગ્રામ્ય વિસ્તારો તેમ જ દૂરદરાજના વિસ્તારોમાં વધવા લાગી છે. શહેરી વિસ્તારોમાં મહિલાઓ પોતાની પ્રતિભાને અનુરૂપ કારનું મોડેલ પસંદ કરવા લાગી છે અને કાર કંપનીઓ પણ મહિલાઓને પસંદ પડે એ રીતે કારની જાહેરાત કરવાનું ચુકતા નથી. ગ્રામીણ ભારત પણ બદલાવા લાગ્યું છે. ભારતના દરિયાકાંઠે, પહાડોની વચ્ચે કે જંગલના રોમાંચક માર્ગો પર કાર ડ્રાઈવ કરતી મહિલાઓ હંમેશાં આકર્ષક લાગે છે.

કાર ચલાવતીવેળા આપણે જે સ્ત્રીઓના આકર્ષક દેખાવની વાત કરીએ છીએ એમાં ફક્ત શારીરિક સૌંદર્યની વાત નથી, પણ આધુનિક સમયમાં સ્ત્રીઓમાં વધેલા આત્મવિશ્વાસ, સ્વતંત્રતા, જીવનશૈલી અને ડ્રાઇવિંગની કુશળતાને લીધે આકર્ષક લાગે છે. આજના યુગમાં મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, કેરિયર માટે ગંભીર હોવાથી આર્થિક સ્વાયત્તતામાં આત્મનિર્ભર થવા લાગી છે, મહિલા કાર ચલાવે છે ત્યારે એના ચહેરા પર આવા અનેક કારણોસર જબરો આત્મવિશ્વાસ છલકે છે. મહિલામાં વધેલો આત્મવિશ્વાસ સૌંદર્યને નિખારે છે.

આ વાતને સરળ શબ્દોમાં કહીએ તો જિંદગીની ભાગદોડમાં સ્ત્રી માટે કાર ડ્રાઈવ કરવી એ કોઈ લકઝરી નથી, પણ જરૂરિયાત છે. મૂળ વાત એ છે કે પુરુષ કાર ચલાવતી વેળાએ ખાસ આકર્ષક લાગતો નથી, પણ સ્ત્રી જયારે કાર ચલાવે છે ત્યારે સશક્તીકરણ અને આધુનિકતા આંખે ઉડીને દેખાય છે. ભારતના સામાજિક સંદર્ભમાં વિચારીએ તો ડ્રાઇવિંગ કરતી મહિલાઓ દેશની બદલાતી માનસિકતાનું પ્રતીક છે. શિક્ષણ અને કેરિયરની તકના વધારા સાથે મહિલાઓ હવે ઘરની બહાર નીકળીને પોતાની ઓળખ બનાવી રહી છે.

મુંબઈ, દિલ્હી, બૅંગલુરુ, અમદાવાદ હોય કે પછી કોઈપણ ટ્રાફિકની ભીડભાડવાળા રસ્તાઓ પર કાર ચલાવતી મહિલા હંમેશાં આકર્ષક લાગતી હોય છે. ટ્રાફિક સિગ્નલ પાસે ઉભેલી કારમાં મહિલા સરસ મજાનું ગીત વાગતા કે મનગમતી વ્યક્તિ સાથે વાત કરતી વેળાએ સાઉન્ડ મોટો કરીને સ્ટીયરિંગ પર ગીતની તર્જ પર આંગળીઓ રમાડતી રાખીને હળવું સ્માઈલ આપે ત્યારે એ સુંદર જ નહીં, પણ તાજગીથી ભરપૂર લાગે છે. ભારતીય મહિલાઓને ખબર છે કે કપડાંની સ્ટાઇલ તેના વ્યક્તિત્વને આકર્ષક બનાવે છે. એટલે જ ફેશન જગત સલાહ આપતું હોય છે કે ડ્રાઇવિંગ દરમિયાન આરામદાયક અને સ્ટાઇલિશ કપડાં પસંદ કરવા જોઈએ. ફેશનની દુનિયા કાર ચલાવતી વેળાએ એક્સેસરીઝ અંગે માને છે કે વધુ પડતા ભારે ઘરેણાં ટાળો, કારણ કે તે ડ્રાઇવિંગ દરમિયાન અસુવિધા ઊભી કરી શકે છે. ડ્રાઇવિંગ દરમિયાન હળવી એસેસરીઝ નાજુક અને નમણો લૂક આપવામાં મદદ કરે છે.

સામાન્ય સંજોગોમાં પુરુષ ઘરની બહાર હોવા છતાં અજ્ઞાત કારણોસર સ્કીનને સાફ કરતા રહેવી, પરસેવો સાફ કરવો કે ચહેરા પર સનલોશન ક્રીમ લગાવવા અંગે ખાસ જાગૃત હોતા નથી. સ્ત્રી કોઈપણ કારણોસર ઘરની બહાર કાર લઈને નીકળે ત્યારે પોતાના દેખાવ અંગે મહદઅંશે જાગૃત હોય છે. એ જરૂર જેટલો મેકઅપ કરતી હોય છે. ગરમીમાં એમના ચહેરા પર પરસેવો દેખાતો નથી અને સ્કિન ચમકતી દેખાય છે. આ હળવો મેકઅપ ડ્રાઇવિંગ દરમિયાન ચહેરાને ગ્લેમરસ અને ફ્રેશ રાખે છે. લાઇટ ફેસ ક્રીમ કે વોટરપ્રૂફ ફાઉન્ડેશન નેચરલ લૂક આપે છે- નાજુક દેખાવ આપે છે. આંખો માટે લાઇટ આઇશેડો, થોડું કાજલ અને વોટરપ્રૂફ મસ્કારા આકર્ષક બનાવે છે. સ્ત્રી પોતાના ચહેરા મુજબ ગોગલ્સ પસંદ કરતી હોવાથી તેના લૂકને વધુ ગ્લેમરસ બનાવે છે. ભારતના ગરમ હવામાનમાં મેટ ફિનિશવાળા પ્રોડક્ટ્સ લાંબો સમય ટકે છે અને ગ્લેમરસ લૂક જાળવી રાખે છે. સરવાળે ભારતના ગરમ અને ભેજવાળા હવામાનમાં સ્કિનની કાળજી આવશ્યક છે.

કાર ચલાવતા આકર્ષક દેખાવા માટે સૌથી વધુ જરૂરી છે વ્યક્તિના એક્સપ્રેશન એટલે કે હાવભાવ. ટ્રાફિકમાં અકારણ ગુસ્સો કરવા કરતાં સ્ત્રી શાંત રહી શકતી હોય છે. અકારણ ગુસ્સો અને ચીડિયાપણું દૂર કરીને વાહન ચલાવવાનો આનંદ વધારે આકર્ષક બનાવે છે. યુએસ અને યુરોપ જેવા પ્રગતિશીલ દેશોમાં મહિલાઓ લેધર જેકેટ, રિપ્ડ જીન્સ, ઓવરસાઇઝ્ડ ગોગલ્સ અને બોલ્ડ લિપસ્ટિક સાથે ડ્રાઇવ કરે છે. કારની પસંદગી બાબતે અલગ મત ધરાવતા હોય છે ને એમની પસંદ અંગે અનેક રિસર્ચ થતાં હોય છે. જાપાન અને દક્ષિણ કોરિયામાં લગભગ ભારતીય મહિલાઓની જેમ નેચરલ મેકઅપ સાથે નાજુક નમણાં લૂકને પસંદ કરે છે. ભારતીય ફેશન વિશ્વના ઘણા દેશોની મહિલાઓના આત્મવિશ્વાસને વધારવામાં મદદ કરે છે.

ભારતીય મહિલાઓને કાર ચલાવતી વેળાના સુંદર દેખાવ માટે ફિલ્મોએ મોટો ભાગ ભજવ્યો છે. ભારતીય સિનેમાએ ડ્રાઇવિંગ કરતી મહિલાઓના આકર્ષણને વધુ નિખાર્યું છે. ફિલ્મ 'જબ વી મેટ'માં કરીના કપૂરનું બેફિકર અને બબલી લૂક, 'ઝિંદગી ના મિલેગી દોબારા'માં કટરીના કૈફનું રોમેન્ટિક અને એડવેન્ચરસ લૂક હોય કે યે 'જવાની હૈ દીવાની'માં દીપિકા પાદુકોણનો નાજુક અને આધુનિક લૂક અને 'તુ જૂઠી મૈં મક્કાર'માં શ્રદ્ધા કપૂરનો લાપરવાહીવાળો લૂક યુવતીઓને હંમેશાં પ્રેરણા આપતું રહ્યું છે. યંગ ઓડિયન્સને લોભાવતી ફિલ્મોમાં ડ્રાઇવિંગ દ્રશ્યોમાં સ્ટાઈલિશ સનગ્લાસ, ખુલ્લા વાળ અને મોડર્ન ડ્રેસ બતાવવામાં આવે છે, જેણે ભારતીય મહિલાઓની ફેશન સેન્સ પર ઘણી અસર કરી છે.

આપણે ભલે સિનેમાથી પ્રભાવિત હોઈએ પણ વાસ્તવિક જગતમાં અલગ અલગ વિસ્તારોમાં મહિલાઓને કાર ચલાવતા જોઈએ ત્યારે એમના સૌંદર્ય સાથે એમની ફેશનની સમજ અને આત્મવિશ્વાસ નજરે ચડે છે. દરિયાકાંઠાના રસ્તાઓ પર કાર દોડાવતી સ્ત્રી ઘણીવાર રોમેન્ટિક, બેફિકર અને સ્વતંત્ર દેખાય છે.. જંગલના રસ્તાઓ પર કાર ચલાવતી સ્ત્રી બોલ્ડ, એડવેન્ચરસ અને નીડર દેખાય છે. જંગલનું કુદરતી વાતાવરણ તેના સૌંદર્યને એક અલગ નીડર રૂપ આપે છે. પહાડી રસ્તાઓ પર કાર ચલાવતી સ્ત્રી હંમેશાં શાંત, ગ્રેસફુલ અને રોમેન્ટિક લાગે છે. પહાડોની લીલોતરી અને ઠંડી હવા તેના લૂકને નાજુક અને આકર્ષક બનાવે છે. આપણા સિનેમાની અસરનો ફાયદો એ છે કે ક્યાં વિસ્તારમાં કેવી ડ્રેસ સેન્સ હોવી જોઈએ એની સમજ સ્ત્રીને ફક્ત આકર્ષક નહીં પણ તેનામાં આત્મવિશ્વાસ ભરી દે છે.

એક આડ વાત કરી લઈએ, આજકાલ સ્ત્રી મોટરસાઇકલ પણ ચલાવતી હોય છે. મોટરસાઇકલ ચલાવવી બોલ્ડ, રફ-ટફ અને રિસ્કી પ્રવૃત્તિ ગણાય છે. ભારતીય સમાજમાં મોટરસાઇકલ ચલાવવી એ હજુ પણ મોટે ભાગે પુરુષો સાથે જોડાયેલી છે અને જ્યારે સ્ત્રી ચલાવે છે ત્યારે એને બાગી ગણવામાં આવે છે. બાઈક ચલાવતી સ્ત્રીને નાજુક કે નમણી લાગવાને બદલે શક્તિશાળી અને દબંગ માનવામાં છે. સરવાળે કેટલાક લોકોની સુંદરતાની પરંપરાગત વ્યાખ્યા સાથે મેળ ખાતો નથી. ■

**ધ એન્ડ**

***સ્ત્રીએ ડ્રાઇવિંગ દરમિયાન સ્ટ્રેસ દેખાવા દેવો જોઈએ નહીં, શાંત અને સંયમિત હાવભાવ એને વધુ ગ્લેમરસ અને આત્મવિશ્વાસભર્યું લૂક આપે છે.***

---

આ તો સ્કેમ છે... સ્કેમ છે..!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ખજાનો લૂંટાયા વિશેના અનેક સવાલ કેમ રહ્યા અનુત્તર?

અન્ડર સેક્રેટરીમાંથી વિદેશ સચિવ બનેલા આર. ડી. સાઠેએ નેતાજી સુભાષચંદ્ર બોઝની ઈન્ડિયન નેશનલ આર્મીના ખજાનાના ગાયબ થયા વિશે ઘણાં સ્ફોટક નિવેદન કર્યાં. એમાં વધુ એક ચોંકાવનારું નામ આવ્યું લેફ્ટનન્ટ કર્નલ ફિગેસનું. પહેલા વિશ્વ યુદ્ધ વખતે સાઉથ ઈસ્ટ એશિયાના સુપ્રીમ એલી કમાન્ડરના મુખ્યાલયમાં ફરજ બજાવતા બ્રિટનના મિલિટરી કાઉન્ટર - ઈન્ટેલિજન્સ ઑફિસર લેફ્ટનન્ટ કર્નલ જોહન ફિગેસે નેતાજી હવાઈ અકસ્માતમાં માર્યા ગયાના દાવાને સમર્થન આપ્યું હતું.

એક મોટા શકમંદ રામમૂર્તિ અને ફિગેસની નિકટતાએ જાપાનમાં ઘણાંના ભવાં ઊંચા કરાવ્યા હતા. યાદ રહે કે રામમૂર્તિ નેતાજીની આઈ. એન. એ. સાથે જ હતા, જે ફિગેસના દેશ બ્રિટન સામે લડતી હતી. એ તર્કથી આ બે દુશ્મનમાં યારાના શા માટે એવો સવાલ થવો સ્વાભાવિક ગણાય. ૧૯૪૬માં જ્યારે જાપાનમાં બધાં ભારતીયો આર્થિક મુશ્કેલીનો સામનો કરતા હતા, ત્યારે રામમૂર્તિ પ્રમાણમાં ઘણાં સધ્ધર હતા. એટલું જ નહિ, અચાનક રામમૂર્તિને બ્રિટનમાં કાયમ માટે સ્થાયી થવાનું આમંત્રણ અપાયું હતું. નેતાજીના સાથી પ્રત્યે બ્રિટનનો આટલો પ્રેમ-અહોભાવ શા માટે?



આ લખાણ સાથેની નોંધ સાઠેએ ૧૯૫૧ની પાંચમી નવેમ્બરે વડા પ્રધાન જવાહરલાલ નહેરુને મોકલાવી હતી, જે તેમણે જોઈને સંબંધિત ફાઈલમાં મૂકી દેવાની સૂચના આપી હતી. એ સમય ચૂંટણીનો હતો. કૉંગ્રેસ ભવ્ય વિજય મેળવે એમ સૌ માનતા હતા. વિપક્ષી નેતાને નામે કોઈ મોટું કે લોકપ્રિય માથું નહોતું. આ બધા વચ્ચે નેતાજી સુભાષચંદ્ર બોઝના મોત અંગે શંકા હતી. તેઓ ગમે ત્યારે દેખાદે એવી શક્યતા વચ્ચે ભારત સરકારે એમના કુટુંબીજનો પર નજર રાખવાની વ્યવસ્થા કરી હતી.

આ અગાઉ ૧૯૫૧ની ૨૬મી સપ્ટેમ્બરે નહેરુએ નેતાજી મૃત્યુ પામ્યાનું સ્વીકારી લીધું. કેવી રીતે? કારણ કે નેતાજીના સાથી ઐયર તેમને મૃત્યુની તપાસના અહેવાલ સાથે મળ્યા હતા, જેમાં એ સાબિત થતું હતું. નહેરુએ ઐયરની આ વાત માની લીધી પણ તેની (ઐયરની) વિરુદ્ધની રજૂઆતોને કેમ ગંભીરતાથી નહિ લીધી હોય? આટલું જ નહિ, ઐયરને તો નહેરુની પંચવર્ષીય યોજનાના સંકલિત પ્રચાર પ્રોગ્રામના સલાહકાર તરીકે નિમાયા હતા.

ખજાનાના ભેદ પર કાયમ પડદો પડી ગયો એમ માનીને ઘણાંએ રાહતના શ્વાસ લીધા, પરંતુ ૧૯૫૫માં ટોકિયોસ્થિત ભારતીય રાજદૂત એ. કે. દરે ફરી સનસનાટી મચાવી હતી. તેમણે આઈ. એન. એ.ના ગાયબ થયેલા ખજાના વિશે જાહેર તપાસ યોજવાની માગણી કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે ભલે ખજાનો પાછો ન મળે પણ એને સગેવગે કરનારા કોણ હતા અને તેમણે શું કર્યું એ તો અવશ્ય બહાર આવશે. આ મર્દે તો ખજાનાના મામલામાં દસ વર્ષ ભારત સરકાર ઉદાસીન રહી હોવાનું ય લખીને આપ્યું હતું.

આવી ચેતવણીઓ આવતી રહી, માગણી થતી રહી પણ સરકારે આંખ, કાન અને મગજ બંધ કરી દીધા હતા.

૧૯૭૧માં નેતાજીના મૃત્યુની તપાસ કરી રહેલા જસ્ટિસ જી. ડી. ખોસલા પંચ સમક્ષ જાપાનમાં રહેતા બે ભારતીય આગેવાને ખજાના વિશે મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. ટોકિયોમાં રહેતા પીઢ પત્રકાર કે. વી. નારાયણે દાવો કર્યો હતો કે ૧૯૪૫માં ઐયર ઘરેણા ભરેલી બે બેગ લઈને જાપાન આવ્યા હતા અને એ બેગ રામમૂર્તિને આપી હતી. પોતાના અંતિમ અહેવાલમાં ખોસલા પંચે નોંધ્યું પણ હતું કે ખજાનોનો અમુક ભાગ અદૃશ્ય થવામાં રામમૂર્તિ અને એના ભાઈ જે. મૂર્તિનો હાથ હતો પણ પંચને કોઈ પુરાવા મળ્યા નથી એટલે વધુ તપાસમાં કંઈ ઊપજે એવું લાગ્યું નહિ.

હકીકતમાં ઘણાં તો નેતાજીના ખજાનાને ગાયબ થવાને આઝાદ ભારતનું પ્રથમ કૌભાંડ માને છે, જે ૧૯૪૮ના જીપ કૌભાંડ અગાઉ આચરાયું હતું. નેતાજી પરની ડિક્લાસિફાઈડ ફાઈલ જાહેર થયા બાદ શકમંદોના કુટુંબીજનોએ આરોપને નકારી પણ કાઢ્યા.

નેતાજી સુભાષચંદ્ર બોઝ મહાન નેતા હતા, સ્વાતંત્ર્ય સેનાની હતા અને ચુંબકીય વ્યક્તિત્વના ધણી હતા. આજે ય તેઓ ભૂલાયા નથી. એમના વિશેની પૂરેપૂરી સચ્ચાઈ ક્યારેય બહાર આવશે? એ સત્યને સ્વીકારવાની - પચાવવાની દેશમાં - સરકારમાં તાકત છે.

અને નેતાજીના અદૃશ્ય થયેલા ખજાનાના પ્રકરણના અહીં સમાપન સાથે થોડા સવાલો ઊભા થાય છે. દેશભરમાં નેતાજીના સમર્થકો - સ્વયંસેવકો હતા. ધારો કે ભુવનેશ્વર, કટક, લખનઊ, અમદાવાદ, વડોદરા, વિલેપાર્લે કે બોરીવલીના કોઈ આગેવાન પાસે આઈ. એન. એ. માટે ઉઘરાવેલું ભંડોળ નહિં હોય? અથવા નેતાજીએ જરૂર પડ્યે વાપરવા માટે આપેલી નોંધપાત્ર રકમ નહિં હોય? એ રકમ પણ સંબંધિતો ઓડકાર ખાધા વગર પચાવી ગયા હશે? (સંપૂર્ણ)■

---

તસવીરની આરપાર
ભાટી એન.
feedback@bombaysamachar.com

# મિત્રતાનું ઉત્તમ ઉદાહરણઃ પોરબંદરનું સુદામા મંદિર...

ભાઈબંધી આજના યુગમાં તકલાદી ને સ્વાર્થી થઈ ગઈ છે...!?. સાવ સાચી વાત છે, પોતાનો સ્વાર્થ હોય તો મિત્રતા રાખે બાકી તું કોણ ને હું કોણ આવી મિત્રતા બની ગઈ છે, અગાઉ મિત્રતા માટે જાન આપી દે, મિત્ર માટે ઉઘાડા પગે મિત્રને મળવા દોડી આવે ને ભેટી પડે ને તેનું દુઃખ સમજી જાય ને તેનો પ્રશ્ન સોલ પણ વગર કીધે થઈ જાય આવી મિત્રતાનું સર્વોપરી જીવતું જાગતું ઉદાહરણ શ્રીકૃષ્ણ ને સુદામા. તેની તોલે આવવું કપરું છે...!?. એક રાજા ને એક રંક તેમ છતાં પ્રેમ નિષ્ઠ મિત્રતાને ઉજાગર કરતી ઐતિહાસિક સત્ય વાત પર દ્રષ્ટિપાત કરીએ.

શ્રીકૃષ્ણ ભગવાનનાં ખાસ સખા સુદામાજીની ભૂમિ એટલે 'સુદામાપુરી' તે આજનું પોરબંદર ખૂબ જ પ્રચલિત છે... આ ભૂમિ પર મહાત્મા ગાંધી બાપુએ જન્મ લીધો જેમણે મહામૂલી આઝાદી અપાવી, આ નગરીને ફ્લેમિંગો સિટી પણ કહે છે. તો પોરબંદરનાં સર્જક બે નર રત્નો પોરબંદરનાં મહારાણા નટવરસિંહજી અને રાજ રત્ન દાનવીર શેઠ શ્રી નાનજી કાલિદાસ મહેતા હતા. મહારાજા નટવરસિંહજી વિવિધ લલિત કલા, સંગીત સાહિત્ય, ચિત્રકલાનાં જ્ઞાતા હતા, સૌંદર્ય સૂઝ ધરાવતા સુસંસ્કૃત માનવી હતા, તે સમયે પોરબંદર સૌરાષ્ટ્રનું ગણાતું તેમજ શેઠ શ્રી નાનજી કાલિદાસ મહેતા એ મહારાણા સાહેબનાં સિટી ને અનેકવિધ આર્ય સંસ્કૃતિ શિક્ષણ તથા સાંસ્કૃતિક બાબતોથી શણગારી સજાવ્યું હતું. આર્ય કન્યા ગુરુકુળ સંકુલ, કીર્તિ મંદિર તથા દયાનંદ વિજ્ઞાન કોલેજ, ના. કા. હોસ્પિટલ જેવી અનેક સંસ્થાઓ દ્વારા પોરબંદરનો આવિષ્કાર થયો. તેનાથી ભવ્યતા અપાવનાર આવા દાતાઓની નગરી ને વિશ્વ વિખ્યાત કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈ શ્રી)ની સંસ્કૃત પાઠશાળાને ભવ્યાતિભવ્ય દિવ્ય સંકુલથી આ નગરી સંસ્કૃત નગરી બની ગઈ છે. આ અલૌંકિક ઐતિહાસિક નગર સમુદ્ર કિનારે આવેલ છે. તેની મધ્યમાં આવેલ વિશાળ ચોગનની વચ્ચે આવેલ 'સુદામાજીનું મંદિર' ખૂબ જ પ્રાચીન છે. ભવ્ય મંદિર ૫૦+૩૦ ફૂટની લંબાઈ પહોળાઈ ધરાવતું મંદિરની શિખર સાથેની ઊંચાઈ ૭૦ ફૂટ જેટલી છે. શિખરની ઊંચાઈ અતિ લાંબી છે, જેમાં અસંખ્ય નાના શિખરો છે...!, તેમાં બારીક નકશીકામ નિહાળવા મળે છે, શિખર પર રંગીન ધજા અભિવૃદ્ધિ કરે છે.






સુદામાજીનું મંદિર ચોતરફ ખુલ્લું છે, તેમાં ગોળાકાર કમાનો છે, પીલરમાં ફૂલ વેલની ડિઝાઇન નિહાળવા મળે છે, તેમાં ૪૬ કલાત્મક પીલરો કલાત્મક છે, મંદિરમાં કાળા રંગની સુદામાજી અને ધર્મ પત્ની સુશીલાજીની મૂર્તિ છે. સુદામાજી શ્રીકૃષ્ણ ભગવાનનાં ખાસ મિત્ર (સખા) હતા અને ભગવાન શ્રીકૃષ્ણ પાસે આર્થિક મદદ માગવા ગયેલા અને સંગાથે તાંદુલ પોટલીમાં લેતા ગયેલ જયારે દ્વારકાનગરી ખાતે ગયા અને તેની ખબર ભગવાન શ્રીકૃષ્ણને પડી કે મારો બાળ પણનો ગોઠિયો (સખો) સુદામાજી આવ્યા છે, તે વાતની ખબર પડતા જ ઉઘાડા પગે મિત્રને આવકારવા સામેથી દોડી જાય છે, ને સુદામા મળતા જ ભેટી જાય છે ત્યારે રાજા-રંકનો તફાવત હતો જ નહીં. મિત્રતા જ ઉજાગર થતી હતી અને સુદામાજીએ કંઈ નહીં માગતા પોરબંદરમાં બધું આપી દીધું હતું. આવી મિત્રતા ને માન આપવા બધા દ્વારકા જાય પણ સુદામા મંદિરની મોહર ના લાગે ત્યાં સુધી યાત્રા અધૂરી ગણાય છે. આથી દ્વારકા આવતા યાત્રાળુઓ અચૂક પોરબંદર આવી સુદામા મંદિરે દર્શન કરી ધન્યતાની અનુભૂતિ કરે છે. તમે પણ સુદામાજી મંદિરે દર્શન કરવા પોરબંદર જજો. ■



# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પીએચ.ડી.ની ડિગ્રી, કેન્ટિન મેનેજરની નોકરી



બિલ ગેટ્સ પાસે શૈક્ષણિક લાયકાત ન હોવા છતાં વ્યવસાયિક શિખર પર વાવટો લહેરાવી શક્યા એનું એકદમ વિપરીત ઉદાહરણ ચીનમાં જોવા મળ્યું છે. ‘જોઈએ છે’ મથાળા હેઠળ આવતી નોકરીની જાહેરખબરમાં ‘સાઉથ ઈસ્ટ યુનિવર્સીટી’માં કેન્ટિન ચલાવવા માટે કેન્ટિન મેનેજરની જરૂર હોવાનો ઉલ્લેખ છે, પણ એમાં શૈક્ષણિક લાયકાત ડોક્ટરેટ - પીએચ.ડી. ડિગ્રી હોવી અનિવાર્ય હોવાની વાત પર ભાર આપવામાં આવ્યો છે. આ જાણી લોકો રોષે ભરાયા છે અને સોશિયલ મીડિયા પર આક્રોશ ઠાલવી રહ્યા છે કે આ તો હદ થઈ ગઈ. આ કેન્ટિન મેનેજરની જવાબદારીમાં વિવિધ વાનગી બનાવવાની, કેન્ટિન કોન્ટ્રેક્ટરોની વ્યવસ્થા કરવાની, ખાદ્ય પદાર્થોની જાળવણી તેમજ એડમિનિસ્ટ્રેટિવ કામકાજ વગેરેનો સમાવેશ છે. સિવાય અફલાતૂન અંગ્રેજી અને ઓફિસના કામકાજમાં જરૂરી ઓફિસના કમ્પ્યુટરને લગતા સોફ્ટવેરના કામની આવડત પણ હોવી જરૂરી છે. આ પ્રકારના કામનો અનુભવ અને કમ્યુનિસ્ટ પાર્ટીનું સભ્યપદ ધરાવનારા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે.....પીએચ.ડી. ધારક કોલેજના વિદ્યાર્થીઓને લેક્ચર આપતા જ જોવા મળે એવું નથી, કોલેજિયનોને કેન્ટિનમાં નાસ્તો બનાવી આપતા પણ જોવા મળશે.

## બિઝનેસ વધારતી બિલાડીની બોલબાલા



જાપાનના નાગાસાકી શહેરનું નામ પડતા ૯ ઓગસ્ટ, ૧૯૪૫ના ગમખ્વાર એટોમિક બોમ્બિંગનું ભયાવહ સ્મરણ થાય. આજકાલ નાગાસાકી બિલાડીના કારણે પણ ચર્ચાના ચોતરે ચડ્યું છે. બોબટેઈલ કેટ તરીકે ઓળખાતી વાંકી પૂંછડી ધરાવતી આ બિલાડી નસીબવંતી માનવામાં આવે છે. નાગાસાકીના રહેવાસીઓની દ્રઢ માન્યતા બની ગઈ છે કે આ બિલાડી પાળવાથી શહેરમાં સહેલાણીઓ મોટી સંખ્યામાં આવે છે અને સ્થાનિક લોકોનો બિઝનેસ પણ ધમધોકાર ચાલે છે. આ મીંદડીઓનો વિશાળ ચાહકવર્ગ છે અને એને માટે ખાસ ‘શિન્ટો શ્રાઈન્સ’ તૈયાર કરવામાં આવ્યા છે. શિન્ટો શ્રાઈન એટલે શિન્ટો ધર્મને અનુસરતા લોકોની દેવીની સ્થાપના માટેનું સ્મારક એટલે કે મીની માસીને દૈવી દરજ્જો પ્રાપ્ત થયો છે. જાપાનમાં આ બોબટેઈલ કેટ નેધરલેન્ડ્સથી આવી છે. દક્ષિણપૂર્વ એશિયાથી જ્યારે જથ્થાબંધ માલ જહાજ વાટે જાપાન આવતો ત્યારે માલસામાનનું ઉંદરથી રક્ષણ કરવા માટે બિલાડીની હાજરી જરૂરિયાત બની ગઈ. શિકારી તરીકે રાખેલી બિલાડી આજે પ્રારબ્ધનું જબરું પ્રતીક બની ગઈ છે.

## ઓલ્યા બેલ્જિયમવાળા, અમારો પવન ‘ચોરી’ જાય છે!



પહેલો સગો પાડોશી એ માન્યતા સામાજિક જીવનમાં ઘણે અંશે સાચી ઠરે છે. જોકે, સોસાયટીના બે પાડોશી વચ્ચે જે સ્નેહસેતુ હોય એવું જ બે પાડોશી દેશની બાબતે હોય એ જરૂરી નથી. ભારત માટે પાકિસ્તાન તો જુનો દુશ્મન છે. જગતમાં બે પાડોશી દેશ વચ્ચે જમીન પચાવી પાડવાના વિવાદની નવાઈ નથી. પાડોશી દેશો વચ્ચે પાણી ચોરવાની આક્ષેપબાજી પણ થઈ છે અને અમુક કેસમાં પુરવાર સુધ્ધાં થયું છે. જોકે, નહેર અને પવનચક્કી માટે પ્રખ્યાત યુરોપિયન દેશ નેધરલેન્ડ્સ દ્વારા મૂકવામાં આવેલું ચોરીનું આળ જાણ્યા પછી તમારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ જશે. ‘ પાડોશી દેશ બલ્જિયમના વિન્ડફાર્મ (પવનથી વીજળી ઉત્પાદનની વ્યવસ્થા) અમારા દેશનો પવન ‘ચોરી જાય છે! ’ એવો આક્ષેપ હવામાનનો વરતારો કરતા નેધરલેન્ડ્સના અધિકારીએ કર્યો છે. વાત વિગતે સમજવી જરૂરી છે.

બેલ્જિયમના વિન્ડફાર્મ ડચ (નેધરલેન્ડ્સના લોકો, ભાષા અને સંસ્કૃતિ ડચ તરીકે ઓળખાય છે)ના ઇન્સ્ટોલેશન માંથી ત્રણ ટકા વિન્ડ એનર્જી (હવાઈ ઉર્જા) પોતાની તરફ ખેંચી રહ્યા છે. પરિણામે વીજ ઉત્પાદન કરતા નેધરલેન્ડ્સના વિન્ડ ટર્બાઈનને મળતા પવનની ગતિ ધીમી હોવાથી ઉર્જા ઉત્પાદન ક્ષમતામાં થોડો ઘટાડો થયો છે. અલબત્ત, આ કોઈનું પાકીટ તફડાવવું કે કોઈના ઘરમાં ખાતર પાડી માલ સામાન ઉઠાવી જવા જેવી રેગ્યુલર ચોરી નથી. બેલ્જિયમના વિન્ડફાર્મ એના સ્થાનને કારણે આ ‘ચોરી’ કરવામાં સફળ રહ્યા છે. નેધરલેન્ડ્સ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ‘ચોરી’ અંગે કોઈ એક્શન નહીં લેવામાં આવે, પણ ભવિષ્યમાં બેલ્જિયમએ નવા વિન્ડફાર્મ ઊભા કરતી વખતે નેધરલેન્ડ્સ સાથે ચર્ચા - વિમર્શ કરવી જરૂરી રહેશે. આ શરત મૂકી ડચ અધિકારી વધુ ચોરી અટકાવવા માગે છે. આજે પવન પાવર ઉત્પાદન કરતી મૂડી ગણાય છે.

## લગ્ન કરવાનો શ્રેષ્ઠ મહિનો કયો? ઓક્ટોમ્બયુરી!



મિત્રોની મહેફિલમાં લગ્ન કરવાનો શ્રેષ્ઠ મહિનો ક્યો એવા સવાલનો જવાબ આવ્યો ‘ઓક્ટોમ્બયુરી’. આવો તો કોઈ મહિનો જ નથી, સાગમટે બધા બોલ્યા. એટલે જવાબ આપનારે કહ્યું કે ‘એક્ઝેક્ટલી, હું એ જ કહેવા માગું છું કે લગ્ન કરવાનો કોઈ શ્રેષ્ઠ સમય નથી!’ અને બધા હસી પડ્યા.

આપણા દેશમાં પુરુષ માટે ૨૧ વર્ષ અને મહિલા માટે ૧૮ વર્ષ લગ્ન માટે કાયદેસર ઉંમર છે. જોકે, સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી એક પોસ્ટમાં લગ્ન કરવાની યોગ્ય ઉંમર સંદર્ભે વિદ્યાર્થીએ આપેલા જવાબ વાંચી પહેલા હસવું આવી શકે છે, પણ પછી વાત વિચારવા જેવી ચોક્કસ છે એવું તમે જ કહેશો. વિદ્યાર્થીએ જવાબમાં લખ્યું છે કે ‘બાયોલોજીના હિસાબે લગ્ન કરવાની યોગ્ય ઉંમર ૧૫ વર્ષ છે, કાયદા અનુસાર ૧૮ વર્ષ પણ આર્થિક ધોરણે ૩૦ વર્ષની ઉંમરે લગ્ન કરવા જોઈએ. વિદ્યાર્થીનો ગળે ઉતરી જાય એવો તર્ક એમ છે કે આજના સમયમાં પગભર થતાં થતાં ઉંમર ત્રીસની થઈ જ જાય છે. જોકે, સૌથી મજેદાર અને સાથે ચોંકાવનારો જવાબ છે વફાદારી અંગેનો છે. આજના યુગમાં લગ્ન સહિત દરેક સંબંધમાં એટલી છેતરપિંડી જોવા મળે છે કે પાર્ટનર બેવફાઈ કરે એની સંભાવના વધુ છે એટલે એ ધોરણે તો કોઈ ઉંમરે લગ્ન ન થઈ શકે. આજીવન કુંવારા રહેવું પડે.!

## લ્યો કરો વાત!

*ઘરના વડીલના ૧૦૦ વર્ષની ઉજવણી, સંસ્થાના ૨૦૦ વર્ષ કે યુગ પ્રવર્તકની ૪૦૦મી જન્મ જયંતીની ઉજવણીની વિવિધ કથા તમે સાંભળી હશે. જોકે, યુકેના ઓક્સફર્ડશાયરના ગ્રામીણ વિસ્તારમાં આવેલા એક ચર્ચમાં રાખવામાં આવેલી ઘડિયાળની ૫૦૦મી વરસગાંઠની ઉજવણી કરવામાં આવી. યુકેની આ પ્રાચીન ઘડિયાળમાં નથી કોઈ ડાયલ કે નથી સમય દેખાડતા કોઈ કાંટા. તો સમયની જાણ કઈ રીતે થાય છે? દર પંદર મિનિટે ચર્ચમાં લગાડવામાં આવેલા બેલના ધ્વનિથી સમયની જાણ થાય છે. તાજેતરની ઉજવણી વખતે સહેલાણીઓને ટાવર પર લઈ જઈ ઘડિયાળનું મ્યુઝિકલ બોક્સ કઈ રીતે કામ કરે છે એ સમજાવવામાં આવ્યું હતું.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**બહાનાબાજી કોણ કરે?**

* ચાલબાજી કરનારા...

**નસીબદારના ભૂત રળે તો પ્રેત શું કરે?**

* ભૂતની કમાણી વાપરે..!

**કોઈ નસીબના બળિયા હોય. તો બાકીના?.**

* એકવડિયા....

**બહાર વટ મારે એ?**

* બહારવટિયા....

**પરસેવાની કમાણીનો શ્રેષ્ઠ સમય કયો?**

* ઉનાળો...

**દિલદારની ક્યારથી પડતી થાય?**

* ઉધાર આપે ત્યારથી....

**ગાંધીનગરમાં ગાંધીજીને આવવું હોય તો?**

* બાપુને કહેજો બીજો ચોથો શનિ અને રવિવાર સિવાય આવે !

**વેબ સિરીઝની સિઝન વન- ટુની જેમ લગ્નમાં પણ સિઝન હોય તો?**

* પહેલી જ સિઝનમાં The End આવી જાય!

**યુદ્ધના ભણકારા કેમ વાગે?**

* આતંકવાદી પોતાની ઔકાત ભૂલે એટલે !

**લાઈન મારવી એ ગુનો ગણાય?**

* ફાવી ગયા તો કળા, નહીં તો ગુનો...

**ચીયર્સ લીડર્સ ગર્લ મેદાન પર જ કેમ ડાન્સ કરે છે?**

* રસ્તા પર નાચે તો ટ્રાફિક જામ થઈ જાય!

**કોઈ ખટપટ કરે તો?**

* લગાવો ઝટપટ ઝાપટ...

**હેન્ડ વોશ અને ફેસ વોશ વચ્ચે શું ભેદ?**

* ઉપયોગનો અને એની સમજનો.

**મૃગજળના જળ ક્યાં મળે?**

* નેતાઓનાં વચનોનાં રણમાં....

**લોકો બાવડા કેમ ફૂલાવતા હશે?**

* પોતાનો અહમ સંકોચાઈ ના જાય એ માટે!

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા

feedback@bombaysamachar.com

# ઉદારતા કરે મનને શુદ્ધ ને આપે આત્માને આનંદ



ઉદારતા એ માનવ જીવનનો એક મહત્ત્વપૂર્ણ ગુણ છે, જે વ્યક્તિને અન્ય માટે કંઈક આપવાની, મદદ કરવાની અને દયાભાવ રાખવાની પ્રેરણા આપે છે. ઉદારતા કોઈ માત્ર દાન કે પૈસા આપવાનું નામ નથી, પણ તે એક મનનો ભાવ છે, જે વ્યક્તિ નિસ્વાર્થ રીતે બીજાની ભલાઈ કરવા પ્રેરિત કરે છે. ઉદાર વ્યક્તિ માત્ર સામગ્રી આપીને નહીં, પણ સમય, પ્રેમ, સહાનુભૂતિ અને સમજણ આપીને પણ ઉદાર બની શકે છે.

આધુનિક સમાજમાં જ્યાં લોકો પોતાની જ જરૂરિયાતો અને સુખ માટે વધુ ચિંતિત રહે છે ત્યાં ઉદારતા જેવાં માનવીય મૂલ્યનું મહત્ત્વ વધી જાય છે.ઉદારતા લોકોમાં પરસ્પર સમજણ,પ્રેમ અને વિશ્વાસ ઊભો કરે છે.જો દરેક વ્યક્તિ જીવનમાં ઉદારતા દાખવે તો સમાજ વધુ સુખી બની શકે.

ઉદારતા કોઈ ધનિક માણસની મોનોપોલી નથી. એક ગરીબ માણસ પણ પોતાની ક્ષમતા પ્રમાણે ઉદારતાનું પ્રદર્શન કરી શકે છે. એક શિક્ષક પણ પોતાના જ્ઞાન દ્વારા વિદ્યાર્થીને શિક્ષિત કરી શકે છે તો કોઈ એક સંત પોતાના જ્ઞાન અને જીવન દ્વારા સમાજને માર્ગદર્શન આપી શકે છે.

ઉદારતા માણસના મનને શુદ્ધ કરે છે અને આત્માને આનંદ આપે છે. જે વ્યક્તિ બીજાને મદદ કરે છે તે પોતાને પણ ખુશ અને સંતોષની લાગણી અનુભવે છે. ઉદારતાની ગરિમા એમાં છે કે એને કોઈ વળતરની અપેક્ષા હોવી ન જોઈએ.

મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ અને મધર ટેરેસા જેવી વ્યક્તિઓ ઉદારતાનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. એમણે પોતાના જીવનને સમાજ સેવામાં સમર્પિત કર્યું હતું. આવી વ્યક્તિઓ સમાજમાં દીવાદાંડી રૂપ છે.

બાળકોને ઘરમાંથી અને શાળામાંથી ઉદારતા જેવાં નૈતિક મૂલ્યોના સંસ્કાર મળે તે જરૂરી છે. બાળકો નાનપણથી જ બીજાની લાગણી સમજે અને મદદ કરવા તૈયાર રહે એ આવકાર્ય છે. આમ કરવાથી ભવિષ્યમાં એ વધુ સંવેદનશીલ અને જવાબદાર નાગરિક બને છે.

ઉદારતા એ માત્ર દાન નહીં, પણ માનવતાનો દ્રષ્ટિકોણ છે. સમાજમાં સાચા પરિવર્તન માટે ઉદારતા જેવી ભાવનાનું વિકસિત થવું આવશ્યક છે. એક નાનકડી ઉદારતા પણ બીજાના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે. ઉદારતાને વધુ સ્પષ્ટ કરતો આ એક પ્રસંગ જાણવા જેવો છે...

સારાહ રેસ્ટોરન્ટમાં વેઇટ્રેસનું કામ કરતી હતી. એક દિવસ રેસ્ટોરન્ટમાં આવેલાં એક યુગલ સમક્ષ સારાહે ભોજનનું મેનુ મૂક્યું, પણ એ યુગલે મેનુ ખોલ્યા વગર જ ઓર્ડર કરવાનું શરૂ કરી દીધું :

‘અમારી પાસે થોડા જ પૈસા છે. પૈસાની તંગી છે... આથી સૌથી સસ્તુ જે હોય તે લખી લે!’

સારાહએ ચહેરા પર સહેજે આનાકાનીનો ભાવ લાવ્યા વગર બે ઓછી કિંમતની આઈટમ સૂચવી. યુગલ સારાહના સૂચન સાથે સહમત થયું. ઝટપટ ભોજન પતાવી ઉતાવળે સારાહ પાસે બિલ માગ્યું. સારાહે બિલને બદલે એમને એક કાગળ અને કવર આપ્યું, જેમા લખ્યું હતું :

*‘આજે મે મારાં અંગત એકાઉન્ટમાંથી તમારું બિલ ચૂકવી દીધું છે. તે મારી ભેટ ગણશો. સાથે ૧૦૦ ડૉલરની એક નાનકડી ભેટ છે....આપની સારાહ!’*

પેલું યુગલ રેસ્ટોરન્ટ છોડી ગયું, પણ સારાહનું આ નાનું કૃત્ય એમને અઢળક ખુશી આપી ગયું. એ સમજી શકતા હતા કે એક વેઈટ્રેસ પોતાની નાણાકીય મર્યાદાઓ છતાં આવું અદ્ભુત કાર્ય કરી શકે! એ યુગલને પણ ખુશી હતી અને સારાહને પણ ખુશી હતી એક નાની મદદ કરવાની! સારાહ કોઈ શ્રીમંત નહોતી. ઘરે એનું જૂનું વોશિંગ મશીન બગડીગયું હતું, નવું ઓટોમેટિક વોશિંગ મશીન લેવા ઈચ્છતી હતી. તે માટે એકાદ વર્ષથી પૈસા બચાવી રહી હતી.

આમ છતાં તે પૈસામાંથી એણે પેલા યુગલના જીવનમાં ખુશી ભરવાનું નક્કી કર્યું.

જોકે, સારાહને સૌથી વધુ આઘાત ત્યારે લાગ્યો કે જયારે એની ખાસ સહેલીએ આ કામ માટે શાબાશી આપવાને બદલે ખખડાવી નાખી! એનું કહેવું હતું કે પોતાની અગ્રતાઓ બાજુએ મૂકી આમ બીજાને મદદ ના કરાય! વાત પણ વ્યવહારુ હતી, પણ એ સમયે જ સારાહ પર મમ્મીનો ફોન આવ્યો., એણે ઉત્તેજિત સ્વરે પૂછ્યું : ‘સારાહ, તે આ શું કર્યું?’

સારાહે ગભરાતા અવાજે કહ્યું, ‘મમ્મી,મેં? મેં તો કશું નથી કર્યું, કેમ શું થયું?’

‘અરે....! દીકરી તને ખબર નથી? પેલા લોકો કે જેને તે મદદ કરી હતી, એમણે આ વાત ‘ફેસબુક’ પર પોસ્ટ કરી છે, તે વાયરલ થઈ છે. ‘ફેસબુક’ તારા વખાણથી ઉભરાઈ રહ્યું છે!’ મમ્મીએ પછી સહેજ ભીના અવાજે ઉમેર્યું,

‘બેટા, મને તારા માટે સાચે જ ગર્વ છે!’

તે પછી તો સારાહ પર પરિચિતોના, મિત્રોના ઢગલો ફોન આવવાના શરૂ થયાં. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી સ્ટોરીએ ગજબ કામ કર્યું. હવે, અખબાર અને ટીવી ચેનલોએ એનો સંપર્ક કરવાનું શરૂ કર્યું હતું. બે ત્રણ દિવસ બાદ સારાહને એક અતિ લોકપ્રિય ટીવી શો માટે આમંત્રિત કરી. તે ટીવી ચેનલ તરફથી સારાહને દસ હજાર ડૉલરનો પુરસ્કાર આપવામાં આવ્યો ! એ ઉપરાંત, શોને સ્પોન્સર કરતી કંપની દ્વારા આધુનિક વોશિંગ મશીન, નવો ટીવી સેટ, અને પાંચ હજાર ડૉલરના મૂલ્યની ઇલેક્ટ્રોનિક આઈટમોનું ગિફ્ટ હેમ્પર પણ અપાયું! આવી અસંખ્ય ભેટોનો ધોધ વરસ્યો, જેનું મૂલ્ય એક લાખ ડૉલરથી વધુ હતું!

આમ બે સસ્તી જમવાની ડીશ અને ૧૦૦ ડૉલરની કોઈ વળતરની અપેક્ષા વગર આપવામાં આવેલી મદદથી સારાહનું જીવન ખુશીઓથી ઉભરાઈ ગયું!

તમારે જેની જરૂર નથી તે આપવું તે સાચું દાન નથી. દાન તો એ છે કે, જેની તમને તો અત્યંત જરૂર છે, પણ બીજા કોઈને તેની વધુ જરૂર છે! ■

કચ્છી ચોવક___ કિશોર વ્યાસ

kishor.vyas@bombaysamachar.com

# જન્મે જ કાળા હોય એ નાહવાથી ધોળા ન થાય!

ગુજરાતીમાં એક પ્રચલિત કહેવત છેઃ કાગડા કાળા જ રહે! એ ધોળા ન થાય! ધોળિયાઓના દેશમાં પણ કાગડા કાળા જ જોવા મળે! કારણ કે, એ તેનો જન્મજાત રંગ છે! જેમ જન્મજાત રંગ પણ બદલી નથી શકાતો તેમ જન્મજાત સંસ્કાર પણ (સારા કે ખરાબ) બદલાતા નથી! કચ્છીમાં તેના માટે પણ એક અતિ પ્રચલિત ચોવક છે કે, **‘જા઼ય કારાવેં સે, નાય અચ્છા ન થીયેં’** લો, શબ્દાર્થ જોઈ લઈએંઃ ‘જા઼ય’ એટલે જન્મથી, ‘કારા’ એટલે કાળા, ‘વેં’નો અર્થ થાય હોય અને ‘સે’ એટલે તે.. ‘નાય’નો અર્થ છે સ્નાન કરવાથી અને ‘અચ્છા’ એટલે ધોળા, ‘ન થીયેં’ એટલે ન થાય. હવે ચોવકનો અર્થ પણ સ્પષ્ટ થઈ ગયો. જે જન્મે જ કાળા હોય તે ન્હાય તો પણ ધોળા ન થાય! શું આટલું કહેવા જ આ ચોવક રચાઈ હશે? ના. ચોવકને કહેવું એમ છે કે, ‘જે સંસ્કાર જન્મથી મળ્યા છે, તે બદલી નથી શકાતા! પછી એ સારા હોય કે ખરાબ!’

બીજી પણ એક કહેવત ગુજરાતી ભાષામાં પ્રયોજાતી જોવા મળે છે કે, ‘જે થાય એ સારા માટે.’ પરિસ્થિતિ કે પરિણામનો આ રીતે સ્વીકાર કરી લેવો મુશ્કેલ હોય છે, પણ એ વિકલ્પહિન છે. કચ્છીમાં એ જ વાત ચોવક આ રીતે કહે છેઃ **‘જિકીં થીયે સે ખાસેલા’** ‘જિકી’ એટલે જે. ‘થીયે’નો અર્થ છે, થાય અને ‘ખાસેલા’ એટલે સારા માટે. ઈશ્વર જે સ્થિતિ આપે તેનો એ રીતે સ્વીકાર કરી લેવો.

જોકે હંમેશાં એ સાચું જ હોય તેવું માનવાને કોઈ કારણ હોવા છતાં, આપણે ‘બહુમત’ હંમેશાં સાચો હોવાનું જ માનીએ છીએં! એવું જ એક ચોવક પણ કહે છે કે, **‘જિની ચેં તીં કરીજે’** મતલબ કે મોટા ભાગના લોકો જે કહે તેમ કરવું! એનો અર્થ એવો થયો કે, ઘણા જણા જે કહે એ સાચું હોય છે! અહીં ‘જિની’ શબ્દનો પ્રયોગ થયો છે, જેનો અર્થ છેઃ ઘણા. ‘ચેં’ એટલે કહે અને ‘તીં’ એટલે તેમ, ‘કરીજે’નો અર્થ થાય છે કરવું!

એટલે જ બીજી ચોવકમાં કહેવાયું છે કેઃ **‘જિજે જી નાં થીયે ઉ જ કરીજે’** સીધો અર્થ તો એ જ થાય છે કે, બહુમતી લોકો કહે તેમ કરવું. જો તેમની કોઈ કાર્ય માટે ના થતી હોય તો તે કામ ન કરવું જોઈએ. હવે ‘જિજે’નો અર્થ આપ સૌને અભિપ્રેત છે. ‘નાં થીયે’ એટલે કે, ના પાડે, ‘ઉ’ એટલે ‘તે’ (કામ) ‘ન કરીજે’નો અર્થ થાય છે, ન કરવું!

સંસ્કૃતમાં એક કહેવત આવે છે ‘અતિ સર્વત્ર વર્જયતે’. મતલબ કે કોઈ પણ બાબતનો અતિરેક કે અતિશયતા નુકસાનકારક સાબિત થાય છે. કોઈ પણ વાતની અતિશયતા નકામી છે. એજ ભાવાર્થ સાથે એક ચોવક છેઃ **‘જીજો ઓપાડ઼ો થોડ઼ેલા.’** ‘જિજો’નો અર્થ થાય છેઃ વધારે. ‘ઓપાડ઼ો’નો મૂળ અર્થ થાય છે, અહંકાર પરંતુ અહીં ચોવકમાં અતિશયતા અર્થમાં મૂકવામાં આવ્યો છે. ‘થોડ઼ેલા’ એટલે અલ્પ સમય માટે. ન ટકે તેવું. વધારે અહંકાર પણ આખરે ઓસરી જાય છે, વધારે ઉધામા પણ આખરે શાંત થઈ જાય છે. અતિરેક ક્યારેય ટકતો નથી. તેના ફળ કે પરિણામ પણ સારાં હોતાં નથી!

આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએં કે, ત્યાં! ઓહો! ત્યાંતો મારા ઘણા સગા-સંબંધી છે, ખાવા-પીવા કે રહેવાની કોઈ ચિંતા નથી.. પણ ચોવક કહે છેઃ સાવધાન! જેના સગાં ઘણાં હોય તે ઘણીવાર ભૂખે પણ મરે! **‘જિજે સગ઼ેં જો મેમાણ ભુખ મરે!’** ‘સગ઼ેંજો’ એટલે સગાંના અને ‘મેમણ’ એટલે મહેમાન. એ બધાને એમ જ હોય કે, એ ત્યાં જ રહેશે, એ ત્યાં જ જમશે! એમ કરતાં ના તો કોઈ આવવાનું કહે કે, ના કોઈ જમવાનું આમંત્રણ આપે! હોટલમાં રહેવું પડે અને ધાબા પર જમવું પડે! ■




# ‘દુશ્મન કે છક્કે છૂડા દે, હમ ઈન્ડિયા વાલે...’: શંકર મહાદેવને પુત્રો સાથે પર્ફોર્મ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા

**▶ અમદાવાદના સ્ટેડિયમમાં આઈપીએલની ફાઈનલ પહેલાંની ક્લોઝિંગ સેરેમનીમાં બી પ્રાકનું ‘તેરી મિટ્ટી મેં...’ ગીત પણ ગૂંજ્યું**

અમદાવાદઃ અહીં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઇપીએલની ૧૮મી સીઝનની બેંગલૂરુ-પંજાબ વચ્ચેની ફાઇનલ પહેલાં આયોજિત સમાપન સમારોહમાં ‘દુશ્મન કે છક્કે છૂડા દે, હમ ઇન્ડિયા વાલે...’ અને ‘સબસે આગે હોંગે હિન્દુસ્તાની...’ જેવાં દેશભક્તિ અને દેશદાઝનાં ગીતોએ હજારો પ્રેક્ષકોને તથા કરોડો ટીવી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. બૉલિવૂડના જાણીતા સિંગર શંકર મહાદેવને તેમના બે પુત્રો સિદ્ધાર્થ અને શિવમ સાથે સ્ટેજ પર પર્ફોર્મ કરીને સંગીતપ્રેમી ક્રિકેટચાહકોને ખુશ કરી દીધા હતા.



અમદાવાદમાં બન્ને પુત્રો સાથે પર્ફોર્મ કરી રહેલા શંકર મહાદેવન. (બીસીસીઆઇ)

આ ક્લોઝિંગ સેરેમની ‘ઑપરેશન સિંદૂર’ને તેમ જ ભારતીય સશસ્ત્ર દળોને સમર્પિત હતી અને આખા સમારંભ દરમ્યાન સ્ટેડિયમમાં ‘સશસ્ત્ર દળોને સલામ’ તથા ‘સશસ્ત્ર દળોનો આભાર’ એવા ઉત્સાહક અને પ્રોત્સાહક સ્લોગન ડિજિટલ બોર્ડમાં જોવા મળ્યા હતા અને ક્રિકેટજગતના સૌથી મોટા સ્ટેડિયમમાં સૌની વચ્ચે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

‘લક્ષ્ય’ ફિલ્મનું ‘કંધોં સે મિલતે હૈ કંધે...’, ‘એ વતન આબાદ રહે તૂ...’ તેમ જ ‘વંદે માતરમ’ સૉન્ગ પણ સૌને ખૂબ ગમ્યું હતું અને છેલ્લે ‘સબસે આગે હોંગે હિન્દુસ્તાની...’ ગીત સાથે કાર્યક્રમ પૂરો થયો હતો.

સ્ટેડિયમમાં ઉપસ્થિત એકેએક વ્યક્તિને જોશ અને જુસ્સો અપાવતા આ ગીતો ઉપરાંત સ્ટેજ પર્ફોર્મર્સે પણ સૌના દિલ જીતી લીધાં હતાં. બી. પ્રાકનાં ‘તેરી મિટ્ટી મેં...’ ગીતે પણ સૌ કોઈમાં ખાસ આકર્ષણ જમાવ્યું હતું. ■

# ભારતની ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન સિંધુએ જાપાનની ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઑકુહરાને હરાવી

જકાર્તાઃ અહીં ઇન્ડોનેશિયા ઓપન નામની બૅડમિન્ટન સ્પર્ધામાં મંગળવારે ભારતની પી. વી. સિંધુ પ્રથમ રાઉન્ડમાં જીતીને બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ હતી. જોકે ભારતનો લક્ષ્ય સેન વર્લ્ડ નંબર-ટૂ ચીનના શી યુ કીને લડત આપ્યા બાદ હારી ગયો હતો.

ઑલિમ્પિક્સના બે મેડલ જીતી ચૂકેલી સિંધુ ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન છે અને તેણે જાપાનની ભૂતપૂર્વ વિશ્વ વિજેતા નૉઝોમી ઑકુહરાને ૨૨-૨૦, ૨૧-૨૩, ૨૧-૧૫થી હરાવી દીધી હતી. તેમની આ મૅચ એક કલાક અને ૧૯ મિનિટ સુધી ચાલી હતી. સિંધુનો હવે ઑકુહરા સામે ૧૧-૯નો જીત-હારનો રેકૉર્ડ છે.



ભારતનો ૨૩ વર્ષીય લક્ષ્ય સેન ૨૦૨૧ની વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો. તે તાજેતરમાં જ પીઠની ઈજામાંથી સાજો થયો છે. તે ગયા અઠવાડિયે મલયેશિયા ઓપનમાં નહોતો રમી શક્યો. તે વર્લ્ડ નંબર-ટૂ શી યુ કી સામે પ્રથમ ગેમ ૧૧-૨૧થી હારી ગયો હતો, પણ બીજી ગેમ ૨૨-૨૦થી જીતીને સ્કોર લેવલ કરવામાં સફળ થયો હતો. જોકે ત્રીજી ગેમમાં તે લડત આપ્યા પછી ૧૫-૨૧થી પરાજિત થયો હતો.

ભારતનો જ એચ. એસ. પ્રણોય પણ પ્રથમ રાઉન્ડમાં હારી ગયો હતો. તેનો ઇન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે ૧૭-૨૧, ૧૮-૨૧થી પરાભવ થયો હતો.

ભારતની બે મહિલા ખેલાડીઓ માલવિકા બનસોડ અને અનુપમા ઉપાધ્યાય બીજા રાઉન્ડમાં નહોતી પહોંચી શકી. બનસોડ બૅડમિન્ટન કોર્ટ પર લપસી ગઈ હતી અને તેને ઘૂંટણમાં ઈજા થઈ હતી જેને લીધે ૨૧-૧૬, ૧૬-૧૫થી આગળ રહ્યા બાદ મૅચમાંથી નીકળી ગઈ હતી. અનુપમાનો કોરિયાની કિમ ગા ઇઉન સામે ૧૫-૨૧, ૯-૨૧થી પરાજય થયો હતો. ■

# મુંબઈ ઈન્ડિયન્સમાં ફેરફાર શક્ય છેઃ હાર્દિકની કૅપ્ટન્સી પાછી લેવાશે તો કોને સોંપાઈ શકે?

**▶ ત્રણ નામ ચર્ચામાં છેઃ આગામી સીઝન પહેલાં મોટો નિર્ણય લેવાશે એવી સંભાવના**

મુંબઈઃ આઇપીએલની ૧૮મી સીઝનના લીગ રાઉન્ડમાં લાગલગાટ છ મૅચ જીતીને પ્લે-ઑફમાં પહોંચનારી મુંબઈ ઇન્ડિયન્સની ટીમ ચેન્નઈની જેમ પાંચ ટાઇટલ જીતી છે, પરંતુ આ વખતે વિક્રમજનક છઠ્ઠું ટાઇટલ જીતવાનો એને સારો મોકો હતો જે રવિવારે ટીમની કેટલીક કચાશને લીધે તેમ જ કૅપ્ટન હાર્દિક પંડ્યાએ બોલિંગ ફેરફારમાં કરેલી અમુક ભૂલને લીધે મોકો મુંબઈની ટીમે ગુમાવ્યો હતો અને એના પરથી ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે કે આગામી સીઝન પહેલાં હાર્દિક પાસેથી મુંબઈ ઇન્ડિયન્સના નેતત્વની જવાબદારી કદાચ પાછી લઈ લેવામાં આવશે અને જો પાછી લઈ લેવાશે તો કોને સુકાન સોંપાઈ શકે?

હાર્દિકના સુકાનમાં મુંબઈ ઇન્ડિયન્સનો રવિવારે પંજાબ કિંગ્સ સામેની ક્વૉલિફાયર-ટૂમાં પાંચ વિકેટે પરાજય થયો હતો. હાર્દિકે પોતે ચારને બદલે માત્ર બે ઓવર બોલિંગ કરી હતી. ટીમના એકમાત્ર સ્પિનર અને ન્યૂ ઝીલૅન્ડના વિશ્વ કક્ષાના મિચલ સૅન્ટનરને પણ તેણે બે જ ઓવર આપી હતી. હાર્દિકે ૧૯મી ઓવર બિન અનુભવી અશ્વની કુમાર (૪-૦-૫૫-૨)ને આપી હતી જેમાં પંજાબનો કૅપ્ટન શ્રેયસ ઐયર જે તેના સર્વોત્તમ ફૉર્મમાં રમી રહ્યો હતો એમાં તેણે ચાર સિક્સર ફટકારીને એ જ ઓવરમાં ખેલ ખતમ કરી નાખ્યો હતો. આ ભૂલ બદલ હાર્દિકની ટીકા થઈ રહી છે.

હાર્દિકની કૅપ્ટન્સીમાં ૨૦૨૪માં મુંબઈની ટીમ છેક ૧૦મા નંબરે રહી હતી અને આ વખતે પ્લે-ઑફમાં હારી ગઈ. જો હાર્દિક પાસેથી કૅપ્ટન્સી પાછી લઈ લેવાશે તો કોને સોંપાશે એ માટે ત્રણ નામ સૌથી વધુ ચર્ચામાં છે.

એક અહેવાલ મુજબ રોહિત શર્માને ફરી સુકાન સોંપાશે એવી શક્યતા છે. મુંબઈએ રોહિતના નેતૃત્વમાં જ પાંચ ટાઇટલ જીત્યા છે. ૨૦૨૪માં રોહિત પાસેથી મુંબઈ ઇન્ડિયન્સનું સુકાન પાછું લઈ લેવાયું ત્યાર બાદ સાત મહિના પછી રોહિતની કૅપ્ટન્સીમાં ભારતે ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો. રોહિત હજી વન-ડેમાં ભારતનો સુકાની છે જ અને તે ૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ રમશે એવી પાકી સંભાવના છે. મુંબઈ ઇન્ડિયન્સ પાંચ વર્ષથી ટ્રોફી નથી જીત્યું એટલે રોહિતને ફરી નેતૃત્વની જવાબદારી સોંપશે તો નવાઈ નહીં લાગે.

ભારતની ટી-૨૦ ટીમનો કૅપ્ટન સૂર્યકુમાર યાદવ છે, પરંતુ મુંબઈ ઇન્ડિયન્સની ટીમમાં તે હાર્દિકના સુકાનમાં રમ્યો છે. ભારત વતી સૂર્યાએ સુકાન સારી રીતે સંભાળ્યું છે અને હાર્દિકના સ્થાને મુંબઈનું સુકાન પણ સારી રીતે સંભાળી શકે એવું ઘણાનું માનવું છે.

ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે ટેસ્ટમાં અને ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ભારતની કૅપ્ટન્સી સંભાળી છે, પણ આઇપીએલમાં ક્યારેય નેતૃત્વનો લાભ તેને નથી મળ્યો. બની શકે મુંબઈની ટીમના નવા સુકાની તરીકે તેના નામ પર પણ ચર્ચા થશે. ■

## આઈપીએલના ટૉપર્સ

**બૅટિંગ**

(૧) સાઇ સુદર્શન (ગુજરાત): ૭૫૯ રન
(૨) સૂર્યકુમાર યાદવ (મુંબઈ): ૭૧૭ રન
(૩) વિરાટ કોહલી (બેંગલૂરુ): ૬૫૭ રન
(૪) શુભમન ગિલ (ગુજરાત): ૬૫૦ રન
(૫) મિચલ માર્શ (લખનઊ): ૬૨૭ રન

**બોલિંગ**

(૧) પ્રસિદ્ધ ક્રિષ્ના (ગુજરાત): ૨૫ વિકેટ
(૨) નૂર અહમદ (ચેન્નઈ): ૨૪ વિકેટ
(૩) જૉશ હૅઝલવૂડ (બેંગલૂરુ): ૨૨ વિકેટ
(૪) ટ્રેન્ટ બૉલ્ટ (મુંબઈ): ૨૨ વિકેટ
(૫) અર્શદીપ સિંહ (પંજાબ): ૨૧ વિકેટ

નોંધઃ (૧) સૌથી વધુ સિક્સર લખનઊના પૂરનના નામે હતી. તેણે ૪૦ છગ્ગા ફટકાર્યા હતા. પંજાબનો શ્રેયસ ઐયર ૩૯ સિક્સર સાથે બીજા નંબરે અને મુંબઈનો સૂર્યકુમાર ૩૮ સિક્સર સાથે ત્રીજો હતો.

**‘કૅડી’ સૉલ્ટનો કૅચ ઑફ ધ ફાઈનલઃ** બેંગલૂરુના ફિલ સૉલ્ટે ગઈ કાલે પ્રિયાંશ આર્યનો બાઉન્ડરીની આરપાર જઈને કૅચ પકડ્યો હતો. સૉલ્ટ સ્વદેશ ગયા બાદ નવજાત પુત્રનું મોઢું જોઈને તરત અમદાવાદ આવ્યો અને ફાઈનલમાં રમ્યો. (બીસીસીઆઇ)



# ભારતે ‘એક ઈનિંગ્સથી’ હરાવી દીધું પાકિસ્તાનનેઃ સંરક્ષણ દળના વડા અનિલ ચૌહાણની ‘સિક્સર’

**▶ જનરલ ચૌહાણે ક્રિકેટ, ફૂટબૉલની ભાષામાં યુદ્ધની સમજ આપીને સૌના દિલ જીતી લીધાં**

પુણેઃ ભારતના સંરક્ષણ દળના વડા જનરલ અનિલ ચૌહાણે મંગળવારે અહીં પાકિસ્તાન સામેના ‘ઑપરેશન સિંદૂર’ વિશેની ચર્ચામાં ક્રિકેટની ભાષાના શબ્દપ્રયોગ કરીને સૌના દિલ જીતી લીધાં હતાં.

ભારત ક્રિકેટપ્રેમી દેશ છે અને આ રાષ્ટ્રમાં ક્રિકેટ ધર્મની જેમ પૂજાય છે. ભારતીય સશસ્ત્ર દળોએ ગયા મહિને ‘ઑપરેશન સિંદૂર’ હેઠળ આતંકવાદી મથકો પર તેમ જ પાકિસ્તાનના હવાઈ દળનાં સ્થાનો પર સચોટ હુમલા કરીને પાકિસ્તાનને પાયમાલ કરી નાખ્યું હતું. અહીં સાવિત્રીબાઈ ફુલે પુણે યુનિવર્સિટીના સંરક્ષણ તથા વ્યૂહાત્મક અભ્યાસ સંબંધિત વિભાગ દ્વારા આયોજિત ‘ભવિષ્યના યુદ્ધ અને યુદ્ધની પદ્ધતિ’ વિષય પર પ્રવચન પૂરું કર્યા બાદ અનિલ ચૌહાણે સમારંભમાં ઉપસ્થિત અમુક વિદ્વાનોના પ્રશ્નના જવાબ આપ્યા હતા.

‘ઑપરેશન સિંદૂર’ દરમ્યાન પાકિસ્તાને જે નુકસાન ભોગવ્યું એને લગતા એક સવાલના જવાબમાં જનરલ ચૌહાણે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે ‘આ કાર્યવાહી હજી પૂરી નથી થઈ. જંગ હાલપૂરતું થંભી ગયું છે. એ બાબતમાં હું તમને વિગતવાર સમજ આપું. ધારો કે તમે ફૂટબૉલ મૅચ રમો છો અને એમાં ૪-૨થી જીતો છો. સામેવાળા બે ગોલ કરે છે અને તમે ચાર ગોલ કરી નાખો છો. એ વન-સાઇડેડ મૅચ થઈ કહેવાય, ખરુંને?’

જનરલ ચૌહાણે ત્યાર બાદ ક્રિકેટની રમત પર ફૉકસ રાખ્યું હતું અને જંગનો નિષ્કર્ષ સમજાવતાં કહ્યું, ‘ધારો કે તમે ક્રિકેટની ટેસ્ટ મૅચ રમો છો અને તમે એક ઇનિંગ્સથી જીતો છો. એ સ્થિતિમાં કેટલી વિકેટ, કેટલા બૉલ અને કેટલા ખેલાડીઓ એવા કોઈ સવાલનું ખાસ કંઈ મહત્ત્વ રહેતું જ નથી. એક ઇનિંગ્સથી હરાવ્યા એટલે વાત પૂરી થઈ.’

રણમેદાનમાં ભારતની પાકિસ્તાન સામેની જીત વિશેના અનિલ ચૌહાણના આ મંતવ્યને સમારોહમાં ઉપસ્થિત મહેમાનોએ તાળીઓથી વધાવી લીધું હતું. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| GAP | ટકોરો |
| LAP | ઝોકું |
| NAP | બાકોરું |
| RAP | નળ |
| TAP | ખોળો |

## ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટમાં સૌ પ્રથમ હેટ - ટ્રિકની સિદ્ધિ નોંધાવનારા બોલરની ઓળખાણ પડી? ૫૦ વિકેટ મેળવનાર પણ પ્રથમ બોલર હતા.

અ) સ્પોફોર્થ   બ) નોબલ   ક) રહોડ્સ   ડ) લારવૂડ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | ૨ ખ | પ | ૩ ત્ર | | ૪ બ | હા | ૫ ર | ૬ ગા | ૭ મ |
| ૮ ખો | ટ | | ૯ ઠ | ૧૦ સ | કો | | ૧૧ દી | મ | ક |
| ૧૨ મુ | રા | રિ | | મા | | ૧૩ સા | ફ | | બ |
| ૧૪ ખ | ગ | | ૧૫ કા | રો | બા | રી | | ૧૬ ફ | રો |
| | | ૧૭ વિ | ર | હ | | ૧૮ ગ | મા | ર | |
| ૧૯ વિ | મા | સ | ણ | | ૨૦ ગ | મ | | ૨૧ ના | ૨૨ ચ |
| ત | | ર્ગ | | ૨૩ સ | ઢ | | ૨૪ હ | રા | યા |
| ૨૫ ર | ફ | | | ન્મા | | ૨૬ મ | સ્ત | | પ |
| ણ | | ૨૬-અ ના | ૨૭ જ | ની | ન | | ક | | ચ |
| | ૨૮ આ | વ | ડ | ત | | ૨૯ જ | લા | શ | ય |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | | ૪ | ૫ | ૬ |
| ૭ | | | | | | ૮ | | ૯ | |
| ૧૦ | | ૧૦અ | | ૧૧ | | | ૧૨ | | |
| | | ૧૩ | | | | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | | | | | ૧૭ | | | ૧૮ | |
| | | ૧૯ | | ૨૦ | | ૨૧ | ૨૨ | | |
| ૨૩ | | | | ૨૪ | ૨૫ | | | | ૨૬ |
| | | | ૨૭ | | | | | | |
| | ૨૮ | ૨૯ | | | | | ૩૦ | ૩૧ | |
| ૩૨ | | | | | | | ૩૩ | | |

**આડી ચાવી**

૧. ચીલે ચાલનારું, ગાડરિયું (૬)
૪. જમીન પર ફરનારું પ્રાણી (૩)
૭. વૃદ્ધાવસ્થા (૨)
૯. હોદ્દો, પગ (૨)
૧૦. છીંકણી (૩)
૧૧. અધવચ, દૂરનો વિસ્તાર (૫)
૧૩. ધારદાર ભેખડ (૩)
૧૪. શિખર (૨)
૧૬. બારણાં, દરવાજો (૩)
૧૭. ઝેર (૨)
૧૮. શહેરી, ફળિયું (૨)
૧૯. એકાવનની પહેલાં (૩)
૨૧. ધિક્કાર (૩)
૨૩. પહેલાં છોકરીઓ માથામાં બાંધતી (૩)
૨૪. વાણી (૨)
૨૭. આધાર (૫)
૨૮. સચેત (૩)
૩૦. જમીનની નીચે છુપાવાની જગા (૩)
૩૨. સૌભાગ્ય વધારનારું (૬)
૩૩. ધૈર્ય (૩)

**ઊભી ચાવી**

૧. કેર વર્તાવનારું (૫)
૨. ખેદાનમેદાન, જમીનદોસ્ત (૩)
૩. ક્ષમતા (૨)
૫. ચંચળ (૩)
૬. બાતલ (૨)
૮. પર્વતોની હારામાળ (૫)
૧૦અ. ફેરા, ધક્કા (૫)
૧૧. ખોળો, સંખ્યા (૨)
૧૨. યજ્ઞ (૨)
૧૫. ---માંથી ફૂલ બને (૨)
૧૮. વીતી ગયેલું (૨)
૨૦. સવારનું બહુવચન (૩)
૨૨. જાદુથી લોકોની આંખને ભુલાવામાં નાખવી તે (૫)
૨૩. વગડાનું એક ફળ (૨)
૨૫. રિસેસમાં છોકરાઓ ખાય (૪)
૨૬. નવાઈભર્યું (૪)
૨૭. રાક્ષસ (૩)
૨૮. બેઠક, મંડળી, પરિષદ (૨)
૨૯. નસીબ (૨)
૩૧. હાથ, ટેક્ષ (૨)

## ચતુર આપો જવાબ

**અર્થ જણાવો**

‘રાંક કરતાં લાંઠિયો સારો’ કહેવતમાં લાંઠિયો શબ્દનો અર્થ જણાવો.

અ) લોભી   બ) લાખેણો   ક) ચાલાક   ડ) બોલકો

## ગુજરાત મોરી મોરી રે

આભૂષણ અને જૂતા બનાવનારા વાયદા આપ્યા કરે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

વહાણું   ને   સાંજ   મોચીનું   સોનીની

## માતૃભાષાની મહેક

ખરા ખાસ્તું, ને બિયાબારું કહેવત સમજવા જેવી છે. ખરા એટલે કઠણ પથ્થર અથવા જોડાની એડી. બિયાબારું એટલે અણબનાવ અથવા દ્વેષ. જ્યોતિષની રીતે સામી પ્રીતનો યોગ. મનને કઠણ કરી જ્યોતિષના સામી પ્રીતના યોગને ફગાવી દેવા એ એનો ભાવાર્થ છે. ટૂંકમાં મનને કઠણ રાખવાની, પીગળી નહીં જવાની વાત છે.

## ઈર્શાદ

*કેવી રીતે કહું કે તમે ખાસ કેટલાં?*
*આવ્યાં કરો છો યાદ અનાયાસ કેટલાં!*

--- શૈલેષ ગઢવી

## સુડોકુ-૯૦૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ૬ | | ૮ | ૧ | | |
| | | ૪ | | | | ૮ | | |
| ૯ | ૧ | | | | | | ૩ | |
| ૮ | ૬ | | ૯ | | ૭ | | ૪ | ૨ |
| | | ૯ | | | | ૭ | | |
| ૨ | ૫ | | ૩ | | ૪ | | ૬ | ૮ |
| | ૮ | | | | | | ૯ | ૭ |
| | | ૨ | | | | ૪ | | |
| | | ૬ | ૧ | | ૩ | ૨ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ | ૩ | ૬ | ૮ |
| ૩ | ૭ | ૧ | ૮ | ૪ | ૬ | ૨ | ૯ | ૫ |
| ૫ | ૮ | ૬ | ૨ | ૯ | ૩ | ૧ | ૪ | ૭ |
| ૯ | ૨ | ૮ | ૩ | ૧ | ૭ | ૬ | ૫ | ૪ |
| ૬ | ૪ | ૩ | ૫ | ૨ | ૯ | ૭ | ૮ | ૧ |
| ૭ | ૧ | ૫ | ૬ | ૮ | ૪ | ૯ | ૩ | ૨ |
| ૪ | ૬ | ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૧ | ૩ |
| ૧ | ૫ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ | ૭ | ૬ |
| ૮ | ૩ | ૭ | ૪ | ૬ | ૧ | ૫ | ૨ | ૯ |

## માઈન્ડ ગેમ

ભારતનાં વિવિધ શહેરો આગવી ઓળખ ધરાવે છે. કયું શહેર ‘ગ્લાસ સિટી ઓફ ઈન્ડિયા’- કાચના શહેર તરીકે જાણીતું છે?

અ) જબલપુર   બ) ફરીદાબાદ
ક) ફિરોઝાબાદ   ડ) ઈમ્ફાલ

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| BIDE | ટકી રહેવું |
| GUIDE | માર્ગદર્શન |
| HIDE | ચામડું |
| TIDE | ભરતી |
| WIDE | પહોળું |

ગુજરાત મોરી મોરી રે
નાણું દેખી મુનિવર પણ ચળે

ઓળખાણ પડી?
અબ્બાસ અલી બેગ

માઈન્ડ ગેમ
મૈસુર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મૂંગા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) નુતન વિપીન શાહ (૧૩) મીનળ કાપડિયા (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) મહેશ દોશી (૧૭) મહેશ સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) પ્રવીણ વોરા (૨૪) પુષ્પા ખોના (૨૫) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૬) અલકા વાણી (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) પુષ્પા ખોના (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) જગદીશ ઠક્કર (૩૩) અરવિંદ કામદાર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) રમેશ દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) અંબરીષ ઓઝા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નિતિન જયંતીલાલ બજરિયા

# ગુજરાતના વિદ્યાર્થીઓમાં એન્જિનિયરિંગનું આકર્ષણ ઘટ્યું, 30,000 બેઠક ખાલી રહેવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની એન્જિનિયરિંગ કોલેજોમાં આ શૈક્ષણિક વર્ષમાં ૩૦,૦૦૦ બેઠક ખાલી રહેવાની સંભાવના છે, કારણ કે પ્રોફેશનલ કોર્સીસ માટેની પ્રવેશ સમિતિએ સોમવારે માત્ર ૩૮,૩૭૫ વિદ્યાર્થીઓ સાથે કામચલાઉ મેરિટ યાદી જાહેર કરી હતી.

એસીપીસીના એક સિનિયર અધિકારીના જણાવ્યા મુજબ, ૩૮,૩૭૫ વિદ્યાર્થીઓના સમાવેશ સામે, ધોરણ ૧૨ વિજ્ઞાનના પૂરક પરિણામ જાહેર થયા પછી લગભગ ૨૦૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે છે. જોકે, એટલી જ સંખ્યામાં વિદ્યાર્થીઓ ગુજરાતની કોલેજોમાં પ્રવેશ કન્ફર્મ નહીં કરી શકે અને તેથી આ વર્ષે લગભગ ૩૦,૦૦૦ બેઠકો ખાલી રહેવાની શક્યતા છે. ઉપલબ્ધ બેઠકો અને વિદ્યાર્થીઓના રસ વચ્ચેનો તીવ્ર તફાવત ગુજરાતના વિદ્યાર્થીઓમાં એન્જિનિયરિંગની આકર્ષણમાં સતત ઘટાડો દર્શાવે છે. જો મેરિટ લિસ્ટમાં દરેક વિદ્યાર્થી રાજ્યહ કોલેજોમાં પ્રવેશ કન્ફર્મ કરે તો પણ, ૨૦૨૫ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષમાં ૩૦,૦૦૦ થી વધુ બેઠકો ખાલી રહેશે. એસીપીસી રાજ્યૈભરમાં ૧૪૦ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોમાં ૭૯,૫૪૪ બેઠકો માટે પ્રવેશ કરશે.

આમાં ૧૯ સરકારી અને સહાયિત સંસ્થારઓમાં ૧૦,૯૫૭ બેઠકો અને ૧૨૧ ખાનગી સંસ્થોઓમાં ૬૮,૫૮૭ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રથમ પ્રવેશ રાઉન્ડમાં ૫૭,૦૪૬ બેઠકોનો સમાવેશ થાય છે, જેમાં બધી સરકારી બેઠકો અને ૪૬,૦૮૯ ખાનગી કોલેજ બેઠકોનો સમાવેશ થાય છે.

# અમદાવાદના રિયલ એસ્ટેટને મંદીનું ગ્રહણ લાગ્યું, મકાનના વેચાણમાં ત્રેવીસ ટકાનો ધરખમ ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના રિયલ એસ્ટેટ સેક્ટરમાં મંદીના સંકેતો દેખાવા લાગ્યા છે. એક સમયે એફોર્ડેબલ હાઉસિંગ માર્કેટ તરીકે જાણીતા અમદાવાદમાં હવે લોકો માટે ઘર ખરીદવું કપરું બની ગયું છે. એક તરફ મોંઘવારીએ લોકોની કમર તોડી નાખી છે, તો બીજી તરફ આર્થિક અનિશ્ચિતતા વચ્ચે લોકો કોઈ જોખમ લેવા તૈયાર નથી અને તેથી જ લોકો ઘર ખરીદવાનું પણ ટાળી રહ્યા છે. જેને લીધે અમદાવાદમાં રેસિડેન્સિયલ હાઉસિંગ સેલ્સમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે.

અમદાવાદમાં બિલ્ડર્સ દ્વારા ૧૫ ટકા વધુ નવા પ્રોજેક્ટસ શરૂ કરવામાં આવ્યા છે, એટલે કે સપ્લાયમાં વધારો થયો છે, પરંતુ તેની સામે ડિમાન્ડમાં ઘટાડો થયો છે અને તેથી ઘરના વેચાણમાં યર-ઓન-યર ૨૩ ટકાનો ઘટાડો નોંધાયો છે.આમ સપ્લાયમ ડિમાન્ડને જોતાં મોટો વિરોધાભાસ જોવા મળી રહ્યો છે, કેમ કે બિલ્ડર્સ સતત નવા ઘર બનાવવાનું ચાલું રાખી રહ્યા છે, પરંતુ ખરીદદારો વધારે સાવચેત બની ગયા છે. એનારોકના ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટર રિપોર્ટમાં પ્રમાણે આ સમયગાળા દરમિયાન અમદાવાદમાં ૮૯૦૦ હાઉસિંગ યુનિટ વેચાયા હતા જે માસિક ચાર ટકાનો ઘટાડો દેખાડે છે. પ્રથમ ક્વાર્ટરમાં જેટલા પણ હાઉસિંગ યુનિટ વેચાયા છે તેમાં સૌથી વધુ પશ્ચિમ અમદાવાદમાં વેચાયા છે. ક્વાર્ટરલી તેમાં બે ટકાનો ઘટાડો નોંધાયો હોવા છતાં પશ્ચિમ અમદાવાદ ૩૫ ટકા ઘર વેચાયા છે. જ્યા રે ઉત્તર અમદાવાદમાં પણ હાઉસિંગની ડિમાન્ડમાં વધારો થયો છે, જ્યોં કુલ વેચાણના ૨૮ ટકા હાઉસિંગ યુનિટ આ ઝોનમાં વેચાયા છે. આ વિસ્તાગરોમાં ઝડપથી ડેવલપમેન્ટ થઈ રહ્યું છે, જ્યાં કનેક્ટિવિટીમાં સુધારો થયો છે અને નવા કોમર્સિયલ સેન્ટર્સ તરીકે તે ઊભરી રહ્યું હોવાના કારણે અહીં ડિમાન્ડમાં વધારો નોંધાયો છે.

બીજી તરફ ઘરનું વેચાણ નબળું પડ્યું હોવા છતાં બિલ્ડર્સ નવા-નવા પ્રોજેક્ટો લોન્ચ કરી રહ્યા છે, જેને લીધે અમદાવાદના રેસિડેન્શિયલ માર્કેટમાં ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં ૯૬૦૦ નવા યુનિટ્સનો ઉમેરો થયો છે, જે ક્વાર્ટલી સાત ટકા અને વાર્ષિક ૧૫ ટકાનો નોંધપાત્ર વધારો છે. વેચાણની જેમ નવા પ્રોજેક્ટસમાં પણ પશ્ચિમ અમદાવાદ આગળ રહ્યું છે.

પ્રથમ ક્વાર્ટરમાં જેટલા પણ નવા પ્રોજેક્ટ લોન્ચ થયા છે તેમાંથી ૩૯ ટકા લોન્ચ પશ્ચિમ અમદાવાદમાં થયા છે, જે ક્વાંર્ટરલી ૩૧ ટકાનો નોંધપાત્ર ઉછાળો છે. બીજા શબ્દોમાં કહીએ તો અન્ય વિસ્તારોની તુલનામાં પશ્ચિમ અમદાવાદમાં સપ્લાય અને ડિમાન્ડ સમાન રીતે ચાલી રહ્યો છે, એટલે કે ત્યાંથ ડિમાન્ડ૦ પણ વધારે છે અને નવા પ્રોજેક્ટનું લોન્ચિંગ પણ નોંધપાત્ર રીતે વધ્યું છે. જ્યારે કુલ લોન્ચમાં ઉત્તર અમદાવાદ ૩૦ ટકા સાથે બીજા ક્રમે રહ્યું હતું. અમદાવાદ એફોર્ડેબલ હાઉસિંગ માર્કેટ છે, પરંતુ હવે ધીમે ધીમે ઘરની કિંમતો વધી રહી છે, બિલ્ડર્સનું કહેવું છે કે અમદાવાદમાં જમીનની કિંમતો આકાશને આંબી રહી છે જ્યાવરે રો-મટિરિયલ્સંની કિંમતોમાં પણ વધારો થયો છે, જેના કારણે તેમના માટે એફોર્ડેબલ હાઉસિંગ બનાવવા મુશ્કેલ બની રહ્યા છે. તેથી જ પ્રથમ ક્વાર્ટરમાં જેટલા પણ નવા પ્રોજેક્ટ લોન્ચ થયા છે તેમાં ૪૦ લાખથી લઈને ૮૦ લાખ રૂપિયા સુધીના મિડ-એન્ડ હાઉસિંગ સેગ્મેશન્ટેના છે જે કુલ વેચાણના ૫૨ ટકા છે. ત્યા રબાદ ૮૦ લાખ રૂપિયાથી લઈને ૧.૨૫ કરોડ રૂપિયા સુધીના હાઈ-એન્ડ હાઉસિંગ સેગ્મેન્ટનો નંબર આવે છે.

૪૦ લાખ રૂપિયાથી નીચેની કિંમતના ઘરનો માર્કેટ શેર ૧૩ ટકા રહ્યો છે જ્યારે ૧.૨૫ કરોડથી ૨.૨૫ કરોડ રૂપિયાના પ્રીમિયમ ઘરનો હિસ્સો સાત ટકા છે. જ્યારે રેસિડેન્શિયલ માર્કેટમાં ૨.૫ કરોડ રૂપિયાથી ઉપરના અલ્ટ્રા-લક્ઝરી પ્રોપર્ટીઝનો હિસ્સો ફક્તર એક ટકા છે.

અમદાવાદમાં રેસિડેન્શિસયલ માર્કેટમાં ડિમાન્ડો ઘટવાના કારણે ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં ઉપલબ્ધ ઈન્વેન્ટરીમાં થોડો વધારો થયો, જે અંદાજિત ૬૩,૫૦૦ યુનિટ પર પહોંચ્યોવ છે. જોકે આ વાર્ષિક ધોરણે પાંચ ટકાનો ઘટાડો દેખાડે છે. કુલ ઈન્વેન્ટરીમાં પશ્ચિમ અમદાવાદમાં સૌથી વધારે ૩૯ ટકા ઈન્વેન્ટ્રી છે જ્યારે ઉત્તર અમદાવાદમાં ૩૩ ટકા છે. શહેરનો ઈન્વેન્ટરી ઓવરહેંગ ૨૦૨૫ના પ્રથમ ક્વા ર્ટરમાં વધીને ૧૯ મહિના થયો, જે ૨૦૨૪ના ચોથા ક્વાર્ટર કરતા એક મહિના વધુ છે, જે આગામી મહિનાઓમાં સંભવિત ઘર ખરીદનારાઓ માટે વાટાઘાટોની વધુ સારી તકો પ્રદાન કરે છે.

# સુરતના ૭૦ વર્ષીય ટેક્સ્ટાઈલ ટાયકૂન સુરેશ જરીવાલા રોજ ૪૦ કિ.મી. સાઇકલિંગ કરે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર દુનિયામાં વિશ્વ સાઇકલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નિયમિત સાઇકલ ચલાવવાથી શરીર તંદુરસ્ત રહે છે અને સાથે સાથે આર્થિક તેમજ પર્યાવરણની દૃષ્ટિએ પણ લાભદાયી છે. એક બાજુ સુપર બાઇક અને સ્પોર્ટ્સ કારના શોખીનો વધી રહ્યા છે, ત્યારે બીજુ બાજુ સાઇકલિંગ લવર્સ પણ છે. સુરતમાં રહેતા ૭૦ વર્ષીય ટેક્સટાઈલ ટાયકૂન સુરેશ જરીવાલાએ સાઇકલિંગને શોખ નહીં પણ ટેવ જ બનાવી લીધી છે. તેઓ ફિટનેસ માટે સાઇકલ ચલાવે છે.

આજે પણ તેઓ દરરોજ સવારે ૫.૪૫ કલાકે ઉઠીને ૩૦-૪૦ કિમી સાઇકલ ચલાવે છે. આ સાઇકલ પણ આજની મોર્ડન સાઇકલ નહીં પરંતુ ૩૦ વર્ષ જૂની એટલસ સાઇકલ છે. તેઓ ૧૯૭૨થી આમ કરી રહ્યા છે. જરીવાલા પાસે અનેક કારનું શાનદાર કલેક્શન છે તેમ છતાં સાઇકલ ચલાવવાનું પસંદ કરે છે.

સુરેશ જરીવાલા ૧૯૭૨થી સાઇકલ ચલાવે છે, તે સમયે તેમની ફેક્ટરી સુરતમાં હતી અને ત્યારથી દરરોજ સાઇકલ ચલાવે છે. ૧૯૮૨માં ફેક્ટરી શિફ્ટ થયા બાદ પણ તેમણે સાઇકલ ચલાવવાનું ન છોડ્યું. તેમનું ઘર સુરતના સલાબતપુરામાં હતું. તેઓ ૩ કિલોમીટર સાઇકલ ચલાવીને સુરત સ્ટેશન આવતા અને ત્યાંથી ટ્રેનમાં અંકલેશ્વર જતા હતા. અંકલેશ્વર સ્ટેશન પર તેઓ અન્ય સાઇકલ રાખતા હતા, જેનાથી તેઓ ૪ કિલોમીટર દૂર ફેક્ટરી પર જતા હતા, તેમનો આ નિત્યક્રમ હતો.

૧૯૯૦ના દાયકામાં તેમણે ૨૦૦૦ રૂપિયામાં એટલસ સાઇકલ ખરીદી હતી. તે એક સાધારણ, ભારે અને ટકાઉ મોડલ હતું. તેઓ આજે પણ આ સાઇકલ ચલાવે છે. ૩૦ વર્ષ બાદ પણ સાઇકલ સારી સ્થિતિમાં છે. સુરેશ જરીવાલા ચાર ભાઈઓમાં સૌથી નાના છે અને તેમના ઘરમાં ૨૨ લોકોનો સંયુક્ત પરિવાર છે.

# મનરેગા કૌભાંડની મલાઈ ઉપર સુધી જાય છે, કાર્યવાહી માત્ર નાના માણસો પરઃ સાંસદ મનસુખ વસાવા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દાહોદ બાદ ભરૂચમાં પણ મનરેગા કૌભાંડ બહાર આવ્યું છે, જેને પગલે હવે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ બનાવવામાં આવશે. જેમાં ડીવાયએસપી કક્ષાના અધિકારીઓને આ તપાસ સોંપવામાં આવે તેવી સંભાવના છે.

આ દરમિયાન ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ મનરેગા યોજનામાં મોટા પાયે કૌભાંડ થયા હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે, કૌભાંડની મલાઈ ઉપર સુધી જાય છે, કૌભાંડમાં ઉપરથી નીચે બધાની મિલિભગત હોય છે. જો કે કાર્યવાહી માત્ર નાના માણસો પર જ કરવામાં આવે છે. મનસુખ વસાવાએ નિવેદન આપતા વધુમાં જણાવ્યું હતું કે, ૫૮ ગામોમાં ૭.૩૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. સમગ્ર કૌભાંડ મામલે વેરાવળની બે એજન્સી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ યોજનામાં કૌભાંડ ન થાય તે માટે સિસ્ટમમાં ફેરફાર કરવાની પણ તેમણે માગ કરી હતી.

તેમણે ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે, બધા જ લોકોની આમાં મિલિભગત હોય છે, તેમાં રાજ્ય સ્તરના મંત્રી હોય, સેક્રેટરી હોય, વિભાગના કમિશનર હોય કે પછી જિલ્લા વિકાસ અધિકારી આ બધા જ લોકાની આમાં જવાબદારી હોય છે. જ્યારે તપાસ હાથ ધરવામાં આવે ત્યારે નીચેનો કર્મચારી ફસાઈ જાય છે. પરંતુ, બધાનું જ આમાં સેટિંગ હોય છે.ભરૂચ ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ફરજ બજાવતા પ્રતીક ઉદેસિંહ ચૌધરીએ મનરેગા યોજનામાં આમોદ, જંબુસર, હાંસોટમાં કરોડોનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ભરૂચમાં ૫૬ ગામમાં મનરેગાના કામોમાં ૭.૩૦ કરોડનું કૌભાંડ થયું હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આરોપ છે કે આમોદ, જંબુસર અને હાસોટ તાલુકામાં કરોડોના કૌભાંડને અંજામ આપ્યો છે. ગુણવત્તાના અભાવ સાથે માનવશ્રમના ઉપયોગ વગર જ કરોડોના બિલો પાસ કરી દેવામાં આવ્યા છે. મેટલ રસ્તા પર મેટલનો ઓછો વપરાશ કર્યો હોવાની પણ ફરિયાદ છે.

પ્રતીક ઉદેસિંહ ચૌધરીએ જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સી (પીયૂષભાઇ નુકાણી), મુરલીધર એન્ટરપ્રાઈઝ (જોધાભાઇ સભાડ) અને કરાર આધારિત આઉટસોર્સ કર્મચારી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, ભ્રષ્ટાચાર કરવા માટે ૬૦-૪૦નો રેશિયો તોડીને મટિરિયલની ખરીદી કરવામાં આવી હતી. સરકારી એસઓપી અને ધારાધોરણ મુજબ કામ થયું અને કામ પૈસા ચૂકવી દેવાની વાત કરવામાં આવી હતી. જોકે, વધારે મટિરિયલ બતાવીને તેના ખોટા બિલ બનાવવામાં આવ્યાં હતાં.

# અમદાવાદની સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઃ પોલીસની સઘન તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં સરદાર પટેલ રિંગ રોડ પર આવેલી જેનેવા લિબરલ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્ર એલર્ટ બન્યું હતું. શાળાના મેઈલ આઈડી પર આવેલા ધમકીભર્યા મેઈલને પગલે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. તાત્કાલિક ધોરણે શાળા તંત્ર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગે વિગતો મળતાની સાથે જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ પણ તાત્કાલિક શાળાએ આવી પહોંચી હતી. પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો દ્વારા સમગ્ર શાળા પરિસરમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. ધમકીભર્યા મેસેજને ગંભીરતાથી લઈ પોલીસે આ અંગે ઊંડાણપૂર્વક શોધખોળ શરૂ કરી છે.શાળાને મળેલા ધમકીભર્યા ઇમેલની ડીઇઓ કચેરીએ પણ પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે, સ્કૂલમાં તપાસ કરવામાં આવી રહી છે. સાથે જ પોલીસને પણ સ્કૂલમાં આ અંગે કાર્યવાહી કરવાની જાણ કરવામાં આવી હતી. તે ઉપરાંત બિન અધિકૃત વ્યકિતને સ્કૂલમાં પ્રવેશવા ન દેવા સ્કૂલને સૂચના આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શાળા અને સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા મેસેજ મેઈલ દ્વારા મળવાના કિસ્સાઓ અગાઉ પણ બન્યા હતા. આવા મેસેજ ઘણીવાર વિકૃત માનસિકતા ધરાવતા લોકો દ્વારા કરવામાં આવતા હોય છે, પરંતુ સુરક્ષાના ભાગરૂપે પોલીસ વિભાગ હંમેશાં સતર્ક રહે છે જેથી કોઈ મોટી જાનહાનિને ટાળી શકાય. હાલ જેનેવા લિબરલ સ્કૂલમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને કોઈ વાંધાજનક વસ્તુ મળી નથી. પોલીસ આ મેઈલ કરનાર વ્યક્તિને શોધવા માટે વધુ તપાસ હાથ ધરી રહી છે.

# કરોડોનું બજેટ છતાં અમદાવાદનાં અનેક સ્થળોએ પાણી ભરાવાની શક્યતા; મનપા પ્રી-મોન્સૂન પ્લાનની સામે પડકારો યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૮૫૨ કરોડના બજેટ સાથે પ્રી-મોન્સુન એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જોકે, આટલા મોટા બજેટ છતાં શહેરમાં ૧૪૭ સ્થળોએ વરસાદી પાણી ભરાવાની શક્યતા છે, જે ગત વર્ષની સરખામણીએ ૨૦ સ્થળોનો વધારો દર્શાવે છે.

વરસાદી પાણી ભરાતા અટકાવવા માટે અમદાવાદ મનપા હાલમાં રૂ.૬૫૨.૬૬ કરોડના કામો કરી રહી છે. પ્રથમ રાઉન્ડમાં ૬૮,૪૪૩ કેચપીટની સફાઈ કરવામાં આવી છે અને બીજા રાઉન્ડમાં ૧૦ જૂન સુધીમાં તમામ કેચપીટની સફાઈ પૂર્ણ થઈ જશે. આ ઉપરાંત, શહેરમાં ચાલતા ત્રણ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ વેસ્ટર્ન ટ્રંકલાઈન, ઈસ્ટર્ન ટ્રંકલાઈન અને ચંદ્રભાગા તેમ જ ગોધાવી અને ખારીકટ કેનાલનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

ચોમાસા દરમિયાન શહેરના મહત્ત્વના સ્થળો જ્યાં પાણી ભરાવાની સમસ્યા રહે છે. અમદાવાદના એઇસી ચાર રસ્તા, નવરંગ સર્કલ, અંકુર ચાર રસ્તા, સીએ સર્કલ, માણેકબાગ, હેલ્મેટ સર્કલ પાસે, સૂરધારા સર્કલ, થલતેજ, મકરબા પોલીસ હેડક્વાર્ટર, મધુમાલતી આવાસ (નિકોલ), ગોતા તળાવ પાસે, નીલગિરિ સર્કલ (ગોતા), ગોતા વોર્ડ ઓફિસ રોડ, ગોદરેજ ગાર્ડન સિટી, કળશ નવાહારથી ઘુમા તળાવ સુધી તેમ જ વ્યાસવાડી રોડ (નરોડા)માં પાણી ભરાય રહેવાની સમસ્યા છે.

અમદાવાદ મનપા દ્વારા પ્રી-મોન્સૂન તૈયારીઓ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં ૯૦૫૪ વૃક્ષનું ટ્રીમિંગ કરવામાં આવ્યું છે, જ્યારે આગામી દિવસોમાં ૯૯૭ વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવશે. તે ઉપરાંત શહેરમાં ૧૧૫૧ ભયજનક બિલ્ડિંગને નોટિસ આપવામાં આવી છે.

નવા ભળેલા અને વિકસતા વિસ્તારોને કારણે આ સમસ્યામાં વધારો થયો છે. અમદાવાદ મનપાએ હવામાન વિભાગ સાથે સંકલન સાધ્યું છે. એએમસી આ વખતે ભારતીય હવામાન વિભાગ પાસેથી વરસાદનો વરતારો મેળવશે. વરસાદ પડવાના અડધો કલાક પહેલા જાણ થાય તે અનુસાર કામગીરી કરવા માટે એક્શન પ્લાન તૈયાર થશે.

પ્રી-મોન્સૂન એક્શન પ્લાન માટેની વ્યવસ્થાના ભાગરૂપે એએમસી દ્વારા ૨૭ સ્થળે વરસાદી પાણી માપવા માટે રેઈનગેજ મૂકવામાં આવ્યા છે.

શહેરના ૧૮ સ્થળે કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. પાણી નિકાલ ૬૫ સમ્પ અને ૧૧૧ પંપ મૂકી વરસાદી પાણી દૂર કરવામાં આવશે.

શહેરના ૨૨ અંડરપાસમાં ૪૫ કેમેરાથી સતત વોચ રાખવામાં આવશે તેમ જ શહેરમાં ૪૦૭ સ્થળે લાગેલા ૧૨૭૪ કેમેરા ચાલુ હાલતમાં રહે તે માટે સતત મોનિટરિંગ કરવામાં આવશે.

# ઈ-કેવાયસી ૧૦૦ ટકા પૂર્ણ થયા બાદ જ વિતરણ શરૂ કરવા ગુજરાત ફેર પ્રાઇઝ એસો.ની. મુખ્ય પ્રધાનને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઈ કેવાયસી ૧૦૦ ટકા પૂર્ણ થયા બાદ જ વિતરણ વ્યવસ્થા શરૂ કરવા અંગે ગુજરાત રાજ્યના ગુજરાત ફેર પ્રાઇઝ એસોસિએશનના પ્રમુખ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદભાઈ મોદીએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી.

આ રજૂઆતમાં જણાવ્યા મુજબ ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત દર માસે એન. એફ. એસ. એ. તથા બી.પી.એલ. અને અંત્યોદય રેશનકાર્ડ ધારકોને નિર્ધારિત આવશ્યક ચીજ વસ્તુઓનું વિતરણ રેશન શોપ ડીલરો મારફતે કરવામાં આવે છે. જેની સામે નક્કી કરેલ દરેક ડીલરોને કમિશન ચૂકવવાની પદ્ધતિ અમલી છે. હાલમાં ઈ- કે.વાય.સી.ની કામગીરી ચાલી રહી છે. ગુજરાતમાં જે કાર્ડના પરિવાર સભ્યોના અગમ્ય કારણોથી ઈ-કેવાયસી થઈ નથી તેવા સભ્યોનો મળવાપાત્ર જથ્થો તાત્કાલિક અસરથી બંધ કરી દેવાતા ગ્રાહકો અને રેશન ડીલરો ઉપર આક્ષેપો- પ્રતિ આક્ષેપો થઈ રહ્યા છે.

જેથી જ્યાં સુધી સો ટકા ઈ-કેવાયસીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ગ્રાહકોનો જથ્થો પૂર્વવત્ સ્થિતિ મુજબ મળવો જોઈએ, ગ્રાહકોના અનાજ પ્રાપ્તિના હક્કો ગુમાવવાની સાથે સાથે, રેશન ડિલરોને પોતાના કમિશનની આવકમાં પણ ઘટાડો થાય છે, જે આજની મોંઘવારી માં યોગ્ય નથી તથા અન્ય પડતર માંગણીઓની લાંબા સમયથી આશ્વાસન મળ્યું છે પણ તો વાસ્તવિક રૂપે ઉકેલ આવેલ ન હોય રાજ્ય સરકાર ને ૩૦/૫/૨૦૨૫ ના રોજ આપેલા પત્ર મુજબ પહેલી જૂન- ૨૦૨૫ થી વિતરણ વ્યવસ્થાથી અળગા રહેવાનુ પણ સર્વાનુમતે નક્કી કર્યુ હતું. જે હવે પછી નવો જથ્થો મળે ત્યારે અમલ થશે.

નિયમોનુસાર કોઈપણ ગ્રાહકને અનાજથી વંચિત ના રાખી શકાય અને સરકારની જવાબદારી છે કે તેમના કર્મચારીઓ મારફતે ઘરે ઘરે જઈ ઈ-કેવાયસી કરવાનું છે જે બાબતે તંત્ર ના અધિકારીઓ ધ્યાન નહીં આપતા કેટલાય ગ્રાહકો ના ઈ-કેવાયસી બાકી રહી ગયા હોય જે સરકારની ભૂલ છે.

# સુરતની હૉસ્પિટલો બનશે સંપૂર્ણ 'પેપરલેસ', દર્દીઓને ડિજિટલ આરોગ્ય સેવાઓ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત મહાનગરપાલિકા નાગરિકોને વધુ સારી અને ઝડપી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે ઇન્ફોર્મેશન ટૅકનોલૉજીનો વ્યાપક ઉપયોગ કરવા જઈ રહી છે. એસએમસી સંચાલિત સ્મીમેર અને મસ્કતી હૉસ્પિટલ સહિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્રો હવે સંપૂર્ણપણે ''પેપરલેસ'' બનશે, જે સમગ્ર ગુજરાતમાં આવું કરનાર પ્રથમ મહાનગરપાલિકા બની રહેશે. આ પહેલથી આરોગ્ય સેવાઓ વધુ ઝડપી, પારદર્શક અને કાર્યક્ષમ બનશે, તેમજ તમામ તબીબી માહિતીનો ડિજિટલ ડેટાબેઝ તૈયાર થશે.

જ્યારે પણ કોઈ દર્દી એસએમસી સંચાલિત હૉસ્પિટલ કે અર્બન હેલ્થ સેન્ટરમાં સારવાર માટે જશે ત્યારે તેમને પ્રથમ વખત કેસ કઢાવતી વખતે એક યુનિક નંબર સાથેનું લેમિનેટેડ ઈ-કાર્ડ આપવામાં આવશે. આ કાર્ડ અને યુનિક નંબરના આધારે ડૉક્ટર દર્દીની તપાસ કરશે અને તમામ દવાઓનું પ્રિસ્ક્રિપ્શન તેમજ દર્દીની વિગતો ઓનલાઈન ડિજિટલ રેકોર્ડ પર લેવામાં આવશે. ત્યારબાદ, દર્દી માત્ર પોતાનો યુનિક નંબર બતાવીને દવા મેળવી શકશે, કારણ કે તેમની તમામ માહિતી સ્ટોર રૂમમાં ડિજિટલી ઉપલબ્ધ હશે.

આ સિસ્ટમ સ્માર્ટ સિટીઝ મિશન અંતર્ગત હૉસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ (એએમઆઈએસ) હેઠળ અમલમાં મૂકવામાં આવી છે. આ સિસ્ટમના ઘણા ફાયદાઓ ગણાવવામાં આવી રહ્યા છે, જેમાં એસએમસીની વિવિધ આરોગ્ય સંસ્થાઓ એકબીજા સાથે જોડાશે અને જેનાથી દર્દીની સારવાર સિમલેસ બનશે અને ડેટાનું ડુપ્લિકેશન અટકશે.

આ સિસ્ટમથી તબીબી ઇતિહાસ અને રિપોર્ટ્સ તત્કાળ ઉપલબ્ધ થવાથી ડૉક્ટર ઝડપી નિર્ણય લઈ શકશે, અને રિપોર્ટ્સ, ડિસ્ચાર્જ જેવી કામગીરી ઝડપી બનશે. તે ઉપરાંત મોબાઈલ એપ દ્વારા દર્દી પોતાનો હેલ્થ રેકોર્ડ, રિપોર્ટ્સ અને પ્રિસ્ક્રિપ્શન ગમે ત્યાંથી જોઈ શકશે. દરેક દર્દીને મળતા યુનિક હેલ્થ આઈડી દ્વારા તેમની તમામ આરોગ્ય માહિતી ટ્રેક કરી શકાશે.

# રાજકોટમાં ચોમાસા પૂર્વે લલુડી વોકળીના ૭૦૦ ઘરને ખાલી કરવાની રાજકોટ મનપાએ નોટિસ પાઠવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરમાં ચોમાસાની શરૂઆત પહેલા જ લલુડી વોકળી વિસ્તારમાં તંત્ર દ્વારા ૭૦૦ જેટલા આવાસને ખાલી કરવાની નોટિસ ફટકારવામાં આવતા સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. દર વર્ષે ચોમાસા દરમિયાન લલુડી વોકળીમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાતી હોય, જેના કારણે જાનમાલને નુકસાન થવાનો ભય રહે છે. આ પરિસ્થિતિને ટાળવા માટે મનપા તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મનપાની આ કાર્યવાહી સામે કૉંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કૉંગ્રેસે મનપા કમિશનરને પત્ર પાઠવીને રજૂઆત કરી છે કે, ૭૦૦ પરિવારને વૈકલ્પિક આવાસની વ્યવસ્થા કર્યા વિના તેમને વિસ્થાપિત કરવા યોગ્ય નથી. કૉંગ્રેસે માગ કરી હતી કે, જ્યાં સુધી આ સ્થાનિકોને રહેવા માટે કાયમી ધોરણે વૈકલ્પિક આવાસની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તેમને ખાલી કરાવવામાં ન આવે. આ આવાસોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવા અને તેમને પૂરતી સુવિધા પૂરી પાડવાની પણ કૉંગ્રેસે અપીલ કરી હતી. સ્થાનિક રહીશો પણ મનપાના આ નિર્ણયથી નારાજ છે અને તેમને ભવિષ્યની ચિંતા સતાવી રહી છે. જોકે, મનપા તંત્રનું કહેવું છે કે, ચોમાસામાં કોઈ મોટી દુર્ઘટના ન બને તે માટે આ પગલું ભરવું અનિવાર્ય છે.

# આઈપીએલ ફાઈનલનાં પગલે અમદાવાદમાં ક્રિકેટ ફિવર છવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં આઈપીએલ-૨૦૨૫ની ફાઈનલની હાઈવોલ્ટેજ મેચ પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ (આરસીબી) વચ્ચે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાઈ હતી. ફાઈનલ મેચના કારણે નમો સ્ટેડિયમ હાઉસફૂલ થયું હતું. મેચ શરૂ થાય તે પહેલા મોટેરા તરફ આવતા રસ્તાઓ પર આરસીબી અને પંજાબના ફેન્સનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. મોટી સંખ્યામાં ફેન્સ અન્ય રાજ્યમાંથી પણ અમાદાવાદ એરપોર્ટ પર પહોંચતા બપોરના સમયે ટ્રાફિક જોવા મળ્યો હતો.

આઈપીએલની ફાઈનલ મેચ હોય જે લોકોએ અમદાવાદ આવવા આજે જ ફ્લાઈટ બુક કરાવી તેઓએ બે થી ત્રણ ગણા ભાડાં ચૂકવવા પડ્યાં હતાં. બેંગલુરુથી મોટી સંખ્યામાં આરસીબીના ફેન્સ અમદાવાદ પહોંચ્યા હતા. આઈપીએલની ફાઈલન મેચ અમદાવાદમાં હોવાથી મેટ્રોથી મોટેરા સુધી ક્રિકેટ ફિવર જોવા મળ્યો હતો. મોટેરા પહોંચવા માટે મેટ્રોમાં ભારે ભીડ જોવા મળી હતી. નમો સ્ટેડિયમમાં પ્રેક્ષકોને સાડા ચાર વાગ્યે પ્રવેશ આપવાનો શરૂ કરાયો હતો. તે પહેલા જ અહીં સેંકડોની સંખ્યામાં પ્રેક્ષકો આવી પહોંચ્યા હતા. મેચ શરૂ થઈ ગઇ ત્યાં સુધી ગેટ પર એટલા લોકો ભેગા થયા કે પગ મૂકવાની જગ્યા ન હતી. પંજાબ અને આરસીબી બંને પ્રથમવાર ટાઈટલ મેળવવા માટે મેદાનમાં ઉતર્યા હતા.

# વેકેશન ખૂલવા સમયે જ ગ્રાન્ટેડ શાળાઓમાં ૫૦૦૦ શિક્ષકોની ઘટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ અને રાજકોટ શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા અને રાજકોટમાં કાયમી જિલ્લા શિક્ષણ અધિકારીની નિમણૂક કરવા માટે મુખ્ય પ્રધાનને રજૂઆત કરવામાં આવી હતી.

રાજ્ય શાળા સંચાલક મહામંડળના પ્રવક્તા અને શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના અધ્યક્ષ પ્રિયવદન કોરાટે આ અંગે જણાવ્યું હતું કે, ૯ જૂનથી શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે રાજ્યભરની ગ્રાન્ટેડ શાળાઓમાં ૫૦૦૦ જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. તેમણે તાત્કાલિક ધોરણે જ્ઞાન સહાયકોની ભરતી કરવા અને નિવૃત્તિને કારણે ખાલી પડેલી જગ્યાઓ પર પ્રવાસી શિક્ષકોની ભરતીને મંજૂરી આપવા માગ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે રાજકોટ શહેર અને જિલ્લાની ૨૭૬ ગ્રાન્ટેડ શાળાઓ પૈકી ૫૦ શાળામાં આચાર્યો નથી અને ૧૫૦ શાળામાં પટાવાળા અને ક્લાર્ક નથી.

રાજકોટમાં છેલ્લા પાંચ મહિનાથી વધુ સમયથી જિલ્લા શિક્ષણ અધિકારીની જગ્યા ખાલી હોય પરંતુ સરકારે માત્ર ઇન્ચાર્જ ડીઇઓની ફેરબદલ કરી હતી જેનાથી સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી, જેના કારણે પગાર બિલ સિવાયની તમામ શૈક્ષણિક અને વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. ડૉ. કોરાટે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૬થી શહેર અને ગ્રામ્યની ડીઇઓ કચેરીઓ અલગ કરવાની મંજૂરી હોવા છતાં તેને અલગ કરવામાં આવી નથી અને કાયમી અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી નથી. આ ઉપરાંત, કચેરીમાં ફરજ બજાવતા કેટલાક નિરીક્ષકો, મદદનીશ શિક્ષણ નિરીક્ષકો અને કારકૂનો પોતાની મનમાનીથી વહીવટી કામગીરી કરતા હોવાની ફરિયાદ પણ તેમણે કરી હતી.

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ સેવા સમાજ**

49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલ્કેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં). (૧૫૫૪-એ)

■ ખુશહિંત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૯૯-આઈ)

## ૧૦. મહિલાઓ માટે

**કપડા સૂકવવાના સ્ટેન્ડ**

ઓછી જગ્યામાં વધારે કપડાં સૂકવી શકાય તેવા ફોલ્ડિંગ, વોલ માઉન્ટીંગ, સીલીંગ, ફ્લોર સ્ટેન્ડીંગ, પાવર કોટેડ, સ્ટે.સ્ટીલ, પ્લાસ્ટિક, ઈમ્પોર્ટેડ તથા ઈન્ડીયનમાં ઘણીબધી વેરાયટીઝ. ગેરન્ટી/વોરંટી સાથે હોલસેલ ભાવે છૂટક વેચાણ. લેડીઝ, જેન્ટસ અમ્બ્રેલા (છત્રીઓ), બકેટમોપ, મેટ્સ, અમ્બ્રેલા બીનસ, તદ્ઉપરાંત કીચનને લગતી દરરોજ ઉપયોગમાં આવે તેવી ઘરવખરીની ૩૫૦૦૦/ થી વધારે બ્રાન્ડેડ ક્વોલીટી પ્રોડક્ટસ. નજદીક તથા લાંબે રહેનાર દરેક ભાઈ બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. આવશ્યકતા હશે તો મુંબઈમાં કોઈપણ એરીયામાં ફ્રી હોમ ડિલીવરી થઈ જશે. ત્રણેય શોરૂમ ૩૬૫ દિવસ ખુલ્લા સમય સવારના ૧૦ થી સાંજે ૯ સુધી. સારી વસ્તુઓના વેચાણ કેન્દ્રો: (૧) મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે.રોડ, સાંતાક્રુઝ (વે.) મું. ૫૪ મો. ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ૭૫૦૬૭૫૨૩૭૫ (૨) મહાવીર હોમ સ્ટોર, ફુકરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે ચેમ્બુર, મુંબઈ ૭૧. મો. અશ્વિનભાઈ- ૮૮૫૦૫૫૫૦૨૬ (૩) મહાવીર હોમ સ્ટોર, અગાશી રોડ, વિઠ્ઠલમંદિરની સામે વિરાર (વે.) વિશાલ ૯૩૨૧૦૬૬૪૮૩. (એસડીબી-૨૬૪૫)

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ - લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૬૩૯)

**સાવધાન**

કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન. જામનગરના જાણીતા સુતરીયા મસાલાવાળા. સુપરમાર્કેટમાં આવેલ દુકાન સિવાય અમારી મુંબઈ મુકામે કોઈ દુકાન કે બ્રાંચ નથી. માટે કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન રહેજો. જામનગર સંપર્ક કરો 9825299844. (બી-૧૬૦૨૮)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એજ સીટીંગમાં પુરાવો તરત છૂટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૯૫)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

અયોધ્યા, પ્રયાગ, કાશી, વિશ્વનાથ સાથે નેપાળ, પશુપતિનાથ. 28 જૂન, ડીલક્સ હોટેલ અષ્ટવિનાયક 20 જૂન. 9820164007, 9892268667. (૧૫૯૬૨-એ)

**શ્રી યમુના**

હૈદરાબાદ ઓરંગાબાદ ઉજ્જૈન - ઈંદોર - ચંપારણ - ગંગાસાગર - પુરી, ચારધામ, દ્રજયાત્રા. 9892377559. (૧૫૩૫૫-એ)

**કાર ભાડેથી મળશે**

**નવી જ કિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

■ વ્યક્તિગત પ્રવાસ Bfast Dinner સાઈટસીઈંગ ખાનગી કાર પ્રતિ યુગલથી શરૂ થાય છે કેરળ 40000, હિમાચલ 45000, આંદામાન 48000, ઉત્તરાંચલ 52000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000 એરફેર વિઝા વધારાના Best Deals લોનાવાલા, સિલ્વાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ અરહામ હોલિડે 9769977466/ 9892534488/9326373672. (બી-૧૬૦૩૫)

## ૧૪. નોકરી ખાલી છે

■ અમેમુજીજી જેકામાર્કેટમાં એકબીજાની નજીક બે મેડા શોધી રહ્યા છીએ. અમારી પહેલી પસંદગી ગોવિંદ ચોક અને સાંચા ગલી છે. કૃપા કરીને અમારો સંપર્ક કરો. પ્રતિમા ટેક્સટાઈલ હિરેટ મહેતા 9322139593. (બી-૧૬૦૪૧)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**''મેનેજર જોઈએ''**

**''લાયન્સ ક્લબ ઓફ ઘાટકોપર ચેરિટી ફંડ તેમના સંચાલિત લાયન્સ કમ્યુનિટી હોલ માટે. યોગ્ય ઉમેદવાર પાસે આપેલ ગુણધર્મો હોવા જોઈએ (કમ્પ્યુટર જ્ઞાન, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં પ્રવીણતા, ઘાટકોપર નજીક નિવાસ, વય: આશરે 50 વર્ષ)''. ''સંપર્ક: ચેતનભાઈ'' - 9821025036. (૧૫૯૬૨-ઈ)**

**ગુજરાતી બહેનો**

માટે ખાસ સુવર્ણ અવસર. ચેમ્બૂર સ્થિત ગુજરાતી પરિવારમાં ફક્ત બે સભ્યો માટે ઘર તથા રસોઈ માટે એક જરૂરિયાતમંદ મહિલા જોઈએ છે. માસિક પગાર ૨૦,૦૦૦/- રહેવા માટે અલગ રૂમ અને બાથરૂમની સુવિધા ઉપલબ્ધ છે. પરિવાર જેવો વ્યવહાર અને સન્માનની ખાતરી. વિશ્વાસુ અને જવાબદાર ગુજરાતી બહેનો નીચેના નંબર પર તાત્કાલિક સંપર્ક કરે. ૭૦૨૨૨૩૦૩૦૦/ ૭૦૪૭૭૦૫૭૩૯. (૧૫૯૭૯-એ)

■ જોઈએ છે 24 કલાક રસોઈ ઘરકામ માટે બહેન. સંપર્ક: 8652235552. (બી-૧૬૦૫૪)

**50,000/-**

**પાર્ટ ટાઈમ કામ, ફૂલ ટાઈમ અગાશિત આવક. (12 પાસ/ ગ્રેજ્યુએટ) 25 થી 60 વર્ષ: 9930774809. (૧૫૯૮૯-બી)**

**એકાઉન્ટ્સ/ મેનેજર**

વિલેપાર્લે: જૈન દેરાસર માટે ૧) મેનેજર: રૂટીન ઓફિસ કામો માટે ૨) એકાઉન્ટ્સ (Tally અને MS Office જાણકાર) તુરંત જોઈએ છે. સંપર્ક: 9820587854. (૧૫૯૯૪-એ)

**WANTED FEMALE**

Compounder for Clinic at Kandivali (West) knowing English and Staying Nearby Clinic - 9821937053. (15954-E)

**FEMALE - BORIVALI**

Require Computer Tally, Excel, Word, Data Entry. Contact 9076347082. (15981-C)

REQUIRED CA/ CA PASS Freshers for Office Management Part/Full time. Churchgate, Whatsup: 7021831500. (B-16030)

REQUIRED CA PASS Freshers part/ full time Churchgate, Whatsup: 7021831500. (B-16042)

**COMPUTER TEACHER REQUIRED**

**For English Medium School in Borivali, Kandivali, Santacruz, Ghatkopar. Call / WhatsApp: 7039404776, Email - mce2022.gs@gmail.com (15982-I)**

REQUIRE EXPERIENCED Senior Site Civil Engineers, Supervisors for Building Construction having Good Computer Knowledge, for Mumbai Site. Note - Experience minimum 5 years. Contact - 022-25001122. Email - shivsiddhiconstruction@gmail.com (15985-A)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી**

ઠાકુર કોમ્પ્લેક્સમાં ''1 બેડ+પાર્કિંગ'' કાણકિયા પાર્કમાં 97,00,000/- ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૯૦-ડી)

**કાંદિવલી (વેસ્ટ),**

**મહાવીર નગર**

**મેટ્રો સ્ટેશન, જૈન દેરાસર, હવેલી નજીક, 2 બેડરૂમ, 650' કાર્પેટ, વેલ ફર્નિશ્ડ પ્રાઈમ લોકેશનમાં વેચવાનો (2.25 CR.) (ઓનર): 9323009875/ 9920400771. (૧૫૯૬૫-એ)**

**બોરીવલીમાં**

ઓબેરોયમાં - રીવાલી પાર્કમાં - લોઢામાં - કલ્પતરૂમાં - ગોદરેજમાં લેવા/વેચવા/ભાડેથી - ''શ્રીજી'' 98200 45571. (જેપી/ ૪૯૯૦-એચ)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે 3 બેડરૂમ ૧૧૫૦' કાર્પેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કાર્પેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૫૮૮૧)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**ઓડીયન પાસે, પી.લીલા ૧ બેડરૂમ, હોલ, કિચન, ફુલ્લી ફર્નીશ્ડ (ભાડુ-46000/- મહિને, ડીપોઝીટ-૨ લાખ) વેચાણથી. 9321690977. (૧૫૯૫૯-એ)**

**લોનાવાલા**

**3 બેડરૂમ, હોલ, કિચન બંગલો, ફુલ્લી ફર્નિશ્ડ, રેડી-ટુ-યુઝ, વેલ મેન્ટેન્ડ સોસાયટીમાં, વેચાણથી.:- 9821084539. - 9821182461. (બી-૧૬૦૧૯)**

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૯૫૭-એ)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૯૫૭-સી)**

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટ)**

બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 બેડરૂમ તેમજ 4 બેડરૂમ એમીનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન OC સાથે. રીઝનેબલ ભાવમાં - 8356990950. (જેપી/૪૯૯૩-એફ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

ઈર્લા - KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3 બેડરૂમ 890' તેમજ જોડી ફ્લેટ હાયરફ્લોર બુકિંગમાં, પઝેશન 1 વર્ષ - 9819117722. (જેપી/૪૯૯૩-ઈ)

**FOR SALE**
**LUXURIOUS 3 BHK FLAT, JAIN SOCIETY SION (W)**

- Spacious 3 Bedroom Flat with Terrace
- Fully Furnished with Premium Interiors
- Carpet Area - 1300 sq. ft. Approx
- Prime Location in Sion
- Immediate Sale

*Please Call for Cost Details*

**Contact Ankour Mehta +91 99200 31036**

(B-16046)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**નાનાચોક**

રૂમ કિચન 225'-ફુલ હવા ઉજાસ 1,00,00,000/- સ્ટેમ્પડ્યૂટી રજિસ્ટ્રેશન સહિત-9867222020. (૧૫૯૭૩-એ)

**લોઅર પરેલ**

વર્લ્ડ ટાવર 4 બેડરૂમ 2700' સીલિંક વ્યુ, 3 પાર્કિંગ 16,00,00,000/- નિતીન: 9867222020. (૧૫૯૭૩-બી)

**કાંદિવલી (વેસ્ટ)**

એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, ફુટ્ટોય એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હોસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૩-જી)

**બોરીવલી (વેસ્ટ)**

પ્રબોધન ઠાકરે હોલ પાસે, 2/3 BHK, રેડી OC સાથે, વાસ્તુ ડોર, ગુજરાતી લોકાલીટી, 2 કાર પાર્કિંગ, દેરાસર/સ્ટેશન નજીક, અને ટચ ફ્લેટ એમેનીટીઝ સાથે વેચાણથી. 9821472329 / 9833562999. (૧૫૯૬૨-સી)

**પાર્લા (વેસ્ટ)**

ત્રણ બેડરૂમ ફ્લેટ વેચાણથી. તથા એક - બે બેડરૂમ ભાડેથી મળશે. પવઈ નજીક રીડવેલપમેન્ટ પ્લોટ વેચાણથી. એ સંપર્ક : ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૯૫૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દેરાસર લેન, 4 બેડરૂમ, હોલ, કિચન, 1700' કાર્પેટ, હાયર ફ્લોર, 2 કાર પાર્કિંગ, ફાઈનલ 6.11 CR બધા ચાર્જીસ સાથે. 9821147578, 9987254333. (૧૫૯૨૭-એ)

**ગામદેવી**

$2^1/_2$ બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ - સી.વ્યૂ. 4,50,00000/- શાહ - 9820068382. (૧૫૩૫૩/સી)

**નેપેન્સી**

4 બેડરૂમ + ટેરેસ. 3600' - 3 પાર્કીંગ. સી.ફેસીંગ - ફર્નીસ્ડ 35,0000000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૩/ડી)

**વાલકેશ્વર**

4 બેડરૂમ - 1850' - કાર્પેટ + ગેરેજ સી.વ્યૂ. 13,50,00000/- નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૩/એ)

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/- શાહ - 9820068382. (૧૫૩૫૩/ઈ)

**બોરીવલી (વેસ્ટ)**

**ચંદાવરકર રોડ, શિખર ટાવરમાં, ૨ અને ૩ બીએચકે વેચાણથી, જૈન મંદિર પાસે, ઈસ્ટ/ વેસ્ટ ઓપન. પઝેશન નવેમ્બર ૨૦૨૫. લેવા કુશલ છેડા- ૯૯૩૦૨૧૯૦૩૧, સ્નેહા- ૯૩૭૨૮૭૭૩૯૩. (૧૫૯૭૭-એ)**

**૨/૩ બેડરૂમ**

માટુંગા (સેન્ટ્રલ) ૭૫૦'/ ૧૧૦૦' કાર્પેટ, પરેલ ''લોઢા વેન્ઝીયા'' ૮૦૦', લાલબાગ ૬૫૦', (લેવા/ વેચવા) 9821268699. (બી-૧૬૦૪૯)

**દહીંસર (વેસ્ટ)**

સ્ટેશન અને જૈન દેરાસર નજીક ૧/૨ બેડરૂમના ફ્લેટો સાથે/ અલગ (સેમ્પલ ફ્લેટ રેડી) પઝેશન ટૂંક સમયમાં. સરળ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ. કિંમત ૧,૦૦,૦૦,૦૦૦/-થી શરૂ + ગવર્મેન્ટ ટેક્ષ અલગથી ફોન- 8828277511. (બી-૧૬૦૫૦)

**કાંદિવલી (વેસ્ટ)**

૧/૨/૩ બેડરૂમના ફ્લેટો- ચારકોપ સેક્ટર ૨, (સેમ્પલ ફ્લેટ રેડી) ૧૫ માળ સુધીના સ્લેબ પૂર્ણ થઈ ગયેલ છે. પોડીયમ રેમ્પ કાર પાર્કિંગ, પઝેશન ટૂંક સમયમાં. પેમેન્ટની સરળ સુવિધા ઉપલબ્ધ. કિંમત ૧,૦૦,૦૦,૦૦૦/ - થી શરૂ + ગવર્મેન્ટ ટેક્ષ અલગથી ફોન: 8433576269. (બી-૧૬૦૫૧)

**ગોરેગાંવ (ઈસ્ટ/વેસ્ટ)**

(સિલ્વર ગ્રુપ) ૧/૨/૩/૪ બેડરૂમના ફ્લેટો - જોડી/ અલગ (સેમ્પલ ફ્લેટ રેડી) બિલ્ડિંગનું બાંધકામ પૂર્ણ થવાની દિશામાં. સરળ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ. કિંમત ૨,૦૦,૦૦,૦૦૦/- થી શરૂ + ગવર્મેન્ટ ટેક્ષ અલગથી. ફોન:- 7738900988/ 9004339998. (બી-૧૬૦૫૨)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ)**

3 બેડરૂમ 2.35 કરોડ, એમજી રોડ ઉપર મળશે સંજય 9821925693. (જેપી-૪૯૯૬-બી)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

એસ. વી. રોડ - 3 બેડરૂમનો ટેરેસ ફ્લેટ + ક્લોઝડ ગેરેજ - વેચાણથી 3,40,000,00/- રેડી/ બંધાતામાં ફ્લેટો લેવા - વેચવા - ભાડેથી સંપર્ક: ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪/ ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૬૦૫૩)

**વાલકેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શિયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૫૯)

**લોનાવાલામાં બંગલો જોઈએ**

**બંગલો/ રોહાઉસ 3/4 બેડરૂમનો જોઈએ છે. [Spot Payment] (દલાલ માફ) ૯૮૬૯૦૨૬૬૩૫. (૧૫૯૮૨-સી)**

**બોરીવલી (વેસ્ટ)**

સ્ટેશનથી વોકેબલ ટાવરમાં, ફર્નિશ્ડ 2.5 બેડરૂમ (2,70,00,000/= માં) વેચાણમાં. ''અતુલ સંઘોઈ એસોસીએટ્સ'' ૯૮૨૦૨૦૩૦૩૨. (૧૫૯૮૨-એ)

**વિલેપાર્લા (ઈસ્ટ)**

**આઝાદ રોડમાં, 2 બેડરૂમ (525' કાર્પેટનો), સેમી ફર્નિશ્ડ ફ્લેટ, પાંચમા માળે (પાર્કિંગ). વેચાણથી આપવાનો. (ઓનર) 9594518112. (૧૫૯૮૧-એ)**

**સાઉથ મુંબઈ**

2-3-4 બેડરૂમના આકર્ષક ફ્લેટો - બંધાતા ટાવરમાં વર્લી - પ્રભાદેવી - ગામદેવી - તારદેવ - ભાયખલા - વડાલા - લોઅર પરેલ - આધુનિક સુવિધા - પ્રતિષ્ઠિત બિલ્ડર્સ - આકર્ષક શરતે - લેવા સંપર્ક ચેતન શેઠ - 9820062638. (૧૫૯૮૩-એ)

**તારદેવ**

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 1-2 બેડરૂમના ફ્લેટ - દેરાસર નજીક - પાર્કિંગ સુવિધા. ચેતન શેઠ - 9820062638. (૧૫૯૮૩-બી)

**નેપયન્સી**

1 બેડરૂમનો ફ્લેટ નાની પ્રતિષ્ઠિત સોસાયટી - તુર્ત કબજો લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૯૮૩-સી)




(B-16015)

**પેડર રોડ**

1 બેડરૂમનો ફ્લેટ નાની - સોસાયટી - તુર્ત કબજો લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૯૮૩-ડી)

**તારદેવ**

2 બેડરૂમનો ફ્લેટ- દેરાસર- નજીક- નાની સુંદર સોસાયટી લેવા ચેતન શેઠ- 9820062638 (૧૫૯૮૩-ઈ)

**સાઉથ મુંબઈ**

1-2-3-4 બેડરૂમના ફ્લેટો વોર્ડન, પેડર, અલ્ટામાઉન્ટ, વાલ્કેશ્વર નેપયન્સી તારદેવ વર્લી પ્રભાદેવી- લેવા. ચેતન શેઠ- 9820062638 (૧૫૯૮૩-એફ)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૯૬૬-એ)

**કાંદિવલી (વેસ્ટમાં)**

ભુરાભાઈ હોલની પાસે: ૨ બેડ (૬૫૧ કાર્પેટનો) ફુલી ફર્નિશ - બીજે માળે જુના બિલ્ડિંગમાં વેચાણથી સંપર્ક - 8080832228, 8591954566. (બી-૧૬૦૫૬)

■ બોરીવલી 225 ફૂટ, 3જે માળે ભાડે આપવો છે. નવનીત: 8850765241. (બી-૧૬૦૫૫)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**

જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧.૩૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૬૬૧)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**

જુહુ રોડ, 2.5 અને 3 બેડરૂમ, નવા બિલ્ડિંગમાં, રેડી પઝેશન, ઓસી એપ્લાઈડ. સંપર્ક: 9619007799. (૧૫૯૮૭-એ)

**JVPD SCHEME**

10th રોડ, 3 બેડરૂમ, Approx 1600', હાયર ફ્લોર વેચાણથી. સંપર્ક - 9820122892. (૧૫૯૮૭-બી)

**NAPEANSEA ROAD**

3 BHK Converted Flat at Om Dariya Mahal fully furnished Vegetarians Family to give on Rent. WhatsUp 7021831500 (B-16034)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડે થી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી- ૨૬૭૨)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- ઝુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**રે રોડ સ્ટેશન નજીક**

ગ્રાઉન્ડ ફ્લોર ૧૧૦૦ ફુટ+ મેઝનીન ૬૦૦ ફુટ ટોઈલેટ બાથરૂમ એટેચ ૨) ૩૨૦૦ ફુટ ગ્રાઉન્ડ+ ૧લો માળ, પાવર- પાણી સાથે આઉટ રાઈટથી આપવાનું છે. સંપર્ક: જીતુભાઈ- 9821041515/ 9702434343. (એસડીબી-૨૬૪૭)

**ગોરેગાંવ વેસ્ટ**

રામમંદિર ઈન્ડસ્ટ્રીમાં 360' ફૂટ ગાળો, 12' ફૂટ હાઈટ, લીફ્ટવાળું બિલ્ડિંગ, સેલ્ફ કન્ટેન, બીજા માળે વેચાણથી, સ્ટેશન નજીક, ફેક્ટરી ઓફિસ લાયક. વિઠ્ઠલભાઈ - 9324949539/ 9167019050. બીજા ઘણા અન્ય પ્રપોઝલ. (૧૫૩૫૬-સી)

**કાંદિવલી**

ચાલકોને 1700 મીટરની ફેક્ટરી ભાડે લાગેલ, આગળ પાછળ ગેટ, સારું ભાડું, પ્રાઈમ લોકેશન મેન રોડ પર, ઈન્વેસ્ટમેન્ટ લાયક, મેન્ટેન ફેક્ટરી, પાવર પાણી સાથે. લેવાવાળા જ ફોન કરે. વિઠ્ઠલભાઈ- 9324949539/ 91670 19050. (૧૫૩૫૬-ડી)

**કાંદિવલી ચારકોપ**

ઈન્ડસ્ટ્રીમાં ફેક્ટરી કોર્નર 535 મીટરની, ગ્રાઉન્ડ ફર્સ્ટ RCC 2250+ 2250+ 2250, પ્રાઈમ લોકેશન. વેચાણથી. વિઠ્ઠલભાઈ- 9324949539/ 9167019050. (૧૫૩૫૬-ઈ)

**GHATKOPAR (WEST)**

**Heavy Industrial Gala, Freehold, for Sale at Ghatkopar Industrial Estate, 1050', 1st Floor, 12' Ht. Call: 9167472774/ 9323907774. (15972-A)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**Juhu Scheme**

ભાડેથી Shop 240' carpet વૈશાલી શોપીંગ, આપવાની છે. યશ મહેતા: 9833766747. (૧૫૯૮૦-એ)

**ખાર (પશ્ચિમ)**

**એક્સક્લુઝિવ ઓફિસ 2460' કાર્પેટ- પૂરો માળ, ઓસી સાથે, પ્રાઈમ લોકેશન એસ વી રોડ, સ્ટેશનથી વોકેબલ, ધંધા લાયક જગ્યા, સેલ અને ભાડે આપવાની છે. સંપર્ક 9987464111. (૧૫૯૮૬-એ)**

**PRELEASED OFFICE**

**મહિને 60,000/= ભાડેથી લાગેલી, ઓફિસ વેચવાની (1.44 CR) (300'+ 300' LOFT). ગુંડેચા - 600' મહાવીર નગર, CROMA/D'MART પાસે કાંદિવલી (વેસ્ટ) (2 પાર્કિંગ સાથે) ઓનર: 7666644727. (૧૫૯૮૬-સી)**

**ભાડેથી ઓફિસ**

450' કાર્પેટની ઓફિસ, સેલ્ફકન્ટેન, કાર પાર્કિંગ સાથે, લાદીવાલા ભવન એસવી રોડ કાંદિવલી (વેસ્ટ) સંપર્ક ધ્રુવ રૂપાણી- 7718024133 નિલેશ રૂપાણી 9892646525. (જેપી/૪૯૯૩-એચ)

**અંધેરી-મરોલ**

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000' + 1000' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ, વેચાણથી/ ભાડેથી. એજન્ટ દિનેશ કક્કર - 9819337299. (૧૫૯૫૯-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોર્પોરેટ સ્ક્વેર- 10 માળનાં ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી મયુરભાઈ- 9821147578, 9987254333. (૧૫૯૨૭-ઈ)

**મસ્જિદ બંદર**

કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા / ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૫૯૪૦-એ)

**ઓફિસ ભાડેથી**

**કપુરવાલા બિલ્ડીંગ, મસ્જિદ બંદર વેસ્ટ, 260 કારપેટ ફુલ્લી ફર્નિશ્ડ. 7021802511. (૧૫૯૮૮-એ)**

**SHOPS- GODOWN**

For Sale- Rent, Temble Pada Road, Pandav Kunj Bhandup (West) Lg 4 & 5 area 665' Ideal for Bank, Salon Retail Shop etc Owner 022-66318562- 66311728- 9930647494- 9821936787. (JP/4995-B)

**LOWER PAREL**

1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2660)

## ૨૦. ધંધાદારી જગ્યા

**SALE - RENT**

Office Tendice - 69 Andheri East 689' off W. E. Highway off Suren Road, Ready Possession, New Building ph Owner 022-66318562- 66311728- 9930647494- 9821936787. (JP/4995-A)

## ૨૩. મનોરંજન

**નાટક-મ્યુઝીકલ**

સોશ્યલ- પ્રીચર 16 ગ્રુપો: મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાં રવિવારે- 7021276622. (૧૫૯૮૩-જી)

## ૩૨. જમીન-મિલકત

**મકાન લેવા / વેચવા**

મસ્જીદ બંદર (વેસ્ટ) એરીયા ૨૧૦૦' ખાલી કબ્જો, લેન્ડ સાથે લેવા મળો- મહેશ શાહ- (મો) 9820253026 (ટે) 022-23422261. (એસડીબી-૨૬૪૬)

**બોઈસર ઈસ્ટ**

**દહિસર - ચેકનાકાથી ૭૫ કિ.મી. સુર્યા નદી, બરોડા એક્સ. વે, બુલેટ ટ્રેનથી ૧૦ કિ.મી., ૨૫ ફાર્મ હાઉસની વચ્ચે, ૨ એકર, ફાર્મ હાઉસ વેચાણથી આપવું છે. (૭૦ રાજાપુરી આંબાના વૃક્ષ, ૩ બેડરૂમ હોલ કિચન, ૨૦૦૦ સ્કે. ફૂટનો બંગલો, સંપૂર્ણ એમેનિટિસ સાથે, અલગ સર્વન્ટ રૂમ, ૨ બોરવેલ ૨૪ કલાક પાણી, નો પાવરકટ). ફોન: ૯૮૨૦૫૪૪૪૦૬. (બ્રોકર આવકાર્ય)* (બી-૧૬૦૩૩)**

**તૈયાર વાડી વેચવાની છે**

ગામ, આમળી, તા. પારડી જી. વલસાડ. નેશનલ હાઈવે 48થી 8 kmના અંતરે. સંપર્ક: 98244 92959. (બી-૧૬૦૪૭)

**દહાણુ**

હાઈવે નજીક ખેતી, ફાર્મ હાઉસ લાયક 80 થી 100 એકર પાણીવાળી જગ્યા વેચાણથી. વિઠ્ઠલભાઈ 9324949539/ 9167019050. (૧૫૩૫૬-બી)

**''શાહાપુર- આજા પર્વત''**

પર ફુલ્લી ડેવલોપ પ્રીમિયમ N.A. પ્લોટ તેમજ ફાર્મહાઉસ પ્લોટ લેવા- 9869108628. (જેપી-૪૯૯૫-ઈ)

## ૩૩. ધંધાદારી

■ અમેરિકા, લંડન, કેનેડા, યુરોપ, વિદેશોમાં પાર્સલ મોકલવા. ક્વિક એર- 9619756991. (બી-૧૬૦૪૮)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૯૯૬)

**''કેસર કેરી''**

વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**શુદ્ધ કેસર**

સ્પેઈન સર્ટિફાઈડ 28.37 ગ્રામ (1 oz) ડિસ્કાઉન્ટમાં 7500/- પરીખ - 98335 24543. (૧૫૯૭૦-એ)

**SARTHAK BIRD NET**

કબુતર જાળી
ચૂહા જાળી
ઈનવીઝીબલ ગ્રીલ
નાયલોન સેફ્ટી નેટ
૩ વર્ષની વોરંટી
Jitu
**93214 74132**

(બી-૧૬૦૩૨)

**એક્સપ્રેસ એડવર્ટાઈઝીંગ**

મોક્ષપ્લાઝા બોરીવલી (વેસ્ટમાં) ન્યૂઝ પેપરમાં જાહેરાત, નોટીસો, શ્રધ્ધાંજલી સમયસર છપાવવા: 9820401077. (૧૫૯૮૨-એચ)

**DHAMAKA OFFER IN IRLA**

ચિલ્ડ્રન બુક્સ, સ્ટેશનરી, રમકડાં, ઘરવપરાશની ચીજોની વેરાઈટીવાળો વિશાળ શોરૂમ, પાર્કિંગ ઉપલબ્ધ. આ કટિંગ લાવનારને 15% discount સંપર્ક: બુકમાર્ક, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રાઈમ મોલ, ઈરલા ગલી, વિલેપાર્લે (વેસ્ટ) મોબાઈલ- 9769706272. (બી-૧૬૦૫૭)

**પ્રોપર્ટી વેલ્યુએશન**
**સોસાયટી ફોર્મેશન**
**PR કાર્ડ / CTS પ્લાન**
**પ્રોપર્ટી ટેક્સ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૬૦૨૭)

**હવે નહીં લપસવું/ પડવું**

એન્ટીસ્કિડ ટ્રીટમેન્ટથી બાથરૂમ અને સોસાયટી બનાવો સલામત ઝોન. 9324785234. (સોસાયટીમાં ડેમો આપશું.). (૧૫૯૮૩-એચ)

## પેંગ્વિનના નામનો વિવાદઃ કાર્ટૂનના પાત્રો પરથી નામ આપ્યા હોવાની પ્રશાસનની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય (રાણીબાગ)માં રહેલા પેંગ્વિનના નામ પરથી નવો વિવાદ જાગ્યો છે. ભાજપના કાર્યકરોએ રાણીબાગમાં મોર્યો કાઢીને પેંગ્વિનને આપવામાં આવેલા નામ સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેની સામે પેંગ્વિનના નામ કાર્ટૂનના પાત્ર પરથી આપવામાં આવ્યા હોવાનો ખુલાસો પ્રશાસને કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

રાણીબાગમાં પેંગ્વિનની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે અને તેમને આપવામાં આવી રહેલા નામ સામે ભાજપે વાંધો નોંધાવ્યો છે. જોકે રાણીબાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પેંગ્વિનના નામ કોઈ પણ ભાષા અથવા સાંસ્કૃતિની ધ્યાનમાં રાખીને નહીં પણ કાર્ટૂનના પાત્રના નામ પરથી રાખવામાં આવ્યા છે. નાના બાળકોમાં લોકપ્રિય રહેલા કાર્ટૂનના નામ પરથી પેંગ્વિનના નામ વાપરવાને કારણે બાળકોને પેંગ્વિન તરફ વધુ આકર્ષણ જાગે છે.

રાણીબાગમાં રહેલા પેંગ્વિનના નામ મોલ્ટ, ડોનાલ્ડ, ડેસી, પોપોય, ઓલિવ્હ, બબલ, ઓરિયો, બિંગો, નિમો, જેરી, ફ્લિપર, એલેક્સા, સિરી, ડોરા, કોકો અને સ્ટેલા રાખવામાં આવ્યા છે. ■

## બમણા નફાથી લલચાઈને ગુજરાતીએ ₹ નવ લાખ ગુમાવ્યા

મુંબઈઃ રોકાણ કરેલી રકમ પર બમણા નફાની જાહેરાત યુટ્યૂબ પર જોઈને લલચાયેલા કાંદિવલીના ગુજરાતીએ નવ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. વળતરની રકમ મેળવવા અંધેરીની ઓફિસે પહોંચેલા ફરિયાદીને કંપની બોગસ હોવાની જાણ થઈ હતી.

કાંદિવલી પશ્ચિમમાં રહેતા ૫૭ વર્ષીય ફરિયાદીએ માર્ચ, ૨૦૨૫માં યુટ્યૂબ પર એક કંપનીની જાહેરખબર જોઈ હતી. આ કંપનીએ તેમની સ્કીમમાં રોકાણ કરવા પર બમણા વળતરનો દાવો કર્યો હતો. ફરિયાદીએ જાહેરખબર સાથે આવેલા નંબર પર કોલ કરતાં નિનાદ કદમ નામના શખસ સાથે વાત થઈ હતી.

કદમે આપેલી માહિતી પર વિશ્વાસ રાખી ફરિયાદી રોકાણ કરવા તૈયાર થયા હતા. ફરિયાદીના મોબાઈલ ફોન પર કંપનીની લિંક મોકલવામાં આવી હતી. બાદમાં ફરિયાદીને એક વ્હોટ્સએપ ગ્રૂપમાં એડ કરવામાં આવ્યા હતા. ગ્રૂપમાં રિદ્ધિ શાહ શેર્સમાં રોકાણ સંબંધી સૂચનો આપતી હતી. શરૂઆતમાં ફરિયાદીએ નાની રકમનું રોકાણ કર્યું હતું. ફરિયાદીના ખાતામાં વળતરની રકમ જમા થઈ હોવાનું દર્શાવાયું હતું.

સમયાંતરે ફરિયાદીએ તેમના અને દીકરીના બેન્ક ખાતામાંથી આરોપીએ આપેલાં બેન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં. ફરિયાદીના ખાતા પર નવ લાખ રૂપિયા જમા હોવાનું દર્શાવાતું ફરિયાદીએ એ રકમ કઢાવી લેવાનું નક્કી કર્યું હતું. જોકે એ માટે સર્વિસ ચાર્જ તરીકે ૨.૪૫ લાખ રૂપિયા ભરવાનું કહેવામાં આવ્યું હતું. ■

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**

બિલ્ડિંગ રીપેરીંગ, છજ્જા, ટેરેસ, બાથરૂમ, આઉટસાઈડ વોલ. 7977141377. (૧૫૩૫૦-બી)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૦૪૦)

# વ્યાપક વેચવાલી વચ્ચે ત્રીજા સત્રમાં પણ ઘટાડાનો દોર ચાલુ; સેન્સેક્સ ૮૧,૦૦૦થી નીચે સરકી ગયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એશિયાઇ બજારમાં સુધારો હોવા છતાં સ્થાનિક સ્તરે વિદેશી ફંડોની ફરી શરૂ થયેલી વેચવાલી અને વધતી જતી ભૂ-રાજકીય અનિશ્ચિતતાને કારણે વ્યાપક વેચવાલીના દબાણ વચ્ચે બજારમાં સતત ત્રીજા સત્રમાં મંગળવારે પણ ઘટાડાનો દોર ચાલુ રહ્યો હતો અને ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી લગભગ એક ટકા ગગડ્યા હતા.

સેન્સેક્સ ૮૧,૦૦૦થી નીચે સરકી ગયો હતો, જ્યારે નિફ્ટી ૨૪,૫૦૦ની નજીક પહોંચ્યો હતો. સેન્સેક્સ ૬૩૬.૨૪ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા ઘટીને ૮૦,૭૩૭.૫૧ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૭૯૮.૬૬ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકા ઘટીને ૮૦,૫૭૫.૦૯ પર બંધ થયો હતો. એનએસઈ નિફ્ટી ૧૭૪.૧૦ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૨૪,૫૪૨.૫૦ પર બંધ થયો હતો.

અદાણી પોર્ટસમાં ૨.૪૨ ટકાનો કડાકો હતો. અદાણી જૂથની ૧૦ કંરનીના શેરમાં ઘટાડો નોંધાયો હતો. અન્ય સૌથી વધુ ઘટનારા શેરોમાં બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, પાવર ગ્રીડ, એટર્નલ, ઇન્ડસઇન્ડ બેન્ક, મારુતિ, ટીસીએસ અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ હતો. જ્યારે સૌથી વધુ વધનારા સેન્સેક્સના શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા એક માત્ર ગેઇનર હતો.

કન્ઝ્યુમર ડ્યુરેબલ ગુડ્સ અને એરોસ્પેસ પોર્ટસ માટે કોન્ટ્રેક્ટ મેન્યુફેક્ચરિંગ કરનારી કંપની, એક્વસે કોન્ફિડેન્શિયલ ફાઇલિંગ રૂટ મારફત ૨૦ કરોડ ડોલર એકત્ર કરવા સેબી અને સ્ટોક એક્સચેન્જ પાસે આઇપીઓના દસ્તાવેજ જમા કરાવ્યા છે. ઓફરમાં ફ્રેશ ઇક્વિટી અને ઓએફએસ બંનેનો સમાવેશ છે. કંપની બોર્ડે તાજેતરમાં જ કંપનીનો દરજ્જો ખાનગી એન્ટિટીમાંથી બદલીને પબ્લિક કંપનીમાં ફેરવવાનો ઠરાવ પસાર કર્યો છે.

સર્વિસ બેઝ્ડ લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઇન સોલ્યુશન્સ પ્રોવાઇડર, બ્રેસ પોર્ટ લોજિસ્ટિક્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના સંકલિત ઓડિટેડ નાણાકીયમાં ૫૬.૬૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૮૬.૫૨ કરોડની કુલ આવક, ૩૫.૨૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬.૭૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રતિ ઇક્વિટી શેર રૂ. ૦.૭૫ નું વચગાળાનું ડિવિડન્ડ ચૂકવ્યું છે. પ્રોસ્ટરમ ઇન્ફોને શેર ૧૯ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો.

કટીંગએજ એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર સોલ્યુશન્સ અને કોમ્પ્રિહેન્સિવ આઇટી સર્વિસ પ્રોવાઇડર પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઉત્તરાર્ધના સંકલિત ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૪.૪૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૬.૬૦ કરોડની કુલ આવક, ૪૯.૫૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૪.૯૬ કરોડનો એબિટા અને ૪૬.૮૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩.૪૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ટેસ્લા ઇન્ડિયાએ મુંબઇમાં ૨૪,૫૬૫ ચોરસ ફૂટનો વેરહાઉસ લીઝ પર મેળવ્યું છે. ભારતના ગ્રીન એનર્જી સેગમેન્ટની, અગ્રણી ફોસિલ ફ્યુઅલ ક્લીન ટેકનોલોજી કંપનીઓમાંની એક, ડ્યુકોન ઇન્ફ્રાટેકનોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં ૭.૮૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૪૫૨.૪૨ કરોડની કુલ આવક, ૪૩.૨૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૧.૪૭ કરોડનો એબિટા અને ૭૭.૬૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૫૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ઝાઇડસ લાઇફસાયન્સ ગ્લોબલ સીડીએમઓ બિઝનેસમાં પ્રવેશવા માટે અમેરિકાની કંપની હસ્તગત કરી રહી છે.

બ્રાઇટ સ્ટીલ બાર અને વાયરની વિશાળ શ્રેણીના અગ્રણી ઉત્પાદકોમાંના એક મેઇડન ફોર્જિંગ્સ લિમિટેડે, નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં કુલ આવક રૂ. ૨૧૩.૫૭ કરોડ અને રૂ. ૧૯.૯૧ કરોડનો એબિટા નોંધાવ્યો છે. કંપનીએ રૂ. ૬.૦૫ કરોડનો ચોખ્ખો નફો રળ્યો છે. એબિટા માર્જિન ૯.૩૨ ટકા રહ્યું છે, જ્યારે ચોખ્ખા નફાનું માર્જિન ૨.૮૩ ટકા રહ્યું છે.

નેસ્લે ઇન્ડિયાના કાયમી કર્મચારીઓની સંખ્યામાં ૨૦૨૫માં ૩.૯ ટકા ઘટાડો થયો છે. હીટિંગ, વેન્ટિલેશન, એર કન્ડીશનીંગ અને રેફ્રિજરેશન ઉદ્યોગમાં કાર્યરત કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, કેઆરએન એચનીએસી પ્રોડક્ટ્સે ૩૧ મે, ૨૦૨૫થી અમલી નીમરાના, અલવર, રાજસ્થાન સ્થિત તેની નવી ઉત્પાદન સુવિધામાં વ્યાપારી ઉત્પાદન અને કામગીરી શરૂ કરી છે, જેનાથી તેની ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ થશે.

મિશ્ર વૈશ્વિક સંકેતો, ભૂરાજકીય મુદ્દાઓ અને નબળા ડોલરના નેતૃત્વમાં અસ્થિર ચલણ બજાર વચ્ચે સ્થાનિક બજાર નકારાત્મક વલણમાં રહ્યું.

રિયલ એસ્ટેટ શેરો સિવાય, આરબીઆઇ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓથી તમામ ક્ષેત્રોમાં પ્રોફિટ બુકિંગ સ્પષ્ટ છે. સારી કમાણી વૃદ્ધિ અને પ્રીમિયમ મૂલ્યાંકનમાં મધ્યસ્થતાને કારણે લાર્જકેપ શેરો કરતાં, મિડકેપ અને સ્મોલકેપ શેરો પ્રમાણમાં ઓછા કોન્સોલિડેશનનો અનુભવ કરી રહ્યા છે. જ્યારે ટૂંકા ગાળાનું કોન્સોલિડેશન ચાલુ રહેવાની શક્યતા છે, ત્યારે મજબૂત સ્થાનિક ખેલાડીઓ બાહ્ય અસ્થિરતા સામે આઉટપર્ફોર્મન્સ આપશે એવો અંદાજ, જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે વ્યક્ત કર્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૨,૫૮૯.૪૭ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર વેચ્યા હતા. ભૌગોલિક રાજકીય તણાવ અને વેપાર સોદાઓ પર અનિશ્ચિતતા જેવા નબળા વૈશ્વિક સંકેતો સાથે ચાલુ વિદેશી ભંડોળનો પ્રવાહ બજારો પર દબાણ વધારી રહ્યો હોવાનું રેલિગેર બ્રોકિંગના રિસર્ચ એસવીપી અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચા મથાળે બંધ થયો હતો.

દક્ષિણ કોરિયન બજારો બંધ રહ્યા હતા. યુરોપિયન બજારો નીચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા.

ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૮ ટકા વધીને ૬૪.૮૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સોમવારે ઇન્ટ્રા-ડે ટ્રેડમાં ૭૯૬.૭૫ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકા ઘટીને ૮૦,૬૫૪.૨૬ પર પહોંચ્યા પછી, ૩૦ શેરોવાળા સેન્સેક્સમાં અસ્થિર વલણ જોવા મળ્યું અને બાદમાં ૭૭.૨૬ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા ઘટીને ૮૧,૩૭૩.૭૫ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૩૪.૧૦ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૨૪,૭૧૬.૬૦ પર બંધ થયો હતો.

# ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ગબડીને ૮૫.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં જોવા મળેલા સાધારણ ઘટાડા અને આવતીકાલથી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની શરૂ થઈ રહેલી ત્રણ દિવસીય નીતિવિષયક બેઠકને ધ્યાનમાં લેતા ટ્રેડરોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી રૂપિયાને થોડાઘણાં અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૩૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૫૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૧ અને ઉપરમાં ૮૫.૪૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે બાવીસ પૈસાના ઘટાડા સાથે ૮૫.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો ૧૬ પૈસાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા-ચીન વચ્ચે વેપારના મુદ્દે તણાવની સ્થિતિ તેમ જ રશિયા-યુક્રેન વચ્ચેના ભૂરાજકીય તણાવ ઉપરાંત અમેરિકાના જોબ ડેટા તથા ફેક્ટરી ઓર્ડરના ડેટા પર બજારની નજર હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૨૦થી ૮૫.૯૦ની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

# ખાંડમાં સાધારણ નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦ના મથાળે થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૧૨થી ૩૯૮૬માં થયા હતા

# જીઆઇએ એલજીડીના ગ્રેડિંગ માટે પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ બંધ કરશે

મુંબઇ: રત્નશાસ્ત્રમાં વિશ્વની અગ્રણી સંસ્થા પરંપરાગત ફોર સી સિસ્ટમ છોડીને પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવતા હીરા ગ્રેડિંગને પુનઃ વ્યાખ્યાયિત કરી, કુદરતી હીરા અને માનવસર્જિત હીરા વચ્ચે વધતા વિભાજનને વધુ સ્પષ્ટ ઓળખી શકાય એવું સ્વરૂપ આપવા જઇ રહી છે. વર્લ્ડ ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝમાં અસરકર્તા એક અત્યંત મહત્ત્વના નિર્ણયમાં, જેમોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ અમેરિકાએ પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલા હીરા માટે તેની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ગ્રેડિંગ સિસ્ટમ ફોર-સીનો ઉપયોગ બંધ કરી, તેના બદલે, આ વર્ષના અંતથી, સબમિટ થયેલા એલજીડીને પ્રીમિયમ અથવા સ્ટાન્ડર્ડ તરીકે વર્ગીકૃત કરવાનો અને જો ગુણવત્તા નબળી હોય તો કોઈ ગ્રેડ ના આપવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણય સંદર્ભે જેજીઇપીસીના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે, આ ફેરફાર ગ્રાહકો માટે વધુ પારદર્શિતા લાવે છે. ભારત માટે કુદરતી અને પ્રયોગશાળામાં તૈયાર થતાં હીરા બંને માટે અગ્રણી કેન્દ્ર તરીકે, આ ફેરફાર બજારમાં ખૂબ જ જરૂરી સ્પષ્ટતા અને સંતુલન લાવે છે. જ્યારે આ અંગે ડીબિઅર્સ ઇન્ડિયાના એમડી કહે છે કે, આ એક સમયસરનું અને મહત્વપૂર્ણ પગલું છે જે ગ્રાહકો માટે ખૂબ જ જરૂરી સ્પષ્ટતા લાવે છે. તે કુદરતી હીરા અને પ્રયોગશાળામાં ઉગાડવામાં આવતા હીરા વચ્ચેના મૂળભૂત તફાવતોને મજબૂત બનાવે છે. લાઇટબોક્સના ડાયરેક્ટ ટુ કન્ઝ્યુમર રિટેલ કામગીરીના તાજેતરના બંધ થવાથી આપણે વૈશ્વિક સ્તરે ફેરફાર જોવા મળ્યા છે.

## સિટી ન્યૂઝ

# રાઉત હોય ત્યારે ઉદ્ધવને દુશ્મનની જરૂર નથી: ગિરીશ મહાજન

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉત પર આકરા પ્રહાર કરતા ભાજપના સિનિયર મિનિસ્ટર ગિરીશ મહાજને મંગળવારે તેમને 'દલાલ' અને ઉદ્ધવ ઠાકરેના રાજકીય દુશ્મન ગણાવ્યા, જે પાર્ટીના સંગઠનને હાની પહોંચાડી રહ્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અત્યંત ખાસ માનવામાં આવતા મહાજનને સંજય રાઉતે કરેલી ટીકા બાદ આવ્યો હતો.

સંજય રાઉતે કહ્યું હતું કે ભાજપ સત્તા ગુમાવશે ત્યારે મહાજન પ્રથમ નેતા હશે જે ભાજપ છોડી દેશે.

ફડણવીસની કેબિનેટમાં જળ સંસાધન વિભાગ સંભાળતા મહાજને પત્રકારોને જણાવ્યું હતું કે, 'ઉદ્ધવ ઠાકરેને તેમના પક્ષનો નાશ કરવા માટે કોઈ રાજકીય દુશ્મનની જરૂર નથી કારણ કે સંજય રાઉત આ કામ માટે પૂરતા છે.'

ઉત્તર મહારાષ્ટ્રના ભાજપના વરિષ્ઠ વિધાનસભ્યે એવો આરોપ લગાવ્યો હતો કે રાઉત જેવા 'દલાલો'એ શિવસેના (યુબીટી)ના નેતાઓ અને પાયાના કાર્યકરોને ભગાડી દીધા છે.

'જે રીતે રાઉતે ઠાકરેને શરદ પવાર અને કોંગ્રેસની નજીક ધકેલી દીધા (૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી પછી જ્યારે ભાજપ અને શિવસેના અલગ થયા હતા) તેનાથી તેમણે પોતાના પક્ષને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે,' એમ મહાજને કહ્યું હતું.

જો ઠાકરે રાઉતને અંકુશમાં રાખવામાં નિષ્ફળ ગયા તો શિવસેના (યુબીટી) તૂટી જશે, એમ તેમણે ઉમેર્યું હતું.

## સંજય રાઉતની જીભ લપસી: ગિરીશ મહાજન કાયર

આગામી થોડા દિવસોમાં ઠાકરે જૂથ ખતમ થઈ જશે, આગામી આઠ દિવસમાં તેમની પાર્ટીને મોટો ફટકો પડવાનો છે, એમ ભાજપના નેતા ગિરીશ મહાજને કહ્યું હતું. હવે શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સંજય રાઉતે ગિરીશ મહાજનની ટીકાનો જવાબ આપતી વખતે તેમની જીભ લપસી ગઈ.

સંજય રાઉતે કહ્યું હતું કે, 'મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે, અજિત પવાર, પ્રફુલ્લ પટેલ, સુનીલ તટકરે જેવા ઘણા નામોનો ઉલ્લેખ કરી શકાય છે. આ તેમનો પક્ષ છે. આજે મહારાષ્ટ્રમાં ભાજપને સૌથી ભ્રષ્ટ, વ્યભિચારી, રાષ્ટ્રવિરોધી લોકોના સંઘ તરીકે જોવામાં આવે છે. એક સમયે ભાજપ શુદ્ધ, હિન્દુત્વવાદી અને સંસ્કારી લોકોનો પક્ષ હતો. આ પક્ષનું નેતૃત્વ મનોહર જોશી, લાલકૃષ્ણ અડવાણી, વસંતરાવ ભાગવત, ભાઉસાહેબ ફૂંડકર જેવા લોકો કરતા હતા. પરંતુ આજે આ પક્ષની બાગડોર કોણ સંભાળે છે? દલાલો, ભ્રષ્ટ લોકો, કોન્ટ્રાક્ટરો પાસે તેની બાગડોર છે અને આ લોકો આપણી પાર્ટીનો નાશ કરવા માટે નીકળ્યા છે.'

# નવ વર્ષ બાદ રેન્ટ-અ-બાઈક પૉલિસી ફરી અમલમાં મૂકવાની તૈયારી

મુંબઈ: રાજ્ય સરકારે ડબ્બામાં બંધ રાખેલી રેન્ટ -અ- બાઈક પોલિસી નવ વર્ષ પછી પુનર્જીવિત કરી છે. આ નિર્ણયને નાગરિકો અને પ્રવાસીઓ તેમજ ખાસ કરીને યુવાનો દ્વારા આવકારવામાં આવે તેવી સંભાવના છે.

પરિવહન વિભાગ દ્વારા કલાકના ભાડાના દર શું હોવા જોઈએ જેવી વિગતોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને પોલિસીના મહત્વના પાસાની જાહેરાત કરી છે. ટુ-વ્હીલર્સ ભાડા પર આપવા માટે ઓપરેટરે લાઇસન્સ મેળવવું પડશે જેને માટે દર વર્ષે ૧૦૦૦ રૂપિયા ચૂકવવાના રહેશે.

યોજના માટે પાત્ર ઠરવા ઓપરેટર પાસે ભાડે આપવા માટે ઓછામાં ઓછી પાંચ બાઈક હોવી જરૂરી છે. બાઈક ઓપરેટરને સંબંધિત શહેરો અથવા જિલ્લાઓના અધિકારક્ષેત્રમાં જ બાઇક ભાડે આપવાની મંજૂરી આપવામાં આવશે, એમ રાજ્યના પરિવહન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારે ૧૯૯૭માં તૈયાર કરેલી રેન્ટ-અ-બાઈક પૉલિસી મહારાષ્ટ્રમાં કોઈ પણ પ્રકારના નિયમન કે દેખરેખ વિના લાગુ કરવામાં આવી હતી. પરિવહન વિભાગે લાઇસન્સની ચકાસણી માટે પણ કોઈ નિયમ નહોતા બનાવ્યા. આડેધડ ચાલી રહેલી સર્વિસ બેકાબૂ બની જતી અટકાવવા ૨૦૧૬ માં એક સ્ટે મૂકવામાં આવ્યો હતો, , ખાસ કરીને એવા પર્યટન સ્થળોએ જ્યાં પરિવહનના વિકલ્પો મર્યાદિત હોય છે.

પરિવહન વિભાગના વરિષ્ઠ અધિકારીએ આપેલી માહિતી અનુસાર રેન્ટ - અ - બાઈક યોજના પર રોક મુકવામાં આવી હોવા છતાં સ્થાનિક પરિવહન અધિકારીઓની મિલીભગતથી ગેરકાયદેસર રીતે કાર્યરત હતી. શુલ્કમાં વ્યાપકપણે અસમાનતા હતી અને ત્યાં કોઈ નિયમન નહોતું. આનાથી રાજ્યની તિજોરીને પણ નુકસાન થયું હતું. ગ્રાહકો માટે કોઈ ફરિયાદ નિવારણ વ્યવસ્થા નહોતી.

# ઈલેક્ટ્રીક બસના સોદામાં રૂ. ૩૧૯૧ કરોડના નુકસાનનો ખુલાસો થશે

## એમએસઆરટીસીની નાણાકીય બાબતો પર શ્વેતપત્ર પ્રસિદ્ધ કરાશે

મુંબઈ: મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ને લીઝ પર ૫૧૫૦ ઇલેક્ટ્રિક બસો હસ્તગત કરવાના સોદામાં અંદાજે રૂ. ૩૧૯૧ કરોડના નુકસાન અંગે ચિંતા વ્યક્ત કર્યાના થોડા દિવસો બાદ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે રાજ્ય સંચાલિત બસ સેવાની નાણાકીય બાબતો અંગે શ્વેતપત્ર પ્રસિદ્ધ કરવા જણાવ્યું છે. રાજ્યના નાણાં અને ઓડિટ વિભાગના અધિકારીઓને જૂનના મધ્ય સુધીમાં શ્વેતપત્ર રજૂ કરવાનું કહેવામાં આવ્યું છે.

સરનાઇકે વધુમાં જણાવ્યું હતું કે એમએસઆરટીસીની નાણાકીય બાબતો કેટલાક વર્ષોથી ચિંતાનો વિષય રહી છે. કોર્પોરેશનના અધ્યક્ષ બન્યા પછી મને આર્થિક સ્થિતિનો થોડો ખ્યાલ આવ્યો. જોકે, ઇ-બસ સોદામાં આગામી કેટલાક વર્ષોમાં રૂ. ૩,૧૯૧ કરોડના અંદાજિત નુકસાનને ધ્યાનમાં લેતા અને એમએસઆરટીસીનું સરળ સંચાલન થાય એ માટે એમએસઆરટીસીની સ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ રજૂ થવો આવશ્યક છે.

# દિલ્હીમાં બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ: મુખ્ય આરોપીની ધરપકડ

મુંબઈ: દિલ્હીમાં ચાલતા બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કરીને સાયન પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. કૉલ સેન્ટરમાંથી લોકોને કૉલ કરી તેમના ક્રેડિટ કાર્ડની લિમિટ વધારી આપવાને બહાને તેમના કાર્ડની માહિતી મેળવી લીધા બાદ તેમને ઠગવામાં આવતાં હતા. ગુના આચરવા માટે વાપરવામાં આવેલા આઠ મોબાઇલ, સિમકાર્ડ તથા ૪.૧૭ લાખની રોકડ જપ્ત કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

સાયન પોલીસે આ પ્રકરણે ધરપકડ કરેલા મુખ્ય આરોપીની ઓળખ મનજીતકુમાર મહાવીર સિંહ (૨૯) તરીકે થઇ હતી, જેને કોર્ટે ૭ જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. કૉલ સેન્ટરમાંથી તાબામાં લેવાયેલા ૧૧ જણને નોટિસ આપવામાં આવી હતી. સાયનમાં રહેનારા ફરિયાદીને અજાણી વ્યક્તિએ ૧૮ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ ફોન કરીને પોતાની ઓળખ ખાનગી બૅંકના કર્મચારી તરીકે આપી હતી. ક્રેડિટ કાર્ડની લિમિટ વધારી આપવાને બહાને તેણે ફરિયાદીના કાર્ડની માહિતી મેળવી લીધી હતી અને બાદમાં કાર્ડથી ૪.૫૪ લાખ રૂપિયા કાઢી લેવામાં આવ્યા હતા. આ પ્રકરણે સાયન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા આરોપી દિલ્હીમાં હોવાની માહિતી મળ્યા બાદ પોલીસ ટીમ ત્યાં રવાના કરાઇ હતી.


**પશ્ચિમ રેલવે**

**સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ, ટેસ્ટિંગ અને મોડિફિકેશન કામ**

ડે. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પ), પશ્ચિમ રેલવે કેરેજ રિપેર વર્કશોપ, N.M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ઈ-ટેન્ડર નોટીસ નં.: EL/WA/PL/૨૦૨૪-૨૫/૫૦ તા. ૨૯.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ: લોઅર પરેલ વર્કશોપ ખાતે પાવર કારથી પાવર પેનલ સુધી રિજનરેટિવ પાવર યુટિલાઈઝેશન સિસ્ટમનો ઉપયોગ કરીને ઓન-ગ્રીડ લોડ ટેસ્ટિંગ સુવિધાની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદા. કિંમત: રૂ. ૫૨,૯૮,૪૮૭.૧૮/- બારડી: ૧,૦૬,૦૦૦/- - ટેન્ડરની સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમય: ૨૦.૦૬.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી. ટેન્ડરની ખોલવાની તા. ૨૦.૦૬.૨૦૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0218

અમને લાઈક કરો : facebook.com/WesternRly

**TENDER NOTICE FOR REDEVELOPMENT**

"Forward Co-operative Housing Society Ltd.," invites bids from reputed developers for the redevelopment of Residential to Residential Project of their society land & building on land bearing Plot No. 325 & 326 admeasuring **1414.71 Sq. Mtr.** of Village - Dadar - Naigaon, Taluka - Mumbai situate, lying and being at Scheme No. 57, Sewri Wadala Estate at Balaram Khedekar Marg Road, Wadala (West), Mumbai - 400031 along with the "**Society's Building**" standing thereon., adjacent to 18.30 Mtrs Wide Road (**As per Plot Survey & Layout Plan**). The Blank Tender Forms may be obtained from **PMC** Office Between **Wednesday 04/06/2025** to **Tuesday, 15/07/2025** From **11:00 am** To **5:00 pm** (excluding Sundays & Public Holidays) on payment of **Non Refundable Fees** of **Rs. 20,000/-**(Rupees Twenty Thousand Only) payable in the form of **Demand Draft / Pay Order** in favor of the Society.

**PMC : M/S. PRISM CONSORTIUM**
**114 - 116, Corporate Avenue, Sonawala Road, Next to Udyog Bhawan, Goregaon (E), Mumbai - 400063.**
**Tel : 9323562151 / 9987564444**
**Email : info@prismgroup.biz / pmcbyprism@gmail.com**
**www.prismgroup.biz**

**NOTE :**
1) "**Forward CHS Ltd.**" consists of **02** building having total of **28** (Twenty Eight) Residential Units having a Total **MOFA** Carpet area of 16720.00 Sq.Ft (**1553.33 Sq.Mt**) excluding terrace and balcony area. Also, Members Carpet Area is derived from Inspection Extract.
2) Whereas **UID Sac No.** FN1008370090000 is for Plot No. 325 and **UID Sac No.** FN1008250010000 is for Plot No. 326.
3) On Plot No. 326, on 3rd floor, two flats consist of an area of **410.00 Sq. Ft.** and **830.00 Sq. Ft.** respectively, post sale and transfer of one bedroom from Flat No. 326/14 to 326/16.
4) Also the society consist of **02 garages** on both plots, Plot No 325 - One Garage is used as Society Office bearing **Sac. No.** FN1008380050000 and Plot No. 326 - Another Garage is been given under tenancy right to **Mrs. Manjula Gada** bearing **Sac. No. FN1008260070000**.
5) Also, the bidder / promoter shall add the Plot No. 326 on Assessment Bill mentioning **UID Sac No.** FN1008250010000 at his cost, expenses and consequence.
6) The bidder / promoter shall propose a Residential To Residential Redevelopment Proposal under **DCPR 2034.**
7) The **EMD** of **Rs. 5,00,000/-** (Rupees Five Lakhs Only) shall become due and payable in the Form of Demand Draft / Pay Order In Favor of the Society While Submitting the Tender.
8) Sealed Tender to be submitted from **Saturday, 26/07/2025** between **03:00** pm to **07:00** pm at Society's Office.
9) **Society Reserves Its Right To Reject / Refuse / Cancel Any / All Tenders Without Assigning Any Reason Of Whatsoever Nature.**

Sd/-
The Secretary
Place : Mumbai Date : 04/06/2025

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલ વિગતો માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં આઈટમ રેટ ધોરણે નીચેના કામ/ સપ્લાય માટે ઉત્પાદક/ અધિકૃત ડીલર/ વિતરક/ સપ્લાયર/ સેવા પ્રદાતા પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે:

| ઈ-ટેન્ડર નોટીસ | |
|---|---|
| ક્વૉટેશન નોટીસ | વિષય |
| ACPN/SR/૫૨૬/AEM ૦૨-૦૬-૨૦૨૫ | SPCL દિંડોશી બીટ નં. ૪૧ અને એક્સપ્રેસ ઝોન બીટ નં. ૪૪ મલાડ પૂર્વ નજીક SWM ચોકી ખાતે HBT માટે ત્રણ શિફ્ટમાં સુરક્ષા ગાર્ડની જોગવાઈ. |
| ઈ-ટેન્ડર વેચાણ પ્રારંભ તારીખ & સમય | ૦૪/૦૬/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી |
| ઈ-ટેન્ડર વેચાણ અંતિમ તારીખ & સમય | ૧૧/૦૬/૨૦૨૫ બ. ૦૨.૦૦ ક. સુધી |
| વાણિજિય ખોલવાની તારીખ & સમય | ૧૨/૦૬/૨૦૨૫ સ. ૧૦.૦૦ ક. |
| વેબસાઈટ | https://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ | A.E. (મેઈન્ટ) P/નોર્થ વોર્ડ |
| A) નામ | શ્રી. રોહન ખરાત |
| B) ઓફિસનો ટેલિફોન નં. | (૦૨૨) ૨૮૮૨૩૨૬૬ |
| C) મોબાઈલ નં. | (૦૨૨) ૨૮૮૨૩૨૬૬, ૨૮૮૨૪૯૧૩ |

ટેન્ડર દસ્તાવેજ ''ટેન્ડર'' સેક્શન હેઠળ BMC વેબસાઈટ https://portal.mcgm.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
PRO/569/ADV./2025-26 આસીસ્ટન્ટ કમિશનર, P/નોર્થ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નં. ચી.એન્જિ./M&E/૧૪૧૩ ૦૩.૦૬.૨૦૨૫ના

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન લાયક બિડરો પાસેથી ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામો માટે ઈ-ટેન્ડર મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ''ટેન્ડર'' સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં જણાવેલ છે.

| | |
|---|---|
| વિભાગ : | ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ) |
| પેટા વિભાગ : | એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) કન્સ્ટ્રક્શન |
| વિષય : | ૧) મ્યુનિસિપલ હેડ ઓફિસની વિવિધ વિસ્તારો ખાતે સ્થાપિત ઈલેક્ટ્રિકલ માટે સુરક્ષા પ્રોટેક્શનનું કામ. ૨૦૨૫_MCGM_૧૧૮૬૧૬૬_૧<br>૨) ડૉ. ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, કાંદિવલી (પ)ના વિવિધ વિસ્તારમાં વિવિધ કામોનું અપગ્રેડેશન. ૨૦૨૫_MCGM_૧૧૮૬૧૮૧_૧ |
| ટેન્ડર વેચાણ : | ૧. ૦૪/૦૬/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. થી ૧૮/૦૬/૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી<br>૨. ૦૪/૦૬/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. થી ૧૧/૦૬/૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ & તારીખ | ૧. ૧૧/૦૬/૨૦૨૫ ૧૨.૦૦ ક. સુધી<br>૨. N.A. |
| લીગલ/ટ્રેડ નામ: GSTIN નં. | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન 27AAALM0042L3Z4. |
| સંપર્ક વ્યક્તિ :<br>a) નામ<br>b) ટેલિ. નં.<br>c) મોબાઈલ નંબર<br>d) ઈ-મેલ સરનામું | એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) કંસ.<br>શ્રી મનોજ વાનખેડે<br>૨૪૯૫૮૧૫૩<br>૯૬૩૭૩૪૧૦૦૪<br>eemecheiconst.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરોની વધુ વિગતો માટે **http://portal.mcgm.gov.in** ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લો.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ કરવામાં કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
PRO/579/ADV./2025-26 એક્ષિ. એન્જિ. મિકે. (E.I.) કંસ.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# મહાયુતિમાં વિખવાદ

## એકનાથ શિંદે સમક્ષ પ્રધાનોએ ફરિયાદોનો મારો ચલાવ્યો

### મહાયુતિ સરકારમાં શિવસેના અને એનસીપી વચ્ચેના મતભેદો સામે આવ્યાઃ ભંડોળ વિતરણ અંગે અજિત પવાર વિરુદ્ધ નારાજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જંગી બહુમતી સાથે સત્તામાં આવેલી મહાયુતિમાં દિવસેને દિવસે વધુને વધુ ઝઘડા થઈ રહ્યા છે. શિવસેના અને એનસીપી સતત એકબીજા સામે લડી રહ્યા છે. રાયગઢનું પાલક પ્રધાનપદ હોય કે પછી ભંડોળની ફાળવણી. શિંદે સેનાના તમામ પ્રધાનોએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સામે ફરિયાદો કરી છે. આ કારણે, શિવસેના અને એનસીપી વચ્ચેનો મતભેદ વધુ વધવાની શક્યતા છે. પરિણામે મહાયુતિ સરકારમાં વિસંવાદિતા વધે તો આગામી દિવસોમાં સરકાર સામે સંકટ સર્જાઈ શકે છે.

શિવસેનાના નેતા એકનાથ શિંદેએ સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે તેમના પક્ષના તમામ પ્રધાનોની એક બેઠક યોજી હતી. આમાં સેનાના તમામ પ્રધાનોએ નાણાં પ્રધાન અજિત પવાર સામે ફરિયાદોની યાદી વાંચી સંભળાવી હતી. પ્રધાનોએ શિંદેને એવી ફરિયાદ કરી છે કે અજિત પવાર ભંડોળ આપતા નથી અને વિકાસ કાર્યોમાં અવરોધ ઉભો કરે છે. શિવસેનાના તમામ પ્રધાનોએ અજિત પવારની કાર્યશૈલી અંગે સ્પષ્ટ શબ્દોમાં નારાજી વ્યક્ત કરી છે.

શિંદેએ સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે પાર્ટીના પ્રધાનોની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠક બે કલાક સુધી ચાલી હતી. ત્રણ પક્ષોની સરકાર હોવાથી દરેકને સમાન તકો મળે તે જરૂરી છે. વિકાસ ભંડોળ સમાન રીતે વહેંચવું જોઈએ, પરંતુ નાણા પ્રધાન અજિત પવાર પાર્ટીને મળેલા વિભાગોને પૂરતું ભંડોળ આપતા નથી. તો પછી વિકાસ કાર્ય કેવી રીતે (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈથી નાગપુર માત્ર સાત કલાકમાં

# સમૃદ્ધિ હાઈવે પાંચમી જૂને સંપૂર્ણપણે ખુલ્લો મુકાશે

મુંબઈઃ લાંબા સમયથી જેની આતુરતાથી રાહ જોવાતી હતી આખરે તેનું મુહૂર્ત આવ્યું છે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ એમએસઆરડીસી એ સમૃદ્ધિ હાઇવેના છેલ્લા તબક્કાના ઉદ્‌ઘાટન માટે શુભ સમય નક્કી કર્યો છે. મુંબઈ અને નાગપુર વચ્ચે ૭૦૧ કિમી લાંબો હાઇવે બનાવવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં તેમાંથી ૬૨૫ કિમીનો માર્ગ વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. નાગપુરથી શિરડી વચ્ચેનો ૫૨૦ કિમીનો હાઇવે ૧૧ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. બીજા તબક્કા હેઠળ શિરડીથી ભરવીર સુધીનો ૮૦ કિમીનો માર્ગ અને ત્રીજા તબક્કામાં ભરવીરથી ઇગતપુરી વચ્ચેનો ૨૫ કિમીનો માર્ગ ગયા વર્ષે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. હવે ગુરુવાર, પાંચમી જૂનના રોજ, ઇગતપુરીથી થાણે સુધીનો ૭૬ કિલોમીટરનો છેલ્લો તબક્કો વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવશે.

આ છેલ્લા તબક્કાનું બાંધકામ લગભગ એક મહિના પહેલા પૂર્ણ થઈ ગયું હતું, પરંતુ સરકાર હાઇવેનું ઉદઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરાવવા ઇચ્છતી હતી. આ કારણે, બાંધકામ પૂર્ણ થયા પછી પણ, છેલ્લા તબક્કાને વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવી રહ્યો નહોતો.

પરંતુ વડા પ્રધાનને સમય ન મળતાં આખરે સરકારે હવે તેમની (જુઓ પાનું ૪) ▶▶




PACKAGE INCLUSIONS
• Helium Ballon Ride, Diamond Bridge, Dashbashi Canyon, Monument Of Chronicles, Alphabetic Tower,Ferris Wheel, અને Ali and Nino Statue નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• Luxurious Hotels
• તમામ એન્ટ્રન્સ ફી ટૂર કોસ્ટ માં સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74


## ચોમાસાના પહેલા વરસાદે મુંબઈ જળબંબાકાર

# કરોડો રૂપિયા ખર્ચયા છતાં સમાધાનકારક રિઝલ્ટ નહીંઃ પાલિકાની કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાનાં પહેલાં જ વરસાદમાં મુંબઈને જળબંબાકાર થતા મુંબઈ મહાનગરપાલિકા બચાવી શકી નહોતી, તે માટે અતિવૃષ્ટિને જવાબદાર ગણાવીને હાથ ઉપર કરી દીધા બાદ મંગળવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ હિંદમાતા, ગાંધી માર્કેટ વિસ્તારમાં આવેલા પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લઈને આડકતરી રીતે કબૂલાત કરી હતી કે ચોમાસામાં પાણી ભરાય નહીં તે માટે કરોડો રૂપિયા ખર્ચયા બાદ પણ સમાધાનકાર રીઝલ્ટ આવ્યું નથી.

મુંબઈમાં ૨૬ મેના, ૨૦૨૫ના થયેલી અતિવૃષ્ટિ દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વધારાના પંપ બેસાડવાની સાથે જ કરોડો રૂપિયા ખર્ચીને અનેક ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી હોવા છતાં આ વિસ્તારોમાં પાણીમાં ડૂબી ગયા હતા. મુંબઈમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાઈ જતા ક્રોનિક સ્થળો પર ચોમાસા માટે ખાસ વધારાના પંપ બેસાડવામાં આવ્યા છે, જેથી વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થઈ શકે. પરંતુ ચોમાસાના પહેલા જ વરસાદમાં તમામ સિસ્ટમ નિષ્ફળ ગઈ હતી અને પરેલ, હિંદમાતા, દાદર, સાયન, કિંગ સર્કલ, ગાંધી માર્કેટ, ચુનાભટ્ટી જેવા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા.

પાલિકા કમિશનર ભૂષણ ગગારણીએ મંગળવારે હિંદમાતા, ગાંધી માર્કેટ અને સાયન વિસ્તારમાં (જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



# સસ્તામાં સોનું ખરીદવા બોલાવ્યા પછી પોલીસની રેઈડને બહાને ઠગનારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશથી આયાત કરાયેલું શુદ્ધ સોનું સસ્તી કિંમતે ખરીદવાને બહાને વેપારીને સાંતાક્રુઝમાં બોલાવ્યા પછી પોલીસની રેઇડ પડી હોવાનું બહાનું કરીને કથિત ઠગાઈ કરનારા ત્રણ આરોપીને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી પકડી પાડ્યા હતા.

બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ મોહમ્મદ મોહસીન અબુબિલાલ ચૌધરી (૩૩), તબરેઝ યુનુસ કુરેશી (૩૯) અને પ્રદીપ દાદારામ થોરાત (૩૭) તરીકે થઈ હતી. આરોપીઓનો એક સાથી ફરાર થઈ ગયો હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર બદલાપુરમાં રહેતા અને ટ્રાવેલ્સનો વ્યવસાય ધરાવતા ફરિયાદીની ઓળખ ચારમાંથી (જુઓ પાનું ૪) ▶▶


પ્રાર્થના સભા

સ્વ. શ્રી રશ્મિકાંત રમણલાલ શાહ (CA)
(૧૯૫૨-૨૦૨૫)
૩૧-૦૫-૨૦૨૫ ના રોજ અલૌકિક યાત્રા પર પ્રસ્થાન કર્યું છે.
તેમની પ્રાર્થના સભા ગુરુવાર, ૦૫-૦૬-૨૦૨૫ સાંજના રોજ ૦૫:૦૦ થી ૦૭:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.
સ્થળ
રિતુમ્બરા કોમ્પ્લેક્સ, મલિની કિશોર સંઘવી કોલેજ, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૪૯.
સ્નેહભરી યાદ માં
ભાવના આર. શાહ (પત્ની)
કરણ અને કૌશલ (પુત્રો)
દિપીકા (બહેન)
ઉદિત-ધારા, ફોરમ-અક્ષજ,
વિહાના અને પ્રક્રીત
સમસ્ત શાહ પરિવાર
આર.આર. શાહ એન્ડ એસોસિએટ્સ
સંજીવ સ્ટીલ ટ્રુસ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ઉદ્યોગપતિ
માર્ગદર્શક અને દાનશીલ વ્યક્તિત્વ
પ્રેમાળ પતિ, સંતોષકારક પિતા અને એક નમ્ર વ્યક્તિ


# ત્રણ મહિનાથી પોલીસની ઊંઘ ઉડાડી મૂકનારો ચોર આખરે મલાડમાં પકડાયો

### ગાઉન પહેરીને ઘરોમાં ચોરી કરનારા આરોપી પાસેથી ૪૧ લાખની મતા જપ્તઃ ચોરીનાં નાણાંમાંથી બિહારમાં જમીન અને મુંબઈમાં ઘર ખરીદ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લેડીઝ ગાઉન પહેરીને રાતના સમયે બારીમાંથી ફ્લેટમાં ઘૂસી ચોરી કરનારા ચોરે ત્રણ મહિનાથી પોલીસની ઊંઘ ઉડાડી મૂકી હતી. બોરીવલીથી મલાડ વચ્ચેના વિસ્તારોમાં ચોરી કરનારો આરોપી આખરે મલાડમાં ઝડપાઈ ગયો હતો. તેની પાસેથી હીરાજડિત સોનાના દાગીના સહિત ૪૧ લાખની મતા હસ્તગત કરવામાં આવી હોઈ ચોરીનાં નાણાંમાંથી તેણે બિહારમાં જમીન અને મલાડમાં ઘર ખરીદ્યું હોવાનું તપાસમાં જણાયું હતું.

મલાડ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રણજિતકુમાર ઉપેન્દ્રકુમાર સિંહ ઉર્ફે મુન્ના (૪૪) તરીકે થઈ હતી. તેની વિરુદ્ધ બોરીવલી, કાંદિવલી, મલાડ અને (જુઓ પાનું ૪) ▶▶

# બૅન્ગકોકથી લવાયેલો ૮ કરોડનો ગાંજો જપ્તઃ સુરતની મહિલા સહિત ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગે બૅન્ગકોકથી ઉચ્ચ ગુણવત્તાવાળા ગાંજાની તસ્કરીમાં સામેલ સુરતની મહિલા સહિત ત્રણ જણની મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. બૅન્ગકોકની ફ્રી ટ્રિપ અને કમિશનની લાલચમાં ગાંજાની તસ્કરી કરવા તૈયાર થઈ ગયેલી ત્રણેય મહિલા પાસેથી આઠ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરાયું હતું. ઍર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)ના અધિકારીએ જણાવ્યું હતું (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં કોરોનાનો પ્રકોપ

# આરોગ્ય વિભાગ દ્વારા એસઓપી જારી

મુંબઇઃ દેશમાં કોરોના વાયરસ વધુ ને વધુ ફેલાઈ રહ્યો છે. કોરોનાના પ્રકોપને ધ્યાનમાં રાખીને, મહારાષ્ટ્ર સરકારે એસઓપી (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર) જારી કર્યો છે. તમામ આરોગ્ય કેન્દ્રોને ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી અને ગંભીર તીવ્ર શ્વસન ચેપ ધરાવતા પાંચ ટકા દર્દીઓનું પરીક્ષણ અને તૈયારી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ આદેશ આરોગ્ય વિભાગ દ્વારા તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો, જિલ્લા પરિષદો અને જિલ્લા વહીવટીતંત્રોને જારી કરવામાં આવ્યો છે. આરોગ્ય સચિવ ડો. નિપુણ વિનાયકે (જુઓ પાનું ૪) ▶▶



નરેન્દ્ર મોદી
વડાપ્રધાન
सत्यमेव जयते
महाराष्ट्र शासन
કુશળ મહારાષ્ટ્ર,
બનાવશે વિકસિત રાષ્ટ્ર

દેવેન્દ્ર ફડણવીસ
મુખ્યમંત્રી
શિવરાજ્યભિષેક દિવસ નિમિત્તે
રાજ્યની ૧૦૧૭ આઈ.ટી.આઈમાં વ્યાખ્યાન શ્રેણીનું આયોજન
ઉદ્ઘાટન
દેવેન્દ્ર ફડણવીસ
મુખ્યમંત્રી, મહારાષ્ટ્ર
વિડિઓ દ્વારા ઓનલાઇન ઉદ્ઘાટન
શુક્રવાર, ૬ જૂન, ૨૦૨૫
સવારે ૧૦ વાગ્યે
પાંચ વિષયો પર પ્રવચન
૧ નાગરિક ફરજો અને શિષ્ટાચાર
૨ પારિવારીક મુલ્યો અને જાગૃતિ
૩ સ્વદેશી વિચારધારા અને ખ્યાલ
૪ સામાજિક સંવાદિતા
૫ પર્યાવરણની સુરક્ષા
રાષ્ટ્રના હિત માટે, મહારાષ્ટ્રના વિકાસ માટે.
સંકલ્પના
મંગલ પ્રભાત લોઢા
મંત્રી, કૌશલ્ય રોજગાર ઉદ્યોગસાહસિકતા અને નવીનતા, મહારાષ્ટ્ર
આપની સ્નેહાધીન
મનીષા વર્મા (IAS.)
વધારાના મૂખ્ય સચિવ, કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા વિભાગ

દેવેન્દ્ર ફડણવીસ
મુખ્યમંત્રી
એકનાથ શિંદે
ઉપમુખ્યમંત્રી
અજીત પવાર
ઉપમુખ્યમંત્રી
મંગલ પ્રભાત લોઢા
મંત્રી, કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નાવિન્ય
કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા વિભાગ, મહારાષ્ટ્ર સરકાર
ROC-957


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**